श्री भजनमाला.

भाग १ ला

॥ ॐ ॥

तत्सत् परमात्मने नमः .

अथ श्री भजनमाला.

ભાગ બીજો.

રચનાર મહારાજશ્રી

गरीबदासजी श्रीगुरु ईश्वररामजी

कच्छ—कुकमा.

સર્વ હરિજનોના હિતાર્થે

છપાવી પ્રગટકર્તા

ભાઈશ્રી શ્રીખોડાભાઈ રામજી.

કચ્છ—સીનોગ્રા.

સંવત્ ૧૯૬૯. સને ૧૯૧૩.

આ પુસ્તક મણિલાલ ઇચ્છારામ દેશાઇએ "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં છાપ્યું.
સાસુન બિલ્ડિંગ્સ, સર્કલ, કોટ-મુંબઈ.

પ્રસ્તાવના.

આ ભજનમાલા ગ્રંથના પ્રથમ ભાગની પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦ એક હજાર મીસ્ત્રી હરદાસ લધા, કચ્છ રહોવાળાએ છપાવી હતી. તે ખપી જતાં થોડી પ્રતો બાકી રહી છે. ઉપરાંત આ ભજનમાલા ગ્રંથનો બીજો ભાગ તૈયાર થતાં મીસ્ત્રી શ્રી ખોડાભાઈ રામજી કચ્છ સીનોગ્રાવાળાએ ઉત્સાહપૂર્વક હરિજનોના હિતાર્થે છપાવી પ્રસિદ્ધ કરેલ છે. તેનો પરિશ્રમ પરમાત્મા સફળ કરો અને સર્વદા સદ્વર્તનશીલ રહી સદ્કાર્ય તેઓ કર્તા રહે. અસ્તુ.

લી૦ કર્તા.

પ્રસ્તાવના.

આર્ય ભાઈઓ !

એમ તો આપ સારી પેઠે સમજતા હશો કે, આ જગત્ અનેક પ્રકારની વિદ્યાઓનું પૂર્ણ ભંડાર છે. તેમાં પણ સાહિત્ય અને સંગીત વિદ્યા સર્વને વિશેષ પ્રિયતમ છે. કહ્યું છે કેઃ—

साहित्यसंगीतकलाविहीनः साक्षात्पशुपुच्छविषाणहीनः ।
तृणं न खादन्नपि जीवमानस्तद्भागधेयं परमं पशूनाम् ॥ १ ॥
येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः ।
ते मृत्युलोके भुवि भारभूताः मनुष्यरूपेण मृगाश्चरंति ॥ २ ॥

ઇત્યાદિ શાસ્ત્રસિદ્ધાંતોથી એમ તો સમજાય છે કે, જ્ઞાની, ધ્યાની, યોગી, વિયોગી, રાજા, મહારાજા કેમ ન હોય, પરંતુ આ કુદરતી કાવ્યવિદ્યા અને સંગીતવિદ્યા સર્વને પ્રીય હોય છે. જેથી આ श्री भजनमाला बीजो भाग જેમાં સંગીત રીતિ મુજબ અનેક પ્રકારનાં સમયાનુસાર અનુપમ ઉત્તમ પદોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

તેમ જ પ્રથમમાં અધિકારીને "અનુકૂલ સૂચના" એ વિષય-પર સરળ રીતિથી ભાષાંતરદ્વારા એવું તો ઉત્તમ અસરકારક વ્યાખ્યાનવડે સમજાવ્યું છે કે, જે વાંચવા કિંવા સાંભળવાથી ગમે તેવા પાષાણ હૃદયના પુરુષને પણ પળભર વૈરાગ્ય ઉત્પન્ન થયા વિના રહે નહિ અને આ અસાર સંસારમાં સદ્રીતિએ ચાલવું શ્રેય સમજી, સદ્વર્તનનું અનુકરણ કરવા ઇચ્છા થાય, એ નિઃસંદેહ છે.

પ્રિય સજ્જનો! ઉક્ત ગ્રંથ ભજનમાળા પ્રથમ તથા આ બીજા ભાગના કર્તા સદ્વર્તનશીલ મહારાજશ્રી ગરીબદાસજી છે, જેઓ

આ ભારતભૂમિમાં જન્મી બાળવયથી જ વૈરાગ્યવાન્ રહી વિરક્ત થયા છે, જેથી તેમના માટે આપણે મગરૂર રહી, અભિમાન ધરાવવું ઉચિત છે.

કેમકે "સંતરૂપ ભગવંત" એ આપણી ભારતભૂમિનું કથન છે, તો ઉક્ત ગ્રંથકર્તા એક સારા સ્વદેશી મહાત્મા છે. માટે તેઓ પ્રત્યે પૂજ્યભાવ રાખવો, એ ભારતભૂમિના ભાગ્યવંત ભક્તજનોને ભૂષણરૂપ છે. અહો જ્યારે સ્વદેશ માટે પક્ષીઓ પણ પ્રેમ ધરાવે છે, ત્યારે માણસોને તેવું સ્વદેશાભિમાન હોય, તેમાં કંઈ પણ આશ્ચર્ય નથી!

એવો કોણ મૂર્ખ અજ્ઞાની હશે કે, જેને પોતાના વતન-વિષે પ્રેમ નહિ હોય. વિચારવડે જોશું તો ગમે તેવા અણસમજુ હશે, તેઓ પણ પોતાના પ્યારા સ્વદેશ માટે અભિમાન ધરાવતા જોવામાં આવશે.

ઉક્ત ભજનમાળા બીજો ભાગ છપાવી પ્રગટ કરવા મને પ્રેમથી પ્રેરણા થતાં સર્વ મુમુક્ષુ હરિજનોના હિતાર્થે છપાવવા જરૂર જાણી છે, જેથી આશા છે કે આમાં કહેલા જ્ઞાનનો સદુપયોગ કરી સદ્વર્તનથી સંસાર પાર થવા સર્વ સુજ્ઞ સજ્જનો પ્રયત્ન કરશે, જેથી મારું શ્રમ સાફલ્ય થયું સમજાશે! સુજ્ઞેષુ કિં બહુના!!!

લી॰ પ્રગટકર્તા,

મીસ્ત્રી ખોડાભાઈ રામજી

કચ્છ સીનોગ્રા.

ધન્યવાદ.

દોહા.

પ્રગટ કરન પદમાલમેં, પર્મ ધરાવત પ્રેમ;
ઉભય ભાગ એક જ કરી, કિનો જગહિત ક્ષેમ. ૧

કુંડલીયા.

ખોડાભાઈ સુજ્ઞ હે, મીસ્ત્રી કુલ મતિવંત,
નિજ ઉત્તમ આચર્ણતેં, કિય સત્ કાર્ય અનંત;
કિય સત્ કાર્ય અનંત, સંતપર પ્રેમ ધરાવે,
ભજનમાલ દ્વૈભાગ, પ્રગટ ઉત્સાહ બતાવે;
દેખી પાત્ર સુપાત્ર, સર્વદા કરત સહાઈ,
મીસ્ત્રી કુલ મતિવંત, સુજ્ઞ હે ખોડાભાઈ. ૨

લી० લેખક.

કુંડલીયા.

સોદા કીના સમજકે, જ્ઞાન ભક્તિ વૈરાગ,
ગુરુવર ઈશ્વરકી કૃપા, ઉદય હુવે બડ ભાગ;
ઉદય હુવે બડ ભાગ, શંક નહી રંચ રયાહે,
અંતર ઉદયા સૂર, તિમિર સબ દૂર ભયાહે;
કહે મેઘ યહ સત્ય, પિછાનત પર્મ પ્રમોદા,
જ્ઞાન ભક્તિ વૈરાગ, સમજકે કીના સોદા. ૧
કહેનેવાલે જગતમે, હમને લખે અનેક,
કહેણી રહેણી ધન્યહે, ગરીબદાસકી ટેક;
ગરીબદાસકી ટેક, નેક મતિ ડુલે ન જાકી,
સર્વ વ્યસનતેં રહિત, કરત નહી સમવડ તાકી;
કહે મેઘ કવિ સત્ય, પ્રગટ સદરીતિ પાલે,
હમને લખે અનેક, જગતમે કહેનેવાલે. ૨

હરિગીત.

અપરોક્ષ અનુભવ માંયે જેનું, સર્વદા મન મગ્ન છે,
કુકમા નિવાસી ગ્રંથકર્તા, ગરીબદાસ ગુણજ્ઞ છે;
ઉપકાર હરિજન હેત કીધું, એમ જે જન જાણશે,
મન મનન નિદિધ્યાસનવડે, જન મહદ્ આનંદ માણશે. ૩
જગહિત અંતરમાં ધરી, બહુ સરલ વાતો સંચરી,
ભક્તિ અને વૈરાગ્યથી, સદ્ શાસ્ત્ર આશય અનુસરી;
અધિકારીને અનુકૂલ જેમાં, અનોપમ અનુરાગ છે,
શ્રીભજનમાળા ગ્રંથનો આ, સરસ બીજો ભાગ છે. ૪

લી૦ શુભેચ્છક,

મીસ્ત્રી ખોડાભાઈ રામજી,

કચ્છ **સીનોગ્રા.**

શ્રી ભજનમાલા બીજા ભાગની અનુક્રમણિકા.

રાગ બનજારો.

રાગ આસાવરી.

રાગ પ્રભાત.

આત્મજ્ઞાન વિષે—રાગ ચાબખા.

॥ ॐ ॥

(भूमिका)

અધિકારીને અનુકૂલ સૂચના !!!

લોકમત તથા વેદમત અને આપણાં પોતાના અનુભવથી ખરૂં વિચારી જોતાં, આ સંસારમાં માતા પિતા સ્ત્રી પુત્ર બંધુ સુહૃદ્ સગાવાહલા સર્વનો સંબંધ કેવલ સ્વાર્થરચિત વટેમાર્ગુના જેવો છે, કારણ કે ક્ષણ પછી સૌ પોતપોતાને રસ્તે જુદા પડવાના છે. પરલોકમાં કોઈ પણ સાથે ચાલવાનું નથી. માટે વિવેકી પુરુષોએ એવા મિથ્યા સંબંધમાં મોહ ન બાંધી સદ્ગુરુદ્વારા આત્મજ્ઞાન સંપાદન કરી જન્મમૃત્યુરૂપી સંસારમાયાથી પોતાના આત્માનો ઉદ્ધાર કરવા પ્રયત્ન કરવો. એ જ મુખ્ય કર્તવ્ય છે. કારણ કે આવો ઉત્તમ અધિકાર મળવા છતાં તેનું મહત્વ ન જાણી અને વિષયભોગમાં વ્યર્થ ગુમાવી દેવો. એ કરતાં બીજી મોટી ભૂલ કઇ? (અર્થાત્ એ જ મોટી ભૂલ છે.) તે વિષે પ્રમાણ.

श्लोक—अधिकारं परं प्राप्तो नोपकारं करोति यः ।
अधिकारस्य प्राप्तौ हि धिक्कार स्तस्य तिष्ठति ॥

આવો ઉત્તમ અધિકાર પ્રાપ્ત થયા છતાં જેણે આત્મોપકાર ન કર્યો તો તેની અધિકારની પ્રાપ્તિ વિશે ખરેખર ધિક્કાર છે, માટે જીજ્ઞાસુઓને અવશ્ય વિચારવું. કારણ કે આ મનુષ્યદેહ વારંવાર મળવાનો નથી, તે વિષે "વૃદ્ધચાણાક્ય"માં કહ્યું છે કેઃ—

श्लोक—पुनर्वित्तं पुनर्मित्रं, पुनर्भार्या पुनर्मही।
एतत् सर्वं पुनर्लभ्यं, न शरीरं पुनःपुनः॥

"પૈસો, મિત્ર, સ્ત્રી, તેજ પ્રમાણે મહી કેતાં જમીન (રાજ્ય)એ સર્વે નાશ પામ્યા હોય તોપણ ફરીથી મળશે. પણ આ મનુષ્ય શરીરનો નાશ થયો તો ફરી મળવાનું જ નથી." કારણ કે दुर्लभोमानुषोदेहः" (મનુષ્ય દેહ અતિ દૂર્લભ છે) તે વિષે રામાયણના ઉત્તર કાંડમાં. શ્રી રામચંદ્રજીએ સ્વમુખે કહ્યું છે કે—

चोपाई—बडे भाग मानुष तनु पावा, सुर दुर्लभ सद्ग्रंथन गावा।
साधनधाम मोक्षकर द्वारा, पाइनजे परलोक संवारा॥
दोहा—सो परन्तु दुख पावही, सिर धुनि धुनि पछिताय।
कालही कर्महि ईश्वरहि, मिथ्या दोष लगाय.॥ १॥

અર્થ—આ મનુષ્ય દેહ મોટા ભાગ્યોના યોગથી મળ્યો છે. અને તે દેવતાઓને પણ દૂર્લભ છે. એમ વેદ પુરાણ આદિ સદ્ગ્રંથો કહે છે. આ મનુષ્ય જન્મ કે, જે શુભ સાધનોનાં ધામરૂપ છે. અને મોક્ષનાં દ્વારરૂપ છે. તેને પ્રાપ્ત થઇને જેણે

પોતાના પરલોકને સુધાર્યો નથી. તે પાછળથી દુઃખ પામે છે અને માથું ધુણાવી ધુણાવીને પસ્તાય છે. અને પોતાનીજ ભૂલથી થયેલા ખરાબ ફળ માટે કાળ ઉપર કર્મ ઉપર અને ઈશ્વર ઉપર મિથ્યા દોષ લગાડે છે." વળી કયું છે કે?

चोपाई—यह तनुकर फल विषयन भाइ, स्वर्गहु स्वल्प अंत दुखदाइ।
नरतनुपाइविषयमनदेहीं, पलटि सुधाते सठ विष लेही ॥
नरतनु भव वारिधिकह बेरा, सन्मुख मरुत अनुग्रह मेरा।
कर्णधार सद्‌गुरु द्रढ नावा, दुर्लभ साज सुलभकर पावा ॥

અર્થઃ—હે ભાઇઓ! આ સર્વોત્તમ મનુષ્ય શરીરની પ્રાપ્તિ થવાનું ફળ વિષયભોગનું સુખ નથી. તેમ સ્વર્ગનું સુખ પણ નથી. કેમકે આ લોકમાં વિષયભોગનું સુખ ઓ. પરલોકમાં સ્વર્ગનું સુખ અલ્પ કાળ સુધીજ રહે છે. અને પરિણામે દુખદાઇજ નિવડે છે. જે પુરૂષ મનુષ્યશરીર પામીને વિષયોમાં મન લગાડે છે. તેઓ મૂર્ખતાથી અમૃતને બદલે વિષનું ગ્રહણ કરે છે. આ નરદેહ સંસારરૂપી સમુદ્ર તરવામાં દ્રઢ વહાણરૂપ છે. અને વળી તે મારા અનુગ્રહરૂપી અનુકુલ પવનથી પ્રેરેલું છે. જેમાં સદ્‌ગુરુરૂપી નાખુદા છે. એવો દુર્લભ સાજ સુલભ રીતીથી મળ્યો છે. છતાં.

दोहा—जो न तरे भवसागरही, नर समाज अस पाइ।
सो कृत निंदक मंदमति, आतम हन गति जाइ ॥ १ ॥

અર્થ:—જે પુરુષ આવા નર સમાજને પામીને સંસાર-સમુદ્રને તરતો નથી. તે પુરુષ મંદબુદ્ધિવાલો છે અને ઈશ્વરે કરેલા ઊપકારને નિષ્ફળ કરનારો છે. અને પોતેજ પોતાને હાથે કરી આત્મહત્યારાની ગતિને પ્રાપ્ત થાય છે?

વળી મનુષ્યદેહની દૂર્લભતા વિષે અન્ય શાસ્ત્રમાં પણ કહ્યું છે. ત્યાં

श्लोक—गायंति देवाः किल गीतकानि, धन्या हि ये भारत भूमिभागे।
स्वर्गापवर्गस्य फलार्जनाय, भवंति भूयःपुरुषाः सुरत्वात्॥१॥

અર્થ:—સ્વર્ગમાં દેવતાઓ પણ નીચે પ્રમાણે ગીત ગાય છે કે જે પુરુષ મૃત્યુલોકમાં ભરતખંડમાં ઉત્પન્ન થાય છે તે પુરુષ ધન્ય છે. કારણ કે સ્વર્ગ તથા મોક્ષના ફળને સંપાદન કરવા યોગ્ય છે. (અર્થાત્) ભરતખંડ સ્વર્ગ તથા મોક્ષને દેવાવાળો છે. ૧

માટે આવા અમૂલ્ય મનુષ્ય દેહને પામી કરી સર્વમાં આત્મારૂપે રહેલા સર્વના આધારભૂત અંતરજામી પરમાત્માની અનન્ય ભાવે ઉપાસના કરીને જન્મ મૃત્યુનાં મોટા દુ:ખમાંથી મુક્ત થાવું એજ દેહ ધરવાનું સર્વોત્તમ ફળ છે. પરંતુ ઉપાસના કહેતાં મુખેથી નામ લેવું કિંવા મોટી મોટી વાતો કરવી તેથી કંઈ ઉપાસના કરી કહેવાય નહી! જેમકે—

કોઈ એક બ્રાહ્મણ હતો. તે મિથ્યાભિમાની, દંભી, અને મૂર્ખ હતો. તે પોતે જ પોતાને બહુ ડાહ્યો માનતો હતો. તે એક દિવસ કોઈ ધનાઢ્ય યજમાનને ઘેર ગયો. તે મિથ્યા પંડિત બનેલો ત્યાં પુષ્કળ ધન પડેલું જોઇને પૂછવા લાગ્યો કે શેઠજી તમો તો મોટા કુબેર ભંડારી જેવા છો. આપે આટલું બધું ધન અહીં શા માટે રાખ્યું છે. ત્યારે તે શ્રીમાને કહ્યું કે હે મહારાજ મારો એવો વિચાર છે કે જે કોઈ ચારવેદ સંપૂર્ણ જાણતો હોય, તેને આ દ્રવ્ય સર્વે આપવું. તે સાંભળીને પેલા બ્રાહ્મણે વિચાર્યું કે આ તો ઠીક તડાકો છે. વેદ ચાર છે. તે તો હું પણ જાણું છું માટે લાવને આ પૈસા આપણે જ પાડી લઈએ. એમ વિચારી તે શ્રીમાન્ પ્રતે બોલ્યો કે જે કોઈ ચાર વેદ જાણતો હોય તેને આ દ્રવ્ય આપવાનું છે. તો શેઠજી વેદો ચાર છે એમ તો હું પણ જાણું છું. માટે ઓ શેઠજી એ ધન મને જ આપો. એ બ્રાહ્મણના આવા વચન સાંભળી તે શ્રીમાન્ ખડખડ હશી પડ્યો. કેમકે આ મિથ્યા પંડિત બનેલાને એટલું પણ ભાન નહોતું કે જે ચાર વેદ યથાર્થ અર્થ સહીત જાણે તેને આ દ્રવ્ય આપવાનું છે. પણ ખાલી વેદ ચાર છે. એમ નામ માત્ર જાણવાવાલાને દ્રવ્ય આપવાનું નથી?

તેમ આ સિદ્ધાંતમાં સમજવાનું કે પરમાત્મારૂપી સાહુકાર છે અને કૈવલ્ય મોક્ષરૂપી દ્રવ્ય છે. ને વળી વેદ શાસ્ત્રદ્વારા પોકારીને કહે છે કે, મારી પરમેશ્વરની ઉપાસના

કરવાવાલાને આ મોક્ષરૂપી દ્રવ્ય મળશે. એવું સાંભળીને મિથ્યા ઉપાસનાનું અભિમાન કરવાવાલાઓ પહેલા મૂર્ખ પંડિતની પેઠે મનમાં વિચાર કરે છે કે, ઉપાસના ભક્તિ એવું નામ અમે પણ જાણીએ છીએ અને વખત મળે છે ત્યારે મુખથી કહીએ પણ છીએ માટે મોક્ષરૂપી દ્રવ્ય અમને મળશે ? એવી આશા રાખે છે. પરંતુ એ મિથ્યાભિમાની ઉપરથી ભક્તિનો ડોળ કરવાવાલાઓ એટલું પણ સમજતા નથી કે ઉપાસના એવું નામ જાણવું કિંવા ઉપરમને મુખથી વાતો કરવી. તેથી કંઈ મોક્ષરૂપી દ્રવ્ય મળે ને પુનરાવર્તીના દુખરૂપી દરિદ્રતા જાય તેમ નથી ?

એ વિષે વિવેકચૂડામણીમાં શ્રી શંકરાચાર્યજીએ કહ્યું છે કે, न गच्छति विना पानं व्याधिरौषधनामतः ॥ (જેમ ઓશડને પીધા વિના નામ માત્ર ઉચ્ચારણ કરવાથી વ્યાધિ એટલે શરીરનો રોગ નાશ પામે નહી.) તેમ અહીં પણ ઉપાસના કે ભક્તિનું નામ માત્ર જાણવાથી યાને કથન કરવાથી કાંઈ જન્મ મૃત્યુરૂપી મોટા રોગનો નાશ થાય નહી. તે માટે શ્લોકનાં ઉત્તરાર્ધમાં કહેલ છે કે, "विना परोक्षानुभवं ब्रह्मशब्दैर्न मुच्यते" બ્રહ્મનો અપરોક્ષાનુભવ થયા વિના કેવળ શબ્દ માત્ર બોલવાથી જન્મ મૃત્યુની નિવૃત્તિ થાય નહી, પરંતુ સાચા વિશુદ્ધ મનથી અનન્યભાવવડે સર્વ પ્રપંચનો ત્યાગ કરી કેવળ એક

પરમાત્માનું ચિંતન કરવા વાલાને શ્રીમદ્દગીતાજીમાં શ્રીકૃષ્ણ પરમાત્માએ યોગક્ષેમની પ્રાપ્તિ કહી છે. તે

श्लोक—अनन्याश्चितयन्तोमां ये जनाः पर्युपासते ।
तेषां नित्याभियुक्तानां, योगक्षेमं वहाम्यहम् ॥

અર્થ:—જે પુરુષ અનન્ય થઇને કેવળ મારુંજ ચિંતન કરતાં સર્વ પ્રકારે મનેજ ભજે છે તેવા નિત્ય ચિત રાખનારા પુરુષોનું યોગ કહેતા ધનાદિ તથા મારી પ્રાપ્તિ અને ક્ષેમ કહેતાં ધનાદિનું રક્ષણ તથા અપુનરાવર્તિને હું પ્રાપ્ત કરું છું. માટે અનેકની ઉપાસના મુકી અને જુદા જુદા વ્યવહાર મુકી કેવળ જે એક પરમાત્માની ઉપાસના કરે છે. તે અનન્ય કહેવાય છે?

તે ઉપર એક કથા છે. જેમકે—

કોઇ એક વિદ્વાન્ બ્રાહ્મણ હતો. તે પોતે દરિદ્ર હોવાથી ભિક્ષાવૃત્તિ કરી પોતાના કુટંબનું પોષણ કરતો હતો. પરંતુ તે વિષ્ણુ ભગવાનનો ઉપાસક હતો. છેવટ તે ભિક્ષાવૃત્તિ કરતાં બહુ ગ્લાની પામતો તથાપી કુટુંબ પોષણ કર્યા વિના ચાલે નહી તેમ લોકવ્યવહારમાં પણ રહેવું જોઇએ, એટલાજ માટે ભિક્ષાવૃત્તિ કરવા ફરજ પડતી. એક દીવસ શ્રીમદ્ભગવદ્ગીતાનો પાઠ કરતાં કરતાં ઉપરોક્ત શ્લોક તેના વાંચવામાં આવ્યો અર્થનો વિચાર કરતાં તેણે માન્યું કે આ શ્લોક ગીતામાં નકામો છે. કારણ કે પરમાત્મા તેમાં કયા પ્રમાણે કરતા નથી? હું નિરંતર

તેની ઉપાસના કરૂં છું. તેનુંજ રૂપ થઈ રહ્યો છું તથાપી તે મારો યોગક્ષેમ કરતા નથી. માટે એ શ્લોક ઉપર હરતાલ લગાડીને ગીતાજીમાંથી કહાડી નાખવો જોઇએ. એવો નિશ્ચય કરીને તેની ઉપર હરતાલ લગાડી. વળી બીજે દિવસે પણ પાછો પાઠ કરતી વખતે પૂર્વની પેઠે જેવો ને તેવોજ તે શ્લોક જોવામાં આવ્યો પણ હરતાલ જોવામાં આવી નહી તેથી તે બ્રાહ્મણ સંશયમાં તો પડ્યો તથાપી પોતાની ભૂલ થઈ હશે. એમ જાણી ફ્રીથી તે શ્લોક ઉપર હરતાલ લગાડી છતાં ત્રીજે દિવસે પણ તેવોને તેવોજ તે શ્લોક જોવામાં આવ્યો. અને હરતાલ તો કયાંથી પણ તેનું લેશ માત્ર નિશાન પણ જોવામાં આવ્યું નહી તેથી તે બ્રહ્મદેવ ઘણા વિચારમાં ગુંચવાઈ ગયા. કે હું આ શ્લોક ઉપર બે દિવસ થયા હરતાલ લગાડું છું. તથાપી તે હરતાલનો અંશ પણ જોવામાં આવતો નથી. તેનું કારણ શું. એવા વિચારમાં મહારાજ તો મૂઢ બની બેઠા છે. દરમ્યાન અચાનક કોઈ સંત આવી ચડ્યા. તેમણે બ્રહ્મદેવની આવી સ્થિતી જોઈ પૂછ્યું કે હે બ્રહ્મદેવ? આપ કંઇ મોટી ચીંતામાં ઉતર્યા હો, એમ જણાય છે. માટે કહો કે શું છે?

એટલે તે બ્રાહ્મણ બોલ્યો કે હે સાધુ હું નિરંતર વિષ્ણુ ભગવાનની ઉપાસના કરૂં છું. તથાપી મારો યોગક્ષેમ ભગવાન નિભાવતા નથી. માટે ભગવદ્નું વચન મિથ્યા છે. એમ માની આજે બે દિવસથી નિત્ય આ શ્લોક ઉપર હું હરતાલ લગાડું

છું. પરંતુ તે હરતાલ પાછી કયાં જાય છે. તે જાણવામાં આવતું નથી. જેથી હું તેના વિચારમાં તલ્લીન છું, તે બ્રાહ્મણનું આવું વચન સાંભળી સાધુએ કહ્યું કે હે બ્રાહ્મણ જો પોતાનું વચન મિથ્યા હોય તો તેની ઉપર ભગવાન હરતાલ રહેવા દે પણ પોતાનું વાકય મિથ્યા નથી. તો પછી ભગવાન તે શ્લોક ઉપર હરતાલ કેમ રહેવા દે ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે હે સાધુ? ત્યારે ભગવાન્ મારો યોગક્ષેમ કેમ નથી નિભાવતા? ત્યારે સાધુએ કહ્યું કે તું તે શ્લોકમાં કહ્યા પ્રમાણે વર્તતો નહી હોય બ્રાહ્મણ કહે કેમ નથી વર્તતો? સાધુ—તું ભગવાનની ઉપાસના કરે છે. વળી ભિક્ષાવૃત્તિ પણ કરે છે. અને અહીં તો અનન્ય થઇ ચિંતન કરતા અને ઉપાસના કરતા પુરુષોનો યોગક્ષેમ હું નિભાવું છું. એમ કહ્યું છે. માટે તું અનન્ય થઈ ચિંતન કરતો નથી. વખતે ચિંતન કરે છે. અને અન્ય સમયમાં ભિક્ષાવૃત્તિ પણ કરે છે, જો કેવળ ભગવાન ઉપર ભરોસો રાખી અન્ય સર્વ વહેવાર મુકી સર્વદા તેનીજ ઉપાસના કરે તો ભગવાન તારો યોગક્ષેમ નિભાવે ને તેનું વચન પણ સત્ય થાય? તે સાધુનાં આવા વચન સાંભળી બ્રાહ્મણે નિશ્ચય કર્યો કે આપણે હવેથી ભિક્ષાવૃત્તિ આદિ સર્વ વ્યવહાર મુકી કેવળ ભગવાન ઉપરજ ભરોસો રાખવો." પછી તે ભિક્ષાવૃત્તિ વગેરે સર્વ વ્યવહાર મૂકી સર્વદા ભગવાનનું ચિંતન કરવા લાગ્યો. જેમ તેમ કરતા એક વર્ષ તો ગાડું ચલાવ્યું પણ એક વખત તેને તથા તેના કુટંબને એક બે

અને ત્રણ દિવસ લગી ખાવા અન્ન મળ્યું નહિ. કારણ કે, "ભીખનાં હાંડલાં શીકે ચડે નહિ." એ કહેવત પ્રમાણેજ તે બ્રાહ્મણના ઘરમાં બન્યું તેને ત્યાં રોજ આવતું ને રોજ ખવાઈ જતું હતું. બીજા દિવસ માટે થોડું પણ સંગ્રહ થતું નહિ. જેથી તેને અન્ન વગર કડાકા થયા તોપણ બ્રાહ્મણની શ્રદ્ધા ડોલાયમાન થઇ નહિ. ત્યારે ભગવતે વિચાર્યું કે હવે આ વિપ્ર ખરા નિશ્ચયપર આવ્યો છે. એ સર્વ વહેવાર મુકી અનન્ય થઈ કેવળ મારું ચિંતન કરે છે. માટે હવે એનું યોગક્ષેમ નિભાવ્યા વિના છુટકો નથી. તથાપિ તેની ક્ષુધાને કસવા માટે થોડો વખત થંભી રહ્યા ? ત્રણ દિવસ ભૂખના કડાકા થવાથી તેનું કુટુંબ બહુ દુઃખી થવા લાગ્યું. ત્યારે એની સ્ત્રી આવી તરફોડા કરવા લાગી કે એ શાસ્ત્રનાં પોથાં મુકી કોઈ ગ્રહસ્થને યાચો તો આ છોકરા રડતા રહે. છોકરાઓ ખાઉં ખાઉં કરી બરાડા પાડી રડવા લાગ્યા. આમ તેઓના અતિ આક્રંદથી કંટાળી બ્રાહ્મણે વિચાર્યું કે, અહીંથી ચાલ્યો જાઉં તો આ જંજાલ મટે એમ વિચારી તે એકદમ ચાલ્યો ગયો. ચાલતાં વિચાર કરવા લાગ્યો કે, પરમાત્માએ એ વચન વૃથા જ વદેલું છે નહી તો હવે મારી ઉપાસનામાં શું ઉણપ છે. જેથી મારો યોગક્ષેમ નિભાવતા નથી, વળી વિચાર કર્યો કે, તેમ તો હોય નહી. પણ મારામાં હજી કંઇક ન્યૂનતા હશે. આમ વિચારમાં ને વિચારમાં તે એક ગુફામાં જઇ સુતો અને ધાર્યું કે જે થાય તે ખરું. તે જ

ક્ષણે શ્રી પરમાત્માએ વિચાર કીધો કે હવે આ બ્રાહ્મણ પૂર્ણ શ્રદ્ધાવાન છે, તેને વધારે કસવા જેવું કારણ નથી. એમ ધારી રાત્રિના બે પ્રહર ગયા ત્યારે તે બ્રાહ્મણના ઘરે બે માણસ પાસે પુષ્કળ દ્રવ્ય ઉપડાવી પ્રભુ પધાર્યા અને હાંક મારી કે અમુક બ્રાહ્મણનું ઘર કયું? ભૂખે મરતી તે બ્રાહ્મણની સ્ત્રી જાગ્રત તો હતી જ. તે ઉઠી બારી ઉઘાડી બોલી કે કોણ છે? ત્યારે ઈશ્વરે કહ્યું કે બારણાં ઉઘાડો તમારે નાથે આ દ્રવ્ય મોકલ્યું છે. તે લ્યો. તુરત સ્ત્રીએ બારણાં ઉઘાડી દ્રવ્ય લીધું. અને પૂછ્યું કે આપ કોણ છો ને મારા સ્વામી કયાં છે. ત્યારે પ્રભુએ કહ્યું કે મારું નામ કૃષ્ણજીવન છે. ને તમારા સ્વામી આ ગામની પૂર્વ દિશાએ આવેલી ગુફામાં સૂતા છે. થાકી ગયા છે તેથી તમો જઈ તેડી લાવો આ સમય તે સુંદરીએ હરી સામે નજર કરી તો તે સર્વાંગે શ્યામ સુંદર હતા. પણ તેના હોઠ પીળા જણાતા હતા. એટલામાં ઈશ્વરાદિ અદ્રષ્ટ થઈ ગયા. ને તે સ્ત્રીને તો દ્રવ્ય આવ્યું એટલે પગમાં જોર પણ આવ્યું અને ભૂખ પણ ભાંગી ગઈ તેથી કુટંબીયોને તેડીને સ્વામીને બોલાવી લાવી. જ્યારે તે બ્રાહ્મણ ઘેર આવ્યો, ત્યારે સ્ત્રીએ દ્રવ્ય દાતાના ગુણરૂપ કહી દેખાડ્યા. પણ તેમના હોઠ પીળા હતા. એમ સાંભળી તે બ્રાહ્મણને ભાન આવ્યું કે પરમાત્માનાં વચન ઉપર મેં હરતાલ મારી તેથી તેઓએ દર્શાવ્યું કે મારું વચન મિથ્યા નથી પણ સત્ય છે. છતાં મેં હરતાલ મારી તે દર્શાવવા હોઠ

પીળા થયા છે. તેથી તે બ્રાહ્મણને પશ્ચાત્તાપ થયો. અને તે દિવસથી પૂર્ણ પરિબ્રહ્મના નિર્ગુણ સ્વરૂપને ઉપાસિક બની રહ્યો. તાત્પર્ય કે આવી દૃઢ ઉપાસના કરવાથી જ પ્રભુ પ્રસન્ન થાય છે. એ લક્ષમાં રાખવું?

અત એવ ઉપરોક્ત દૃઢ ઉપાસના કરવી એ શ્રીગુરુ કૃપા વિના સિદ્ધ થવી મહા કઠણ છે. કારણ કે તે બ્રાહ્મણને પણ જ્યારે મહાત્મા સંત મળ્યા ત્યારે તેની કૃપાથી જ દૃઢતા થઈ ને પરમાત્માની પ્રાપ્તિ થઈ છે. માટે ગુરુકૃપાથી અસંભવ વાર્તા પણ સંભવિત થઈ શકે છે. તે વિષે.

તોટકાચાર્યનું વૃત્તાંત.

શંકરાચાર્યજીના ચાર મૂખ્ય શિષ્ય હતા. ૧ પદ્મપાદાચાર્ય. ૨ વિશ્વરૂપાચાર્ય. ૩ હસ્તામલ અને ૪ તોટકાચાર્ય. એ ચારે શિષ્યોમાં પહેલા ત્રણ શિષ્યો સારા વિદ્વાન હતા. પણ તોટકાચાર્યે વિદ્યાભ્યાસ કર્યો ન હતો. શંકરાચાર્યજી સાથે ઘણા શિષ્યો રહેતા હતા અને તેની સાથે જ વિચરતા હતા. વિચરતાં વિચરતાં જ્યાં નિવાસ કરતા ત્યાં શ્રી શંકરાચાર્યજી વેદાન્તની કથા શ્રવણ કરાવતા હતા? એક વખતે તોટકાચાર્ય શંકર સ્વામીનાં વસ્ત્ર ધોવા ગયા હતા અને વસ્ત્ર સ્વચ્છ કરતાં વિશેષ વિલંબ થયો. અહીં સભામાં સર્વ શ્રોતાઓ એકઠા થયા, અને સર્વ શિષ્યો નિત્યના નિયમ પ્રમાણે બેસી ગયા. શ્રવણનો સમય

થવા આવ્યો અને સર્વે મંગલ પાઠ કરવા તત્પર થયા. ત્યારે શંકરાચાર્યજીએ કહ્યું કે, હજી તોટક આવ્યો નથી. માટે ક્ષણવાર તેની રાહ જુવો. તે સાંભળી પદ્મપાદાચાર્યે કહ્યું કે, ગુરુ મહારાજ, તોટકની શા માટે પ્રતીક્ષા કરો છો. તે કાંઈ વિદ્વાન નથી, તેમ સારી રીતે શ્રવણમાં પણ સમજતો નથી. તે સાંભળી શંકરાચાર્યજીના મનમાં થયું કે તોટક ઘણાં વર્ષ થયાં પરમશ્રદ્ધા ભક્તિથી મારી સેવા કરે છે તથાપિ અવિદ્વત્તાનું કલંક હજી તેનાપરથી ઉતર્યું નથી. તો હવે મારે એ કલંક ઉતારવું. શ્રી શંકર સ્વામીજીની આવી ઇચ્છા થતાં જ તોટકાચાર્યને યાવત્ વિદ્યા સ્વયં સ્ફુરાયમાન થઈ અને તે માર્ગમાં જ તોટક નામનો ગ્રંથ બનાવતો બનાવતો શ્રવણ સભામાં આવી પહોંચ્યો. આ વખતે તેના મુખમાંથી શ્લોકોનો શુદ્ધોચાર સાંભળી સર્વ શ્રોતાઓ આશ્ચર્ય પામ્યા. અને ત્યારથી અદ્વૈત મતમાં તોટક એવા નામથી તોટકાચાર્યની કૃતિ પ્રસિદ્ધ થઈ છે. આવી રીતે જો ગુરુકૃપા પૂર્ણ હોય તો અસંભવિત વાર્તા પણ સંભવીત થઈ શકે છે. કારણ કે, मोक्ष मूलं गुरुकृपा" મોક્ષનું મૂલ કારણ ગુરુની કૃપા જ છે. વળી શ્રુતિમાં પણ કહ્યું છે કે आचार्यवान् पुरुषो वेद આ શ્રુતિમાં ગુરુ ઉપદેશવાનને જ જ્ઞાનની પ્રાપ્તિ કહી છે. માટે જીજ્ઞાસુએ જ્ઞાન સંપાદન કરવા સારુ કેવા પુરુષને શરણે જવું અને કેવી વિધિથી જવું તે વિષે શ્રુતિ કહે છે કે, तद्विज्ञानार्थं स गुरुमेवाभिगच्छेत समि-

स्पाणिः श्रोत्रियं ब्रह्मनिष्ठ मिति ते જીજ્ઞાસુ સ્વરૂપ સાક્ષાત્કાર વિજ્ઞાનને વાસ્તે હાથમાં ભેટ લઇને શ્રોત્રિય અને બ્રહ્મનિષ્ઠ મહાત્મા ગુરુને પાસ જાય. ઇતિ.

એવા જ્ઞાની ગુરુને શરણે જઈ જ્ઞાન સંપાદન કેવી રીતે કરવું તે વિષે ગીતાજીમાં કહ્યું છે કે. "तद्विद्धि प्रणिपातेन परिप्रष्णेन सेवया उपदेश्यंति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः" તે જ્ઞાન તું જ્ઞાની ગુરુને દંડવત્ પ્રણામ કરીને તથા પ્રશ્નો કરીને તથા તેઓની સેવા કરીને સંપાદન કર અથવા તે તત્ત્વદર્શી જ્ઞાની ગુરુ તને તે જ્ઞાનનો ઉપદેશ કરશે ઇતિ. ઇત્યાદિક શ્રુતિ સ્મૃતિને અનુસરતા મહાત્મા ગુરુ કે જે સાક્ષાત્મોક્ષના દાતા છે. તેવા ગુરુને ઉપર કયા વિધિ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક શરણે જઈ હું કોણ છું. ઈશ્વર કોને કહીએ આ જગત શું વસ્તુ છે. ઈત્યાદિ પ્રશ્નો પૂછી જ્ઞાન સંપાદન કરી આ મિથ્યા સંસારરૂપી ઘટમાલામાંથી મુક્ત થાવું એ જ મનુષ્ય દેહ ધરવાનું ખરું કર્તવ્ય છે. ઇતિ.

કુવ્યસન નિવૃત્તિ.

ગુરુઃ—હે શિષ્ય ! પરસ્ત્રીનું જે સેવન છે તે પણ એક મોટું કુવ્યસન છે. તે ઉભય લોકનું વિરોધી છે. કહેતા આ લોક પરલોક બંનેથી ભ્રષ્ટ કરનાર છે. કારણ કે આ લોકમાં પરસ્ત્રી ગામીની શિષ્ટ પુરુષો નિંદા કરે છે. અને પરલોકમાં દુર્ગ-

તિની પ્રાપ્તિ થાય છે. માટે ઉભય લોકનું વિરોધી જે પરસ્ત્રીનું સેવન છે. તેનો ત્યાગ કરવો જોઇએ.

પ્રશ્નઃ—હે ગુરુજી પરસ્ત્રીની અભિલાષા કરવાથી કેવું દુઃખ થાય છે. અને આ લોકમાં પરસ્ત્રી વિષે કામના કરવાથી આગળ કોઇને દુઃખ થયું છે. તે કહો?

ઉત્તરઃ—પૂર્વે પરસ્ત્રીની કામના કરી ઘણા મોટા મોટા સત્તાવાનને દુઃખની પ્રાપ્તિ થઇ છે. તે વિષે કોકશાસ્ત્રમાં કહેલ છે કે?

लंकेस्वरो जनकजा हरणेन, वाली,तारापहारक तयाप्यथ कीचकाख्या पांचालीका गृहणतो निधनं जगाम तच्चेतसापिपरदाररर्तिनकांक्षेत् ॥

અર્થ:—હે શિષ્ય લંકેશ્વર જે રાવણ તેણે જનક પુત્રી જાનકીજીનું હરણ કરવાથી પોતાના કુલનો સત્યાનાશ કર્યો. વળી વાલી પોતાના ભાઈ સુગ્રીવની સ્ત્રી તારાનું હરણ કરવાથી નાશને પ્રાપ્ત થયો. તથા કીચક જે છે તે દ્રૌપદીનું હરણ કરવાથી નાશ પામ્યો છે. એવા અનેક મહા બળવાન અને મોટા કુટંબવાળાનો પણ નાશ થઈ ગયો, ત્યારે આજનાં તુચ્છ પ્રાણીઓનો પરાજય થાય તેમાં તો કહેવુંજ શું. માટે મનવડે પણ પરસ્ત્રી સાથે પ્રીતિ કરવી નહિ. જુવો ગૌતમઋષિની સ્ત્રી અહલ્યાનું સેવન કરવાથી ઈંદ્રના શરીરમાં શીતલા રોગની માફક સહસ્ર ભગ રોમ રોમ પ્રત્યે ઉત્પન્ન

થયાં. એવું જે અસહ્ય દુઃખ ઈંદ્રને પ્રાપ્ત થયું તે પણ પરસ્ત્રીની અભિલાષાથી જ થયું. વળી પરનારીના સંગથી આયુષનો નાશ થવાનું પણ શાસ્ત્રોમાં વર્ણવ્યું છે. તેમ જ શરીરમાં વિકલપણું ઉત્પન્ન થાય છે. જગતમાં હાસી થાય છે. નિંદા થાય છે. ધનનો નાશ થાય છે, આબરુ કમી થાય છે અને પરલોકમાં દુર્ગતિની પ્રાપ્તિ થાય છે. માટે હે સજ્જન પુરુષો! પરનારીનો સંગ કદી પણ કરવો નહી?

નાસ્તિક પ્રશ્નઃ—હે ધર્મ શાસ્ત્રવેત્તા હું વાદી તમને પુછું છું કે જે સ્ત્રીને ઉપર પતિ છે. તે પરનારી કહેવાય છે. તેનો સંગ કરવાથી પાપ લાગે છે. એમ આપનું કહેવું છે. પરંતુ જે સ્ત્રીનાં ઉપર પતિ નથી. એવી જે કન્યા વિધવા દાસી અને વેશ્યાદિક છે. તે પરનારી નથી કેવાતી માટે તેના સંગથી કંઈ પણ દોષ નથી?

ઉત્તરઃ—હે કુચાલી નાસ્તિક! મહાભારત તથા ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે સ્ત્રી ત્રણે કાલમાં સ્વતંત્ર નથી, કારણ કે કન્યા કાલમાં પોતાના નેતા પિતાને આધીન છે. જેથી કન્યા સ્વતંત્ર નથી અને જ્યારે કન્યાદાન કરી દેશે. ત્યારે કન્યા પતિને આધીન છે અને વિધવા સ્ત્રી પુત્રને આધીન છે. અથવા તેનું પુત્ર રક્ષણ કરે છે. અને તે વિધવાને જો પુત્ર ન હોય તો સસરો તથા પોતાના કુટંબીઓ રક્ષણ કરે છે. માટે હે નાસ્તિક બુદ્ધિવાલા, સ્ત્રી ત્રણે કાલમાં સ્વતંત્ર નથી. પણ ત્રણે અવસ્થામાં પરતંત્ર છે.

જેમ જંગલી હરણ, સુવર, રોઝ આદિક જાનવરોને હરકોઈ પકડે છે, તોપણ તે પકડનારને કોઈ ચોર કહે નહી. કારણ કે, જંગલી પશુ કોઇના આધીનમાં કિંવા કબજામાં નથી તથા કબજામાં રહેનાર જે ગાય, ભેંસ, હાથી, ઘોડાદિ જનાવરો, તેને પકડનાર ચોર છે અને તે દંડને લાયક છે. તેમ પરાધીન સ્ત્રીનો સંગ કરનાર પણ અધર્મી છે; માટે તે દંડને પાત્ર છે.

વળી જે દાસી છે, તે પણ પરતંત્ર છે. કેમકે તે જેને ઘેર દાસી થઈ રહી છે, તે તેનો સ્વામી છે. માટે કન્યા, સધવા, વિધવા યાને દાસી આદિ સર્વે પરસ્ત્રી છે. કહ્યું છે કે, तच्चेतसापि परदाररतिं न कांक्षेत्. જ્યારે મનવડે કરીને પણ પરનારી વિષે પ્રીતિનો નિષેધ કર્યો છે, તો જે પુરુષ વચનથી તથા કાયાથી, પરનારીનો સંગ કરે છે, તે નિશ્ચયપૂર્વક નર્કનો અધિકારી થાય છે.

પ્રશ્નઃ—પરસ્ત્રીના સંગથી આટલું પાપ લાગે છે, જેથી તેનો સંગ કરવો નહી, એમ કયા શાસ્ત્રમાં કહ્યું છે?

ઉત્તરઃ—ધર્મશાસ્ત્રમાં કહ્યું છે કે स्वदारनियतः सदा "સદા પોતાની સ્ત્રીમાં જ નિયમવાળા થવું."

પ્રશ્નઃ—એ ધર્મશાસ્ત્રવિષે તો પોતાની નારીમાં નિયમ રાખવાનું કહ્યું છે. પરંતુ પરનારીનો નિષેધ તો નથી જણાવ્યો, માટે તેનું કેમ?

ઉત્તરઃ—જેમ કોઈ વ્રત રાખનારાને કહ્યું કે, તુ દૂધપાન કરતો રહેજે. એમ કહેવાથી બીજા પદાર્થ ખાવાનો પોતાના અર્થથી જ નિષેધ થઈ ગયો.

પ્રશ્ન—પરસ્ત્રી વિષે વીર્યપાત કરવાથી આવું પાપ લાગે છે, એવું જો ધર્મશાસ્ત્રમાં સ્પષ્ટ રીતે કહેલ હોય તો હું સત્ય પ્રમાણ માનું.

ઉત્તરઃ—અરે વાદી! તું અધર્મ વિષે શા માટે કમર બાંધે છે? પરનારીના નિષેધવિષે એક તો શું, પણ અનેક શ્રુતિ સ્મૃતિ પુરાણાદિકોનાં વચન પ્રમાણ છે, તે સાંભળ.

परयोनौ पतिते बिंदौ कोटिपूजा विनश्यति।
जपहानिस्तपोहानिर्ब्रह्महत्या पदे पदे ॥ १ ॥

અર્થઃ—પરસ્ત્રીની યોનિવિષે વીર્યબિંદુ પાડવાથી કોટિ પૂજાનો નાશ થાય છે. અથવા ક્રોડવાર કરેલી ભગવદ્‌પૂજા નિષ્ફળ થાય છે તથા જપની હાનિ થાય છે. અર્થાત્ રામમંત્ર ગાયત્રી આદિકનો કરેલ જાપ નિષ્ફલ થઈ જાય છે તથા કોટિ કોટિ તિર્થોનાં ફલ નાશ થાય છે. તે અધર્મી પોતાને ઘરેથી જ્યારે પરનારીનો સંગ કરવા જાય છે ત્યારે તે પુરુષને પગલે પગલે બ્રહ્મહત્યા લાગે છે. અર્થાત્ જેટલાં પગલાં ભરે છે, તેટલી બ્રહ્મહત્યા લાગે છે.

વળી 'દત્તગીતા' વિષે કહ્યું છે કે—

मद्यपाने महापापं नारीसंगे तथैव च।
तस्माद्द्वंद्वं परित्यज्य न तेऽघनरकं व्रजेत्॥

અર્થઃ—જેમ મદિરાપાન કરવાથી મહા પાપ થાય છે, તેમ પરનારીના સંગથી પણ મહા પાપ લાગે છે. માટે મદિરા

તથા પરનારી એ બેનો ત્યાગ કરીને, હે યતિ! હવે તુંને પાપરૂપ નર્ક નથી. એ બેનું સેવન કરવાથી જ નર્ક મળે છે. વળી હે નાસ્તિક! ભાગવતના પંચમસ્કંધના છવીસમા અધ્યાયમાં અઠ્ઠાવીસ નર્કોનું વર્ણન કર્યું છે. ત્યાં એવું લખ્યું છે કે, જે પુરુષ પરનારીનું ગમન કરે છે, અથવા જે નારી પરપુરુષ સાથે ભોગ કરે છે, તે બન્ને જણ તપ્તસૂર્મી નામના નરકમાં પડે છે.

વાદી–પ્રશ્ન:–હે સિદ્ધાંતી! તમે સર્વ ઠેકાણે ભોગ કરવાનો નિષેધ કર્યો અને દોષો બતાવ્યા, પણ અમે રંડીબાજોને વેશ્યા નિર્દોષ જોવામાં આવે છે. માટે તેના સંગથી દોષ કે પાપ કંઈ નહિ લાગે. કારણ કે તમારા "સ્કંદપુરાણ"માં એમ લખે છે કે, વેશ્યા પંચચૂડા નામની વેશ્યાનો પરિવાર છે. માટે વેશ્યા એ પાંચમી જાતિ છે ને વેશ્યાની જીવિકા પણ પરપુરુષના સંગથી ચાલે છે. વળી વેશ્યાની દુકાન સર્વ પુરુષોના ભોગ વાસ્તે જ છે, જેથી વેશ્યાના સંગથી કંઈ પણ દોષ નથી?

સિદ્ધાંતી–ઉત્તર:–અરે કુમાર્ગગામી નાસ્તિક! એમાં અદ્રષ્ટનો દોષ છે. ધર્મશાસ્ત્રોમાં લખ્યું છે કે, "पशुवेश्याभिगमने प्राजापत्यं विधियते" પશુ તથા વેશ્યાસાથે ગમન કરવાવાળો પુરુષ પ્રાજાપત્ય વ્રતને કરે ત્યારે તેનો દોષ મટે છે. માટે જો દોષ ન હોય તો પ્રાજાપત્ય વ્રત કરવાથી દોષ મટે, એ શાવાસ્તે કહે. વાસ્તે વેશ્યાનો સંગ પણ ઉભયલોકથી ભ્રષ્ટ કરનાર છે.

હે શિષ્ય! આ દુષ્ટ કર્મોની નિંદારૂપ જે શિક્ષા છે, તે ઉત્તમ અધિકારી દેવબુદ્ધિવાળા હરિભક્તોને તો અમૃતસમાન પ્રિય લાગશે. પણ જે હરિગુરુથી વિમુખ, કુકર્મી, અન્યાયી, અધર્મી, દુષ્ટાચારી તથા કુમાર્ગગામી છે, તેવા મનુષ્યને તો આ ઉત્તમ શિક્ષા વિષવત્ અપ્રિય લાગશે.

પ્રશ્નઃ—હે ગુરુ મહારાજ! મેં આ લોકમાં એક મોટો અચંબો જોયો છે. કારણ કે તમાકુ, ગાંજો, ભાંગ અને અફીણ એ ચાર વ્યસનો ઘણા લોકો કરે છે. કોઈ તમાકુ પીએ છે, કોઈ ખાય છે, કોઈ સુંઘે છે, કોઈ ગાંજો પીએ છે, કોઈ ભાંગનો ભોગ લગાડે છે, તો કોઈ અફીણમાં અલમસ્ત રહે છે. એ રીતે ઉક્ત ચાર વ્યસનોમાં સર્વ જીવો ડૂબી રહ્યા છે. તેમાં પણ જેણે ગુરુનો ઉપદેશ નથી લીધો અને જે સાધુ નથી થયા, તેવા લોકો તો કદાપિ એ વ્યસનોમાં વળગે; પરંતુ કેટલાકો ગુરુનો ઉપદેશ લઈ સાધુ બનીને પણ એ દુષ્ટ વ્યસનો મૂકતા નથી ને રાત્ર દિવસ તેમાં જ તત્પર રહે છે. તેઓ આ ચાર વ્યસનોને અને તેના સાધન ચકમક ચીપીયા સાફી આદિકોને ઠાકોર પૂજાની પેઠે સદા પાસે જ રાખે છે. માટે મને મોટું આશ્ચર્ય લાગે છે કે, શું કળિયુગ ગાંજા તમાકુનું રૂપ ધરીને આ જગતના જીવોને અભડાવવા આવેલ છે, અથવા તો મનુષ્યોને હરિથી વિમુખ કરી નરકમાં લઈ જવા સારુ આવેલ છે? માટે હે ભવસાગરથી ઉદ્ધાર કરતા સદ્ગુરુ! આ મારા સંશયને જડમૂળથી દૂર કરો.

ઉત્તરઃ—હે સન્માર્ગગામી શિષ્ય! એ જે ચાર કુવ્યસન છે, તે આ કળિયુગમાંજ પ્રગટ થયેલ છે. બીજા યુગોમાં ઋષિ, મુનિ, તપસ્વી આદિ કોઈ પણ એ વ્યસનોને કરતા નહતા. પરંતુ જ્યારથી પાંચ પાંડવ સ્વર્ગમાં ગયા અને કળિયુગ આવ્યો ત્યારથી એ સર્વ કુકર્મ ચાલુ થયાં છે. કારણ કે કળિયુગનું મન હરિગુરુથી વિમુખ કરવાનું છે. તે પ્રગટ જોવામાં આવે છે. જે પુરુષ ગાંજો તમાકુ પીએ છે, તે પુરુષ પ્રભાતમાં ઉઠી પ્રથમ ચલમ, સાફી તથા તમાકુની સેવા કરે છે અને વળી નાહી ધોઈ સ્નાન કરી આવે છે, ત્યારે પણ પ્રથમ ચલમ, તમાકુને મુખ તથા માથા સાથે લગાડીને અત્યંત પ્રીતિપૂર્વક એક ઘડીપર્યંત ચુંબન કરે છે. ત્યાર પછી લોકોના ભયથી અને પોતાની આજીવિકાને અર્થે ઠાકોરસેવા કરે છે. માટે એની ઠાકોરસેવા કરવી પણ સફળ નથી, અર્થાત્ નિષ્ફળ છે.

પ્રશ્નઃ—હે જ્ઞાન મુદ્રાધર ગુરુ! જે ગાંજો તમાકુ પીવાવાળા છે, તે શ્રી વિષ્ણુધર્મને બટ્ટો લગાડે છે. કારણ કે અત્યંત શુદ્ધ તથા સર્વ ધર્મોથી અતિ શ્રેષ્ઠ જે વિષ્ણુધર્મ છે, તેની દીક્ષા ધારણ કરી સાધુ બની, તેઓ ગાંજો તમાકુ પીવારૂપી અત્યંત નીચ કર્મ કરે છે. જેમ મુસલમાનમાં એક પ્યાલાથી સર્વે પાણી પીએ છે, તેમ ગાંજા તમાકુને પીવાવાળા પણ સર્વે મળીને મુસલમાનની પેઠે એક ચલમથી પીએ છે. તે ચલમ માટીની થાય છે. તેમાં પાણીથી ભીંજાવેલી સાફી લગાવે છે

અને પછી હોઠ લગાડી પીએ છે. હોઠનું થૂક હાથમાં લાગે છે. તેથી ચલમ ઉચ્છિષ્ટ થાય છે. તેને વળી બીજા પીએ છે. તે પીવાવાળા ન જાણે કોણ કોણ જાતિના છે. માટે સર્વનું થૂંક ચલમ પીવાવાળા પીએ છે, આવો દૃષ્ટિદોષ છે. આ તો દેખીતો દોષ છે, પણ બીજા અદ્રષ્ટ દોષને હું નથી જાણતો, માટે હે ગુરુજી ! તે આપ કહો.

ઉત્તરઃ—હે શિષ્ય ! જે ગાંજો તમાકુ પીવાવાળા છે, તે વેદ, પુરાણ ધર્મશાસ્ત્રાદિકોને માનતા નથી તથા આચાર્ય-ગુરુઓને પણ તેઓ માનતા નથી. એ તો એક પંચ માત્રાની પોથીને જ સ્વર્ગ માની બેઠા છે. તે પંચ માત્રા કોઈ પરધર્મ-વાળાએ પ્રમાણથી રહિત ભાષામાં બનાવી છે. તેને ભણવાવાળા અક્કડબાજ થઈ જાય છે અને વૈષ્ણવ ધર્મના જે "પલટપદ્ધતિ" આદિ ગ્રંથો છે, તેને તેઓ નથી ભણતા.

પ્રશ્નઃ—હે મહારાજ ! ગાંજો તમાકુ પીવાવાળાને કેવો અદ્રષ્ટ દોષ લાગે છે અને કયા શાસ્ત્રમાં કયા મહાત્માએ ગાંજો તમાકુ પીવાની મનાઈ કરી છે તે કહો.

ઉત્તરઃ—હે શિષ્ય ! સર્વ જગતના પિતા જે બ્રહ્માજી છે, તેમણે ગાંજા તમાકુ ભાંગ અફીણ એ ખાવા પીવાની મનાઈ કરી છે. સ્કંદપુરાણના છાસઠમા અધ્યાયમાં કહ્યું છે કે;—

'એક દિવસ નારદ મુનિએ બ્રહ્માજીને કહ્યું કે, મૃત્યુલોકમાં મેં એવો પાખંડ દેખ્યો છે કે, ત્યાંના લોકો સર્વે હરિભક્તિને

મૂકીને ચલમ ભક્તિને કરી રહ્યા છે. જ્યાં દેખું ત્યાં ગાંજા તમાકુના ધૂંવાડા ઉડે છે અને ભગવતને પ્રિય જે પંચાયન ધૂપ તથા અષ્ટાંગ ધૂપ તેના ધૂવાડા તો મળવા દુર્લભ છે. બાકી તમાકુને કોઈ ખાય છે, કોઈ પીએ છે તથા તુલસીપત્ર કરતાં પણ અધિક પ્રીતિ તમાકુપત્રના ખાવામાં છે. માટે તેઓની કેવી ગતિ થશે તે કહો.

ઉત્તરઃ—यस्तमाखुं पीबेत्सोऽपि स्वाश्रमान्निरये पतेत्
नारदात्र न संदेहस्सत्यं सत्यं मयोदितम् ॥

અર્થઃ—હે નારદ! જે કોઈ પુરુષ તમાકુ પીએ છે, તે નિશ્ચય કરીને પોતાના આશ્રમથી નરકમાં પડે છે. હે નારદ! એ ચાર આશ્રમવાળા તમાકુ પીવાથી નિશ્ચય નરકમાં જાય છે, એમાં સંદેહ નથી. આ હું સત્યે સત્ય કહું છું.

આટલું ચાર આશ્રમી સંબંધી કહ્યું. હવે ચાર વર્ણો સંબંધી કહું છું તે સાંભળ!

ब्राह्मणाः क्षत्रिया वैश्या शूद्राश्च मुनिसत्तम ।
श्वपचैः सदृशा ज्ञेयास्तमाखुपानमात्रतः ॥

અર્થઃ—હે નારદ! બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર વર્ણને તમાકુ પીવાથી ચાંડાલ સરખા જાણવા.

गृहस्था नैव विज्ञेयास्ते नैव ब्रह्मचारिणः ।
वानप्रस्था न ते ज्ञेया यतयो न भवंति हि ॥

અર્થઃ—જે તમાકુ પીએ, તેને ગૃહસ્થ ન ગણવો તથા બ્રહ્મચારી ન જાણવો. વળી વાનપ્રસ્થ પણ ન માનવો અને સંન્યાસી પણ ન સમજવો.

એવાં બ્રહ્માજીનાં વચન સાંભળી નારદજી બોલ્યા કે, હે પિતાજી! ત્યારે એવા પુરુષોને કેવા સમજવા, તે કહો.

ઉત્તરઃ—**धर्मभ्रष्टा हि ते ज्ञेयास्तमाखुधूम्रपानतः ।**
पतंति नरके घोरे रौरवे नात्र संशयः ॥

અર્થઃ—બ્રહ્માજી કહે છે કે, હે નારદ! તમાકુના ધૂમાડા પીવાથી એ પીવાવાળાને ધર્મભ્રષ્ટ જાણવા જોઇએ. એ ધર્મભ્રષ્ટ ઘોર એવા રૌરવ નામના નરકમાં પડે છે, એમાં સંશય નથી.

तमाखुभृंगामद्यानि, ये पिबंति नराधमाः ।
तेषां हि नरके वासो यावद्ब्रह्मा चतुर्मुखः ॥

અર્થઃ—હે નારદ! જે નર તમાકુ, ભાંગ, ગાંજો અને મદ્ય પીએ છે, તે નરોમાં નીચ છે, અને આ સૃષ્ટિમાં જ્યાં સૂધી હું ચતુર્મુખ બ્રહ્મા જીવીશ ત્યાં સૂધી એ પાપીઓનો નરકમાં વાસ થશે.

ये पिबंति तमाखुं वै लक्ष्मीर्नश्यति तद्गृहात् ।
आयात्यलक्ष्मीस्तेषां वै गुरौ भक्तिर्न संभवेत् ॥

અર્થઃ—જે મનુષ્ય તમાકુ પીએ છે, તેના ઘરમાંથી લક્ષ્મીનો નાશ થાય છે અને તેને અલક્ષ્મી આવે છે અર્થાત્

દરિદ્રતાનો વાસ તેના ઘરમાં થાય છે. વળી તમાકુ પીવાવાળાની ગુરુવિષે ભક્તિ સંભવતી નથી.

કારણકે એ તમાકુ, ગાંજાખોર પ્રથમ ચલમ ભક્તિ કરી લે છે. ત્યાર પછી ઠાકોરસેવા તથા ગુરુસેવા કરવા જાય છે અને જો કોઇએ ગાંજા કે તમાકુની ચલમ તૈયાર કરી હોય તો તુરત ગુરુ ગોવિંદની સેવાને તથા પવિત્ર ભંડારને છોડીને ચલમને ચાટવા લાગે છે તથા તે પછી સેવા ભંડાર કરે છે. અર્થાત્ ભગવતને પણ ઠગે છે. ઝાઝું શું કહીએ. એ તો નરકના જ કીડા થવાના છે. માટે પાપકર્મનો ત્યાગ કરી ભગવદ્ સંબંધી ધર્મોવિષે બુદ્ધિ કરવી જોઇએ.

ભગવદ્પૂજાવિષે વર્જિત દોષો.

ભગવદ્પૂજા કરવાનું યથાવત્ ફળ ક્યારે પ્રાપ્ત થાય કે જ્યારે સર્વ દોષોનો ત્યાગ કરી પૂજન કરે. તે દોષો "વારાહપુરાણમાં" નીચે પ્રમાણે કહેલ છેઃ—

श्लोक.

द्वात्रिंशदपराधांस्तु वर्जयित्वा प्रपूजयेत् ।
तेषां त्यागं विना पूजा वाराहे निष्फला मता ॥ १ ॥

અર્થઃ—બત્રીશ દોષોને ત્યાગીને પૂજન કરવું. તે દોષોનો ત્યાગ કર્યા વિના કરેલી પૂજા વારાહપુરાણમાં નિષ્ફળ કહી છે.

તે અપરાધ અર્થાત્ દોષોનાં નામ નીચે પ્રમાણે છે, માટે તે દોષો ત્યાગીને સર્વદા પૂજન કરવુંઃ—

૧ સ્વારી ઉપર બેસીને યા ખડાઉ પહેરીને હરિમંદિરમાં જવું નહિ.

૨ જન્માષ્ટમી, રામનવમી આદિ દિવસોમાં સેવા બંધ રાખવી નહિ.

૩ સન્મુખ ગયા વિના હરિગુરુને પ્રણામ કરવા નહિ.

૪ ઉચ્છિષ્ટ કિંવા અશુદ્ધ શરીરથી નમસ્કારાદિ કરવા નહિ.

૫ એક હાથવડે નમસ્કારાદિ કરવા નહિ.

૬ પ્રતિમાની સન્મુખ પ્રદક્ષિણા કરવી નહિ.

૭ સન્મુખ પગ પસારવા નહિ.

૮ ઢીંચણ બાંધી બેસવું નહિ.

૯ સન્મુખ સૂવું નહિ.

૧૦ સન્મુખ ભક્ષણ કરવું નહિ.

૧૧ હરિમંદિરમાં બેસી જૂઠું બોલવું નહિ.

૧૨ હરિમંદિરમાં પોકારી બોલવું નહિ.

૧૩ પ્રતિમાની સામે બેસી પૂજાપ્રસંગે કોઈ સાથે વાતો કરવી નહિ.

૧૪ સન્મુખ રુદન કરવું નહિ.

૧૫ મંદિરમાં બેસી બીજા જણની સાથે વિરોધ કરવો નહિ.

૧૬ કોઇને પણ શાપ દેવો નહિ.

૧૭ કોઇને વરદાન પણ દેવું નહિ.

૧૮ અન્યને કઠોર વચન કહેવું નહિ.

૧૯ પૂજા વખતે રજાઈ આદિક વસ્ત્ર ઓઢવું નહિ.

૨૦ પરની નિંદા કરવી નહિ.

૨૧ ભગવદ્ સિવાય બીજાની સ્તુતિ કરવી નહિ.

૨૨ અયોગ્ય ભાષણ કરવું નહિ.

૨૩ સન્મુખ અપાન વાયુ ત્યાગવો નહિ.

૨૪ સામર્થ્ય છતાં અલ્પ સેવા કરવી નહિ.

૨૫ ભગવદ્‌ને સમર્પણ કર્યા સિવાય ભોજન કરવું નહિ.

૨૬ તે તે સમયે થયેલ ફળાદિક ભોગ લગાડ્યા વિના ઉપયોગમાં લેવા નહિ.

૨૭ પ્રથમ કોઇને અન્ન આપી પછી ભોગ ધરાવવો નહિ.

૨૮ પૂઠ દઈ બેસવું નહિ.

૨૯ દેવતાની સન્મુખ બેસી બીજા જીવોને નમસ્કાર કરવા નહિ.

૩૦ ગુરુ સ્તુતિના પ્રસંગમાં મૌન રહેવું નહિ.

૩૧ પોતાની સ્તુતિ કરવી નહિ.

૩૨ બીજા દેવોની નિંદા કરવી નહિ.

એ બત્રીશ દોષોનો ત્યાગ કરી ભગવત્ પૂજા તથા ભગવદ્‌નાં યશોનું ગાયન કરવું. તે વિષે ભાગવતના પ્રથમ સ્કંધમાં કહ્યું છે કેઃ—

"तदेव शोकार्णवशोषणं नृणां यदुत्तमश्लोकयशोऽनुगीयते"

અર્થઃ—ઉત્તમ શ્લોક કહેતાં શ્રેષ્ઠયશવાળા ભગવાનનાં યશનું જે વારંવાર ગાન કરવું છે, તે પુરુષોના શોકરૂપી સમુદ્રને શોષણ કરવાવાળું છે.

અહીં યશ શબ્દ ગુણ કર્મોનો પણ ઉપલક્ષક છે. અથવા કૃષ્ણાદિક ભગવદ્ નામોનું જે વારંવાર રટન કરવું, તે પણ ભગવત્કીર્તન છે. આદિ શબ્દવડે ૐકારાદિકનું ગ્રહણ કરવું. કારણ કે ગીતાજીના ૧૭ મા અધ્યાયમાં ૐકાર ભગવાનનું નામ છે, એમ લખ્યું છે.

"ॐतत्सदिति निर्देशो ब्रह्मणस्त्रिविधः स्मृत."

અર્થઃ—ૐ તથા તત્ સત્ એ ત્રણ પ્રકારનાં બ્રહ્મનાં નામો કહ્યાં છે તથા જપનું ફળ પણ ગીતાજીના ૮ અધ્યાયમાં કહ્યું છે.

" ॐमित्येकाक्षरं ब्रह्म व्याहरन्मामनुस्मरन ।
यः प्रयाति त्यजन्देहं स याति परमां गतिम्" ॥

અર્થઃ—ૐ એ એક અક્ષર બ્રહ્મરૂપ છે. તેનું ઉચ્ચારણ કરતો થકો તથા મારું સ્મરણ કરતો થકો જે કોઈ દેહત્યાગીને જાય છે, તે ઉત્તમ ગતિને પ્રાપ્ત થાય છે.

પ્રશ્નઃ—सकृदुच्चारितं येन हरिरित्यक्षरद्वयम् ।
बद्धपरिकरस्तेन मोक्षाय गमनं प्रति ॥

અર્થઃ—હરિ એવા બે અક્ષરનું એકવાર જે ઉચ્ચારણ કરે છે, તેણે જાણે મોક્ષમાર્ગમાં ચાલવા કમર બાંધી છે.

એ સ્મૃતિમાં એકવાર નામ ઉચ્ચારણથી મોક્ષપ્રાપ્તિ કહી છે અને તમે તો વારંવાર નામ જપવાનું કહો છો. જ્યારે અલ્પ પરિશ્રમથી કાર્યસિદ્ધિ થાય ત્યારે અધિક પરિશ્રમ શા માટે કરવો?

ઉત્તરઃ—એ સ્મૃતિવાક્યથી પણ વારંવાર નામ જપવાનું સિદ્ધ થાય છે. જેમ કોઈ પુરુષ અન્ય દેશ જવા માટે કમર બાંધે, પણ જ્યારે ચાલે ત્યારે દેશની પ્રાપ્તિ થાય છે. કેવળ કમ્મર બાંધવાથી દેશની પ્રાપ્તિ થતી નથી. માટે કમર બાંધવી, એ દેશ ચાલવાની તૈયારી કરી કહેવાય, તેમ એકવાર નામ જપવું, એ પણ કમર બાંધવા જેવું છે. પણ તેથી કાંઈ મોક્ષરૂપી દેશ પ્રતિ પહોંચાય નહી. પણ માર્ગ ચાલવા સદૃશ વારંવાર નામ જપવાથી જ પહોંચે છે. જો એકવાર નામ લેવાથી સર્વ પાપોની નિવૃત્તિ થઇને મોક્ષ થતો હોય તો સર્વ મનુષ્યનો મોક્ષ થવો જોઇએ. કેમ કે સર્વ હિંદુ મુસલમાન આસ્તિક નાસ્તિક કોઇને કોઈ નિમિત્તથી એક બેવાર નામ તો લે જ છે. પણ તેમનાં અંતઃકરણો જેમનાં તેમ મલીન જ જોવામાં આવે છે. માટે એકવાર નામ લેવાથી અલ્પ પાપની નિવૃત્તિ થાય છે. પણ સર્વ પાપોની નિવૃત્તિ થતી નથી. લાંબા કાલ સૂધી જપનું અનુષ્ઠાન કરવાથી સર્વ પાપોની નિવૃત્તિ થાય છે.

પ્રશ્નઃ—સર્વ પાપોની નિવૃત્તિ થઈ છે કે નહી, એ કેમ જાણવું?

ઉત્તરઃ—નીચે પ્રમાણે ચિન્હથી જાણવું. વેદવિરુદ્ધ

કર્મમાં પ્રવૃત્તિ ન થવી અને સર્વ સંસારથી ઉપરામ થઇને ભગવાનમાં ચિત્તનું લાગવું, એ લક્ષણ જો જપ કરનારમાં જણાય તો જાણવું કે, એનાં સર્વ પાપો નિવૃત્ત થયાં છે અને જો તે લક્ષણ જપ કરનારમાં ન હોય તો જાણવું કે, હજી સર્વ પાપો નિવૃત્ત થયાં નથી. સિદ્ધાંત એ કે, પ્રીતિપૂર્વક સદૈવ ભગવન્નામ જપવું.

પ્રશ્નઃ—વારંવાર જપ કરવા વિષે કોઈ શ્રુતિ સ્મૃતિનું પ્રમાણ આપતા નથી. માટે મારા મનને ખાત્રી કેમ થાય?

ઉત્તરઃ—વારંવાર નામનો જપ કરવા વિષે એક તો શું પણ અનેક પ્રમાણો પ્રસિદ્ધ છે. તે સાંભળ! "ગર્ગસંહિતા"માં ગર્ગાચાર્યજી કહે છે કે;—

राधाकृष्णेति हे गोपा ये जपन्ति मुहुर्मुहुः ।
चतुः पदार्थः किं तेषां साक्षात् कृष्णोऽपि दृश्यते ॥

અર્થઃ—હે ગોવાળિયાઓ! રાધા કૃષ્ણ એ નામને જે પુરુષ વારંવાર જપે છે તેને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પદાર્થ કાંઈ દુર્લભ નથી. કારણ કે તેને તો સાક્ષાત્ કૃષ્ણચંદ્રજી દર્શન આપે છે.

ભાગવતના દ્વિતીયસ્કંધમાં શુકદેવજીએ પરીક્ષિત પ્રત્યે કહ્યું છે કે;—

एतन्निर्विद्यमानानामिच्छतान्तु कुतो भयम् ।
योगिनां नृप निर्णितं हरेर्नामानुकीर्तनम् ॥

અર્થઃ—હે રાજન્! નિર્ભયપદની પ્રાપ્તિની ઇચ્છાવાળા વિરક્ત યોગીઓએ મોક્ષનું સાધન એજ નિર્ણય કર્યો છે કે, હરિનામનું વારંવાર કીર્તનન કરવું. જો એકવાર નામ જપવાથી સર્વ પાપોની નિવૃત્તિ થઇને મોક્ષપદની પ્રાપ્તિ થતી હોય તો ભાગવતમાં વારંવાર પ્રભુ નામ જપવાનું શા માટે કહે અર્થાત્ ન કહે. તેમજ ઉપનિષદોમાં પણ કહ્યું છે કે;—

यदास्य षोडशकस्य सार्धत्रिकोटिं जपति तदा ब्रह्महत्यां तरति ॥

અર્થઃ—હરે રામ હરે રામ રામ રામ હરે હરે. હરે કૃષ્ણ હરે કૃષ્ણ, કૃષ્ણ કૃષ્ણ હરે હરે. આ ષોડશ નામ કહેતાં ૩૨ અક્ષરનાં મંત્રનો સાડા ત્રણ કરોડ જપ કરે ત્યારે પુરુષ બ્રહ્મહત્યાદિ પાપોથી છૂટે. ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિ તથા શાસ્ત્રના પ્રમાણોથી વારંવાર જપ કરવો, એ સિદ્ધ છે. માટે જિજ્ઞાસુએ પ્રભુનામ જપવામાં આળસ કે પ્રમાદ કરવો નહિ.

નાસ્તિકમત નિવૃત્તિ.

શિવકૃત પાશુપત તંત્રાદિક ગ્રંથોમાં દેવીની ઉપાસના વિષે બે સંપ્રદાય છેઃ—એક દક્ષિણ સંપ્રદાય અને બીજો ઉત્તર સંપ્રદાય. તેમાં ઉત્તર સંપ્રદાયને વામમાર્ગ કહે છે. વામ કહેતાં અવળો માર્ગ. તેમાં દક્ષિણ સંપ્રદાયની રીતિથી જે ગ્રંથોમાં દેવીની ઉપાસના છે, તે ધર્મશાસ્ત્રમાં અંતર્ભૂત છે. પણ વામમાર્ગ જે ગ્રંથમાં છે, તે ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ છે. તેથી અપ્રમાણ-

રૂપ છે. યદ્યપિ વામતંત્ર શિવરચિત છે, તથાપિ સર્વ શાસ્ત્ર તથા વેદથી વિરુદ્ધ છે, તેથી પ્રમાણરૂપે નથી.

જેમ વિષ્ણુએ બુદ્ધાવતારમાં નાસ્તિક ગ્રંથો કર્યા છે, તે પણ વેદવિરુદ્ધ છે, તેથી અપ્રમાણ છે. તેમ શિવકૃત વામતંત્ર પણ અત્યંત વિરુદ્ધ છે. મદિરાદિક અત્યંત અશુદ્ધ પદાર્થોનું ગ્રહણ કરવું લખ્યું છે અને જે મલિન પદાર્થો છે તેનાં નામો લોકોને ભૂલાવવા વાસ્તે ઉત્તમ પદાર્થોમાં રાખ્યાં છે. જેમ કે મદિરાનું નામ તીર્થ, માંસનું નામ શુદ્ધ, મદિરાપાત્રનું નામ પદ્મા, પ્યાજનું નામ વ્યાસ, લક્ષણનું નામ શુકદેવ, મદિરાકારી કલાલનું નામ દિક્ષિત અને પૂજનને સમે અનેક દોષવતી સ્ત્રીને ઉત્તમ શક્તિ તેઓ કહે છે. જાતની ચાંડાલિની, અતિ વ્યભિચારિણી તથા રજસ્વલા સ્ત્રીનું દેવી બુદ્ધિથી તેઓ પૂજન કરે છે અને તેનું ઉચ્છિષ્ટ મદિરાપાન કરે છે. તેમ જ અધિક મદિરાપાનથી જો વમન કરે તો તેને પૃથ્વીમાં પડવા દેતા નથી. પણ આચાર્ય સહિત બીજા સાવધાનપણાથી ભક્ષણ કરે છે અને તે વમનને ભૈરવી કહે છે અને ભ્રષ્ટાચારથી મંત્રનો જાપ કરે છે. ૧ મદિરા, ૨ માંસ, ૩ મત્સ્ય, ૪ મુદ્રા, ૫ મંત્ર, એ પાંચ મકારને ભોગ મોક્ષ નિમિત્ત સેવન કરે છે. એને આદિ લઇને વામતંત્રનો સર્વ વહેવાર આ લોકથી તથા પરલોકથી ભ્રષ્ટ કરનાર છે. તે વાસ્તે કર્ણછેદી યોગીઓ, અવધૂત, ગુસાઈ તેમ અનેક સંન્યાસી અને બ્રાહ્મણાદિક વામમાર્ગનું સેવન

કરે છે. પણ લોકનિંદિત તથા વેદવિરુદ્ધ જાણીને તેઓ ગુપ્ત રાખે છે. એ સર્વ નિંદિત માર્ગ વામતંત્રમાં છે. કળિયુગના જીવોને ધર્મથી ભ્રષ્ટ કરી નરકમાં નાંખવા વાસ્તેજ એ મત પ્રગટ થયો છે.

નાસ્તિકપ્રશ્ન:—અરે સિદ્ધાંતિ! તું કહે છે કે, કળિયુગના જીવોને ધર્મથી ભ્રષ્ટ કરવા અને નરક દેવા સારુ એ મત પ્રગટ થયો છે. એવી રીતે કહીને ખાલી નિંદા કરે છે કે કોઈ શાસ્ત્રનું પ્રમાણ છે. જો પ્રમાણ હોય તો કહે.

ઉત્તર:—હે પ્રમાણભિક્ષુક કહેતાં પ્રમાણ માગવાવાળા! એ નિંદાવચન નથી. પણ પદ્મપુરાણનાં ઉત્તરખંડમાં ભગવાને પોતે કહેલ છે કે;—

> **त्वं च रुद्र महाबाहो मोहनार्थं सुरद्विषाम् ।**
> **पाखंडाचरणं धर्मं कुरुष्व सुरसत्तम ॥**
> **तथा पाशुपतं शास्त्रं त्वमेव कुरुसत्तम ।**
> **कंकालशैवपाखंडमहाशैवादिभेदतः ॥**

અર્થ:—જ્યારે દૈત્ય તથા દાનવ મહા જોરાવર થઇને દેવતાઓને દુ:ખ દેવા લાગ્યા ત્યારે દેવતાઓનાં દુ:ખને જાણીને સિદ્ધવડની નીચે સમાધિ ચડાવીને બેઠેલા શંકરપ્રત્યે ભગવાન્ બોલ્યા કે, હે રુદ્ર! હે મહાબાહો! હે સુરસત્તમ! દેવતાઓની સાથે દ્વેષ કરવાવાળા દૈત્યોને મોહ કરવા વાસ્તે તમો

પાખંડ ધર્મનું આચરણ કરો. અર્થાત્ પૃથ્વીવિષે તમો પાખંડ ધર્મ ચલાવો તથા હે સત્તમ! કંકાલશૈવ, પાખંડ, મહાશૈવ ઇત્યાદિ ભેદ કરીને પાશુપત શાસ્ત્રને તમો રચો અર્થાત્ પ્રગટ કરો. કારણકે જે બ્રાહ્મણાદિ વર્ણ છે, તે સર્વે આ પાશુપતાદિક શાસ્ત્રના મતને જોઇને વેદથી બહાર થઈ જશે અને દ્વિજોમાં અધમ થઈ જશે. એવી રીતે ભગવાનની આજ્ઞાએ કરીને જીવોને સત્ય માર્ગથી ભ્રષ્ટ કરવા સારુ શિવે પાશુપતાદિક નાસ્તિક ગ્રંથો રચ્યા છે. વળી પદ્મપુરાણમાં શંકરે પોતે પણ શ્રીપાર્વતીજીપ્રત્યે કહેલ છે કે,

श्लोक—श्रुणु देवि प्रवक्ष्यामि तामसानि यथाक्रमम् ।
येषां श्रवणमात्रेण पातित्यं ज्ञानिनामपि ॥ २३-२६ ॥

એ ચાર શ્લોકનો અર્થ:—મહાદેવ પાર્વતીજીપ્રત્યે કહે છે કે, હે દેવિ! હું તારા પ્રત્યે અનુક્રમે તામસોનું વર્ણન કરું છું. તે શ્રવણ કર, કે જેને સાંભળવાથી જ્ઞાની પુરુષ પણ પતિત થઈ જાય છે અથવા ધર્મથી ભ્રષ્ટ થઈ જાય છે. માટે હે દેવિ! તે તામસોમાં પાશુપતાદિક શૈવશાસ્ત્ર નિશ્ચય કરીને પ્રથમ મેં જ રચ્યું છે. વળી કળિયુગમાં મેં બ્રાહ્મણનું રૂપ ધરીને માયાવાદ કે જેને પ્રચ્છન્ન બૌદ્ધ કહે છે, એવું અસત્શાસ્ત્ર પણ મેં જ રચ્યું છે અને લોકનિંદિત શ્રુતિવચનોના ઉલટા અર્થો કરીને કર્મોને સ્વરૂપથી છોડી દેવાં અર્થાત્ પુણ્યકર્મોને ત્યાગી દેવાં એવું એ અસત્ શાસ્ત્રમાં પ્રતિપાદન કર્યું છે અને સર્વ કર્મોથી ભ્રષ્ટ થવું, એતુંજ નામ નિષ્કર્મપણું કહ્યું છે.

આવી રીતે શંકર ભગવાને પોતે સતી પ્રત્યે કહ્યું છે, માટે હે વાદી! તારો નાસ્તિક ધર્મ તથા રાજસી તામસી દેવો સર્વ ત્યાગવા યોગ્ય છે. વળી વારાહપુરાણમાં પણ વિષ્ણુએ રુદ્રપ્રત્યે કહ્યું છે અને શિવે પાર્વતી પ્રત્યે કહ્યું છે કે, જે દિવસથી વિષ્ણુએ મને મોહશાસ્ત્ર કરવાની આજ્ઞા દીધી, તે દિવસથી જે શાસ્ત્ર મેં રચ્યાં છે, તે સર્વે શાસ્ત્ર જીવને મોહ કરવાવાળાં તથા વેદમાર્ગથી ભ્રષ્ટ કરવાવાળાં જ રચ્યાં છે. વળી એ ધર્મને ભૃગુ ઋષિએ તથા ગૌત્તમ ઋષિએ શાપ પણ દીધો છે. કારણ કે એ તામસી ધર્મ છે. માટે જિજ્ઞાસુએ દૂરથી તેનો ત્યાગ કરવો યોગ્ય છે! વળી રામકથાના અયોધ્યાકાંડમાં ભરતજીનાં વચનને વિચારતાં પણ એ વામમાર્ગ ત્યાગવા યોગ્ય છે. તે વિષે ચોપાઈ:—

तजि श्रुतिपन्थ वामपथ चलही, वंचक विरची वेष जगछलही ।
तिन्हकी गति शंकर मोहि देउ, जननी जो यह जानो भेउ ॥

અર્થ:—જેઓ વેદમાર્ગને છોડી દઇને ઉલટા માર્ગમાં એટલે વામમાર્ગમાં પ્રવર્તે અને જે ઠગાઈ ભરેલા વેષો ધરીને જગતને ઠગે, તેઓની જે ગતિ થાય, તે ગતિ સદાશિવ મને આપજો, જો રામચંદ્રજીને વનવાસ જવા વિષે મારો મત હોય તો. અન્ય પ્રમાણ બાલકાંડમાં—ચોપાઈ:—

सती कीन सीताकर वेषा, शिव उर भयेउ विषाद विशेषा ।
जो अब करों सतीसनप्रीति, मिटे भक्ति पंथ होय अनीति ॥

અર્થઃ-સતીએ સીતાજીનો વેષ ધર્યો હતો, એ વાત ધ્યાનમાં આવવાથી સદાશિવના હૃદયમાં અત્યંત ખેદ ઉત્પન્ન થયો. તેથી સદાશિવ વિચાર કરવા લાગ્યા કે, જો હવે સતીની સાથે પત્નીપણાની પ્રીતિ રાખું તો ભક્તિમાર્ગ દૂર થઈ જાય અને મોટી અનીતિ થાય. આ વાત વિચારવી જોઇએ કે, જો એ માર્ગ દૂષિત ન હોય તો શંકર ભગવાન્ ઉપર પ્રમાણે વચન કેમ કહે અને સતીનો ત્યાગ પણ શા વાસ્તે કરે? અર્થાત્ વામતંત્ર દૂષિત ન હોય તો શંકર ભગવાન્ સતીનો ત્યાગ જ ન કરે. માટે રાજસી તામસી દેવોને તથા શાસ્ત્રોને માનવાં નહી.

પ્રશ્નઃ—રાજસી તામસી દેવો અને શાસ્ત્રોને માનવાં નહી, એવું કયા શાસ્ત્રમાં કહ્યું છે તે કહો.

ઉત્તરઃ—હે વાદી! ભારદ્વાજ સંહિતાવિષે એવું કહ્યું છે કે;-

नाद्रियेत पुराणादीन् राजसांस्तामसांस्तथा ।

અર્થઃ—જે પુરાણાદિકોમાં તામસ કહેતાં વેદવિરુદ્ધ વચનો હોય, તે પુરાણો તથા તેવાં શાસ્ત્રોને માનવાં જોઇએ નહી. 'અર્થાત્' સાક્ષાત્ બ્રહ્માજીનાં વચન હોય, પણ યુક્તિ-રહિત હોય તથા વેદવિરુદ્ધ હોય, તેને પણ માનવાં નહી, એમ યોગવાસિષ્ઠમાં કહ્યું છે.

युक्तियुक्तमुपादेयं वचनं बालकादपि ।
अन्यत्तृणमिवत्याज्यमप्युक्तं पद्मयोनिना ॥

અર્થ:—યુક્તિપૂર્વક વચન કદાપિ બાળકનું હોય, તોપણ ગ્રહણ કરવું અને યુક્તિરહિત વચન ભલે બ્રહ્માજીનું હોય, તોપણ તેનો તૃણની પેઠે ત્યાગ કરવો, એમ કહ્યું છે. કારણ કે વેદવિરુદ્ધ અયુક્ત વચન અથવા ઉપદેશ ત્યાગ કરવામાં દોષ નથી. ઇત્યાદિ શ્રુતિ સ્મૃતિ શાસ્ત્રોનાં પ્રમાણોથી દૂષિત કુપથનો ત્યાગ કરી, વેદવિહિત માર્ગમાં પ્રવૃત્ત થવું, એ ખરા જિજ્ઞાસુનું લક્ષણ છે ઇતિ.

પ્રશ્ન:—કયાં કયાં પુરાણો તથા શાસ્ત્રો રાજસી તામસી છે તથા કયાં સાત્વિક છે અને તે કયા શાસ્ત્રમાં કહ્યું છે તે કહો.

ઉત્તર:—અરે વાદી! પદ્મપુરાણના ઉત્તરખંડમાં એમ કહ્યું છે કે;—

> वैष्णवं नारदीयं च तथा भागवतं शुभम् ।
> गारुडं च तथा पाद्मं वाराहं शुभदर्शने ॥
> षडेतानि पुराणानि सात्विकानि मतानि मे ।
> ब्रह्मांडं ब्रह्मवैवर्तं मार्कंडेयं तथैव च ॥
> भविष्यं वामनं ब्राह्मं राजसानि निबोध मे ।
> मात्स्यं कौर्म्यं तथा लैङ्गं शैवं स्कान्दं तथैव च ।
> आग्नेयं च षडेतानि तामसानि निबोध मे ॥ ३ ॥

અર્થ:—૧ વિષ્ણુપુરાણ, ૨ નારદપુરાણ, ૩ ભાગવતપુરાણ, ૪ ગરુડપુરાણ, ૫ પદ્મપુરાણ, ૬ વારાહપુરાણ એ ૭ પુરાણ સાત્ત્વિક છે તથા ૧ બ્રહ્માંડપુરાણ, ૨ બ્રહ્મવૈવર્તપુરાણ,

૩ માર્કંડેયપુરાણ, ૪ ભવિષ્યપુરાણ, ૫ વામનપુરાણ, ૬ બ્રહ્મ-પુરાણ, એ છ પુરાણ રાજસી છે તથા ૧ મત્સ્યપુરાણ, ૨ કૂર્મપુરાણ, ૩ લિંગપુરાણ, ૪ શિવપુરાણ, ૫ સ્કંદપુરાણ, ૬ અગ્નિપુરાણ, એ છ પુરાણ તામસી છે.

એવી રીતે અઢાર પુરાણના સાત્ત્વિક, રાજસ અને તામસ એમ ત્રણ પ્રકારના ભેદ છે. એવી રીતે ધર્મશાસ્ત્રોની સ્મૃતિઓના પણ સાત્ત્વિક, રાજસ, તામસ, એમ ત્રણ ભેદ પદ્મપુરાણમાં કહેલા છે. જેવા કેઃ—

वासिष्ठं चैव हारीतं व्यासं पाराशरं तथा ।
भारद्वाजं काश्यपं च सात्विकं मोक्षदं शुभम् ॥ १ ॥
वामनं याज्ञवल्क्यं च आत्रेयं दाक्ष्यमेव च ।
कात्यायनं वैष्णवं च राजसं स्वर्गदं शुभम् ॥ २ ॥
गौतमं बार्हस्पत्यं च सावर्तं च यमस्मृतम् ।
सांख्यं चौशनसं देवि तामसं निरयप्रदम् ॥ ३ ॥

અર્થઃ—૧ વસિષ્ઠસ્મૃતિ, ૨ હારિતસ્મૃતિ, ૩ વ્યાસસ્મૃતિ, ૪ પારાશરસ્મૃતિ, ૫ ભારદ્વાજસ્મૃતિ, ૬ કશ્યપસ્મૃતિ, એ છ સ્મૃતિ સાત્ત્વિક મોક્ષદાતા છે! ૧ વામનસ્મૃતિ, ૨ યાજ્ઞવલ્ક્ય-સ્મૃતિ, ૩ અત્રિસ્મૃતિ, ૪ દક્ષસ્મૃતિ, ૫ કાત્યાયનસ્મૃતિ, ૬ વિષ્ણુ-સ્મૃતિ, એ છ રાજસસ્મૃતિ સ્વર્ગ દેનારી છે. ૧ ગૌતમસ્મૃતિ, ૨ બૃહસ્પતિસ્મૃતિ, ૩ સંવર્તસ્મૃતિ, ૪ યમસ્મૃતિ, ૫ શંખ-સ્મૃતિ, ૬ ઉશનાસ્મૃતિ, એ છ તામસસ્મૃતિ નરક દેવાવાળી છે.

એવી રીતે સાત્ત્વિક, રાજસ તથા તામસ ભેદથી તેઓનાં ફળ પણ જૂદાં જૂદાં કહ્યાં છે. માટે રાજસ અને તામસ એ બે ત્યાગવા યોગ્ય છે. મુમુક્ષુ અધિકારીને સાત્વિકનું જ ગ્રહણ કરવું યોગ્ય છે.

गूढ अंग.

दोहा—पर पुरुषसुत दंपति, ता सुत सुत सुत सुतं ।
ता सुत सुत सुत भारजा पतिव्रती सो पुत ॥ १ ॥
वासव वाहन जनक सुता ता सुत सुत जे होय ।
सोजाके नेनावसे संग न करना कोय ॥ २ ॥
विनता सुत पति भारजा भगनी सुत भ्रखजाइ ।
तापति सुत शिष्यवंशकुं नमन करत हे ताइ ॥ ३ ॥
त्रंबापति सुत सुत पति तास भारजा तात ।
ता भूसुर उपदेशदीयो कीनो बंधविनाश ॥ ४ ॥

---

૧ શુદ્ધ ચૈતન્ય. ૨ માયાવી ઈશ્વર. ૩ આકાશ. ૪ વાયુ. ૫ તેજ. ૬ જળ. ૭ કમળ. ૮ બ્રહ્મા. ૯ વસિષ્ઠ. ૧૦ અરુંધતી. ૧૧ તેના સો પુત્ર. (૧)

૧ હાથી ઐરાવત. ૨ સમુદ્ર. ૩ છીપ. ૪ મોતી. ૫ સૂરમો. (૨)

૧ ગરુડ. ૨ વિષ્ણુ. ૩ લક્ષ્મી. ૪ છીપ. ૫ મોતી. ૬ હંસ. ૭ બ્રહ્મા. ૮ વસિષ્ઠ. ૯ રામચંદ્રજી. ૧૦ સૂર્યવંશ. (૩)

૧ આકાશ. ૨ વાયુ. ૩ હનૂમાન. ૪ વિષ્ણુરામ. ૫ જનક. ૬ યાજ્ઞવલ્ક્ય. (૪)

जोदासीके दासहै ताके होये जे दास ।
नागारी अरी अरी अरी, अरीपति नावे पास ॥ ५ ॥
गंगाभगिनी तास पिता तासुत किंकर जेह ।
समरे माहुर भगनीपति निकट न आवे तेह ॥ ६ ॥

અથ કાળબત્રીશી.

દોહા.

ગણપતિ ગિરિપતિ ગોપતિ, શ્રીપતિ શારદ માત;
તવપદ રજવંદી કહૂં, કાળચિન્હકી બાત. ૧
ઋગ્વેદવિષે કૌષીતકી, મુનિ ઉક્ત જે ચિન્હ;
યત્કિંચિત્ વર્ણન કરું, દોહા છંદ નવીન. ૨
દુર્ગંધ નિકસે મસ્તકે, વાયસ શ્રહવત્ જાણ;
છિદ્ર લખે નિજ છાંયમેં, અલ્પ કાલમેં હાણ. ૩
અપને મુખ દરસે નહીં, પ્રતિબિંબકે માંય;
અથવા જલકે ભીંતરે, તુરત નષ્ટ હો જાય. ૪
પ્રાણ ધુનિ જે હોત હે, અપને મસ્તક માંય;
કર્ણ બંધ કરી ના સુને, કાલ ગીલે પલ માંય. ૫

૧ માયા. ૨ કૃપણ, લોભી. ૩ કૃપણમાં ઇચ્છા રાખવા લાયક ૪ સિંહ. ૫ ગર્જના. ૬ વાયુ. ૭ અજગર. ૮ ગરુડ. ૯ વિષ્ણુ. (૫)
૧ જમુના. ૨ સૂર્ય. ૩ ધર્મરાજ. ૪ યમ. ૫ વિષ્ણુ. (૬)

બીન ઘન દેખે વીજલી, અગ્નિ નીલો વર્ણ;
રક્તવર્ણ ચારો દિશા, અલ્પ કાળમેં મર્ણ. ૬
જે જન દર્પનમેં લખે, અપનો મુખ વિપરીત;
કાલ ચપેટા દેત હે, અલ્પ કાળમેં મિત. ૭
લખે સૂર્યકો સોમવત્, મધ્યાન્ સમે દો પોર;
તા જનકે શિર ઉપરે, કાલ કરત હે સોર. ૮
પ્રાતઃ સાયંકાલમેં, પંચ દિવસ પર્યંત;
ધુંવા લખે નિજ મસ્તકે, તીન વર્ષમેં અંત. ૯
બીન નિમિત કૃશ હોતહે, કૃશતેં હોવે સ્થૂલ;
એક વર્ષકે અંતમેં, કરહી કાલ કબૂલ. ૧૦
ક્રોધી જન અક્રોધ હોય, અક્રોધી હોય ક્રોધ;
એક વર્ષકે અંતમેં, કાલ કરત હે શોધ. ૧૧
મલમૂત્ર એકી સમે, સંગે ત્યાગે કોય;
તે જન અપને પ્રાનકું, એક વર્ષમેં ખોય. ૧૨
કૃષ્ણસુ અથવા પિંગલ, વર્ણ લખે નિજદેહ;
કાલહીં તાકું કરત હે, એક વર્ષમેં ખેહ. ૧૩
માંસાહારી જીવ જે, જીનકે પીછે ધાય;
એક વર્ષકે અંતમેં, દેહ ખેહ હો જાય. ૧૪
અરુંધતી અરુ ધ્રુવકું, જે જન દેખત નાય;
એક વર્ષકે અંતમેં, કાલહી તાકો ખાય. ૧૫
શ્વેત વસ્ત્રકું શ્યામહી, શ્યામહી દેખત શ્વેત;
ખટ માસકે અંતમેં, કાલહી તાકું લેત. ૧૬

ભ્રમતા દેખે પર્વતો, ચલતાકું સ્થિર દેખ;
કાલ ગ્રહે ખટ માસમેં, યહ નિશ્ચે કરિ લેખ. ૧૭
ઘંટા શબ્દાદિ ના સુને, જે જન અપને કર્ણ;
તાકો નિશ્ચે હોતહે, અલ્પ કાલમેં મર્ણ. ૧૮
પીડન બીન ચક્ષુ લખે, તેજ ખદ્યોત સમાન;
તાકો મૃત્યુ હોત હે, તીન માસમેં જાન. ૧૯
નેત્રાદિક ઈંદ્રિય સબે, ગ્રહન કરે નહી ભોગ;
એક માસમેં હોતહે, જમપુર વાસી લોગ. ૨૦
દિવ્ય શબ્દકું સુનત હે, મસ્તક જ્વાલા દેખ;
એક માસકે અંતમે, નિશ્ચે મૃત્યુ લેખ. ૨૧
જીનકો કાલી રાતમેં, ઈંદ્ર ધનુષ દીખરાત;
એક માસકે અંતમેં, કાલહી તાકું ખાત. ૨૨
કાક મયુર મૈથુનકું, દૃષ્ટિ દેખત જેહ;
એક માસકે અંતમે, કાલ કરત હે ખેહ. ૨૩
છિદ્ર લખે ભૂમિ વિષે, શબ્દ સુને તામાય;
અર્ધ માસકે અંતમેં, પ્રાણ ઘાત હો જાય. ૨૪
સૂર્ય કિરણ શીતલ લખે, સોમ લખે વિપરીત;
તાકો મૃત્યુ હોત હે, અર્ધ માસમેં મીત. ૨૫
સપ્ત ઋષિ અરુ ગ્રહકું, જે નવ દેખે દ્રષ્ટ;
સપ્ત દીનમેં તાહીકો, કાલ કરત હે નષ્ટ. ૨૬
જીહ્વા ઘ્રાણ દૃષ્ટે નહી, હોવે નેત્ર વિકાસ;
સપ્ત દીનમેં હોત હે, નિશ્ચે તાકો નાસ. ૨૭

સૂર્ય તરફ છાયા લખે, જે જન અપની જાણ;
એક દીવસમેં હોતહે, સોઇ પુરુષ નિરવાણ. ૨૮
ભોજન કરતે જે લખે, રૂપ ભયંકર ત્રાસ;
એક દીનાકે અંતમેં, કરહી કાલ વિનાશ. ૨૯
લખે સૂર્યકા કીર્ણ બીન, શીતલ શશીવત્ જાણ;
તાકી નિશ્ચે હોતહે, અલ્પ કાલમેં હાણ. ૩૦
જોકા શાંત સ્વભાવહે, સો વિપરીત હો જાય;
અલ્પ કાલમેં જીવસો, કાલ ચપેટા ખાય. ૩૧
સ્થાવર જંગમ જીવ જે, નામ રૂપકા નાસ;
ગરીબદાસ તું આત્મા, નહી કાલકા ત્રાસ. ૩૨

ઇતિશ્રી મહારાજ ગરીબદાસજીવિરચિત કાલ બત્રીશી
નવિન ભાષા કાવ્ય સંપૂર્ણ.

अथ मदालसाष्टक स्तोत्र.

(राग लावणी).

त्वमसि तात शुद्धबुद्ध निरंजन भवमायावर्जित ज्ञाता ।
भवस्वप्नं च मोहनिद्रां त्यज मदालसाहं सुत माता ॥ १ ॥
नामविमुक्तः शुद्धोऽसि रे सुत मया कल्पितं तव नाम ।
न ते शरीरं न चास्य त्वमसि किं रोदसी त्वं सुखधाम ॥ २ ॥
शब्दो वायं त्वं न रोदसी त्वं तु चराचरभवस्वामी ।
मुक्तिभुक्तिव्यवहारसिद्धये विविधकल्पितो ह्यन्यगामी ॥ ३ ॥

भोगवशाच्च विपुलता देहे भवति सुकृशता तद्भावे ।
नैव विपुलता नास्ति सुकृशता त्वयि परात्मनि सद्भावे ॥ ४
वस्त्रविनाशे यथाशरीरे कस्यापि नास्ति विनाशमतिः ।
कर्मरचितत्रिदेहविनाशे नास्ति तवात्मनि का च क्षतिः ॥ ५ ॥
माता पिता सखा मे संति भिन्नश्च नास्ति मम बंधुः ।
मुक्त्वा छिन्नमतिं भावय त्वमहं सर्वदा सुखसिंधुः ॥ ६ ॥
भवति दुःखाय वैराग्यमबुद्धेः सुखाय भवति वरवामा ।
सतां सर्वदा मुक्तिप्रदातृ प्राह वैराग्यं घनश्यामः ॥ ७ ॥
दसनदर्शनहास्यं प्राहुर्वसा कलुषता नयनप्रभा ।
मांसघनं सुपयोधरमाहुः निरयसमावनितासु प्रभा ॥ ८ ॥
भुवि यानं यानेस्ति शरीरं तत्र तिष्ठसि भवस्वामी ।
नास्ति शरीरं न मेऽस्ति भूमिः त्वं कुमतिं कथमनुगंतासि ॥९
विमल विज्ञान विश्वेश्वर व्यापक पारब्रह्म त्वमसि ज्ञाता ।
प्राह मदालसाऽलर्कसुतं प्रति शास्त्रप्रसिद्धा वरमाता ॥ १० ॥

॥ इति मदालसास्तोत्र (लावनी) संपूर्णम् ॥

ૐ

અથ શ્રી ભજનમાળા.

ભાગ બીજો.

કુણ્ડલીયા.

માલા બની હૈ ભજનકી અષ્ટોત્તરશત જાન,
સંતનકો શૃંગાર હૈ હરિજનકે હીત માન;
હરિજનકે હીત માન માલકો મહિમા ભારી,
ભય માને ભૂપાલ રહે યમકિંકર હારી;
કહત હૈ દાસ ગરીબ કયા કરહી કાલા,
હર્ધમ રહો હુશિયાર ભજનકી ફેરો માલા....૧
માલા ઓર અનેક હૈ ચંદન અરુ રુદ્રાક્ષ,
ભજન માલ ધારન કીયે કટે કાલકો પાશ;
કટે કાલકો પાશ દુરિત સબ દુર ભગાવે,
જન્મ મર્ણ દુઃખ વીકટ ફેર યોની નહી આવે;
કહત હૈ દાસ ગરીબ સમજ મન કાલા,
હર્ધમ રહો હુશિયાર ભજનકી ફેરો માલા....૨

ॐ तत्सत् ब्रह्मणे नमः

अथ भजनमाला भाग बीजो प्रारंभ.

अथ गणेशस्तुति.

दोहा—वारन वदन शुभ गुण सदन, विघ्नहरन सुख कंद ।
ता पद पद्म पराग प्रति, वार वार करू वंद ॥ १ ॥

शारदास्तुति.

दोहा—वंदुश्री वाघेश्वरी, महिमा अगम अपार ।
भजन माल रचना करन, दीजें बुद्धि उदार ॥ २ ॥

त्रिदेवस्तुति.

दोहा—जिनयह जग उद्भव कीयो, पुनि पालन कर लीन ।
विघन हरन मंगल करन, कृपा करो यह तीन ॥ ३ ॥

गुरुस्तुति.

दोहा—गुरुपद रज अज सेवते, शारद शेष महेश ।
वार वार वंदन करहूं हरहूं कष्ट कलेश ॥ ४ ॥
कच्छ देशमें ग्रामहे गिरीपर वांढाय नाम ।
तामें संत शिरोमणी श्रीगुरु ईश्वर राम ॥ ५ ॥
सरवरतर सुंदर अति घाट मनोहर तीन ।
मज्जन करत मुमुक्षु जहां होय पाप सब क्षीन ॥ ६ ॥
सर्वाधार स्वरूप सब अनुगत वस्तु अनूप ।
जेही जाने जगजातहे सो मम गुरुवर भूप ॥ ७ ॥

ગુરુસ્તવન પદ ૧ લું–રાગ બનજારો.

વંદોં પ્રથમહિ શ્રી ગુરુ દેવા, છે અકલ અખંડ અભેવા. ટેક.
ગુરુ જ્ઞાન તણા છે દાતા, કચ્છ મંડળમાં એ વિખ્યાતા;
નિરમળ ગંગોદક જેવા, છે અકલ અખંડ અભેવા. ૧
ગુરુ બ્રહ્મા વિષ્ણુ મહેશ, નિજાનંદ નિમગ્ન હમેશ;
ગુરુ ગંગા જમુના રેવા, છે અકલ અખંડ અભેવા. ૨
ગુરુ ગોવિંદ રૂપ પ્રસિદ્ધ, એ તો વેદે કર્યું છે સિદ્ધ;
કરે નારદ શારદ સેવા, છે અકલ અખંડ અભેવા. ૩
હરિ વ્યાપક સઘળે ઠામ, ગુરુ કૃપા થકી સરે કામ;
છે અધમ ઓધારણ એવા, છે અકલ અખંડ અભેવા. ૪
ગુરુ મહિમા કહી નવ જાવે, શેષ શારદ પાર ન પાવે;
સ્વામી કલ્પીને કહ્યૂ કેવા, છે અકલ અખંડ અભેવા. ૫
પ્રભુ પૂરણ બ્રહ્મ નિષ્કામ, મમ શ્રી ગુરુ ઈશ્વરરામ;
દાસ ગરીબ ન પાવે છેવા, છે અકલ અખંડ અભેવા. ૬

પદ ૨ જું–રાગ આસાવરી.

સંત સમાગમ તબહી મિલત હે, ભાગ્ય ઉદય જબ હોતરી;
ઇન્દ્રાદિક સબ દેવ ઇચ્છત હે, તો ભવસાગર કે પોતરી. ૧
નારદ શારદ. શિવ સનકાદિક, પંડિત પાર ન પાયોરી;
વાદ કીયો વિશ્વામિત્ર વશિષ્ઠ, તો સત સંગત અધિકાયોરી. ૨
શંકર શેષ શ્રુતિ નિત ગાવત, આગમ નિગમ પુરાનરી;
તાકે સંગે જનમ દુઃખ જાવે, તો પાવત પદ નિરવાનરી. ૩

શ્રીમુખસેં હરિ આપ કહ્યો હે, મહિમા અપરમ પારરી;
ધ્રુવકું અવિચલ પદહી દીયો હે, તો સંતનકો સંગ સારરી. ૪
જપ તપ તીરથ વ્રત સબહી તેં, સત સંગ સુખ અનૂપરી;
દાસ ગરીબ સતગુરુહી બતાયો, અબ ન પરું ભવ કૂપરી. ૫

પદ ૩ જું.

આજ અનોપમ દાવ બન્યો હે, જાકું ઇચ્છત સબ કોયરી;
માનુષ દેહ રુ મોક્ષકું ચાહત, સંત સમાગમ હોયરી. ૧
ઈશ્વર સુંદર સાજ દીયો હે, ભોગ રુ મોક્ષ નિદાનરી;
મૂરખ નર ભોગનકું ભોગત, હરિજન કરત કલ્યાનરી. ૨
દૈવ દયા અતિ જીનપર કીની, તીનકું હે સંત મિલાપરી;
પામર કરી પ્રમાદ ગુમાવત, તો અપને શિર પાપરી. ૩
ગંગોદક તન પાપ હરતહે, તાપ શશીકર છીનરી;
સુરતરુ સેવે દારિદ્રહી જાવત, સંત હરત યહ તીનરી. ૪
સંત પુરુષ અતિ નિર્મલ ગંગા, શીતલ ચંદ્રસે જાનરી;
દાસ ગરીબ સતગુરુ યોં કયો હે, સુરતરુસેં સુખદાનરી. ૫

પદ ૪ થું.

ધન સતગુરુ જીન તત્વ બતાયો, અજ્ઞાન સમૂલ નશાયોરી;
તત્ત્વમસિ ઉપદેશ દીયો હે, સોય સ્વરૂપ દરશાયોરી. ૧
ગુરુ પદ રજ મહાતમ કયા વરણું, ગાવત શેષ મહેશરી;
જાકે પરસે પરમપદ પાવત, નાશત સકલ કલેશરી. ૨

બ્રહ્મદર્શી બ્રહ્મરૂપ કહાવત, બોલત વચન સો વેદરી;
સંસ્કૃત પ્રાકૃત શબ્દ ઉચારત, કરત ભેદભ્રમ છેદરી. ૩
બ્રહ્મવિદ્ દૈશિક ચરણ કમલકી, જે જન લેવત ઓટરી;
કાલ કરમ માયા નહી વ્યાપે, કબહુ ન આવત ખોટરી. ૪
સતગુરુકી સમતા ક્યા કહીયે, અનુભવ પરમ અનૂપરી;
દાસ ગરીબ પરમાતમ પૂરણ, અદ્વૈત બ્રહ્મ અનૂપરી. ૫

પદ ૫ મું.

અવસર આજ અનોપમ પાયો, સજ્જનકો સુખદાયરી;
પરમાતમ પરિબ્રહ્મ પિછાનત, ફિર ન પરે ભવ માયરી. ૧
બ્રહ્માદિક સબ કોઈ ઇચ્છત હે, ધન માનુષ અવતારરી;
જાકો પાય પરમ પદ પાવત, સબહી દેહનકો સારરી. ૨
અહાર નિંદ્રા ભય મૈથુનકો સબ, જીવ કરત હે ભોગરી;
કીટ પતંગ જંતુ સબ જાનત, નરતનુમેં નહીં જોગરી. ૩
ઉત્તમ દાવ વ્રથા નવ કીજે, બ્રહ્મ મિલનકો દ્વારરી;
તત્વ વિચાર તામેં કરી લીજે, ઉતરો ભવજલ પારરી. ૪
અહોનિશ શિરપર કાલ ફિરત હે, જ્યું તીતરપર બાજરી;
દાસ ગરીબ ગફલત નવ કીજે, અંતે સરે સબ કાજરી. ૫

પદ ૬ હું—રાગ પ્રભાત.

સતગુરુ કહે તમે સાંભળો શિખામણ સારી—એ રાગ.

મૂરખ મન માને નહીં, આખર પસ્તાવો કરશે;
અંત સમે આડું આવશે, જીભ ટૂંકી રે પડશે. ૧

ધમણ ધમાસેરે શ્વાસનું, કંઠ રુંધાઈ જાશે;
ક્રોડ વિંછીનીરે વેદના, તારા અંગમાં થાશે. ૨
સગું રે કુટંબ રે'શે દેખતું, જીવ જમપુર જાશે;
સોસ મુકી સમશાનમાં, જઈ જળમાં રે નાશે. ૩
પ્રાણી જાશે પરલોકમાં, નાના જોનીરે ભમશે;
દિવસ બાર વીત્યા પછી, ભેળા થઇને રે જમશે. ૪
બ્રાહ્મણ ભાઇઓ ભેળા થઈ, કર્મ કુટાણું કરશે;
પિંડ ક્રિયા કરી જીવની, પેટ પોતાનું ભરશે. ૫
રોગ પાડાનારે અંગમાં, ડાંભ પરખાળે કરીયો;
કર્મ કળા સમજ્યા વિના, ડોળી બેઠો છે દરીયો. ૬
ભજન કરો પરિબ્રહ્મનું, જેથી કારજ સરશે;
દાસ ગરીબ મિથ્યા થકી, મહા રોગ ન ટરશે. ૭

પદ ૭ મું.

આતમ તત્વ ચિન્ત્યા વિના, ફેરો ફોકટ પડશે;
મોહ માયાને રે મૂકશો, ત્યારે કારજ સરશે. ૧
કર્મ જે જન્મ અનેકનાં, જ્ઞાન અગ્નિથી બારો;
અંતર આત્મ વિચારથી, દેહ અધ્યાસ ટારો. ૨
એક અદ્વૈત અખંડ છે, કાલ કર્મ ન પરશે;
જન્મ મૃત્યુ જરા વ્યાધિનાં, દુ:ખ દેહમાં દરશે. ૩
આતમ સરવે એક છે, બીજું ભાસે તે ભૂલ;
દેહદર્શી દેખે દેહને, પંચભૂતનું સ્થૂલ. ૪

આકારને અળગો કરી, નિરાકારને નિરખો;
બ્રહ્માંડમાં ભરપૂર છે, ઉંચ નીચમાં સરખો. ૫
અજ અવિનાશી આતમા, એ છે રૂપ તમારું;
અનુભવથી રે જોતાં ટળે, મહામોહ અંધારું. ૬
આતમ અર્કપ્રકાશથી, રાત અવિદ્યા વિલાયે;
દાસ ગરીબ સુખરૂપમાં, કોય સંશે ન થાયે. ૭

પદ ૮ મું.

સંસારરૂપી શહેર છે, તેમાં બની છે બજાર;
સોદાગર થયા છે સામટા, વિધવિધના વેપાર. ૧
સંતસરૂપી સરાફ છે, વસ્તુ સાચીરે દેશે;
વિરલા હરિજન વોરશે, શિર સાટેરે લેશે. ૨
પારસમણિ પરમાતમા, સત્સંગનાં છે મોતી;
વેદ પુરાણે વંચાય છે, વાત વૈકુંઠ પોતી. ૩
સજજન જન સમજી કરી, સોદા સાચોરે કરશે;
મર્મ ન જાણે રે મુરખા, ફેરો ફોકટ પડશે. ૪
કર્મ કાંડી રે કંદોઈ છે, વિષય પાક બનાવે;
લંપટ લાલચુ લોકનાં, બેઠા મન ભરમાવે. ૫
પામરને પર ચાવવા, ખેરે ઘર ઘર લારું;
માલ બીજાના મારી કરી, અંતે કાઢે દીવાળું. ૬
સતગુરુ સાચા શેઠીયા, નાણાં રોકડાં આપે;
દાસ ગરીબ સંશે નહી, કર્જ કાળનું કાપે. ૭

પદ ૯ મું.

સતસંગ છે શૂરવીરનો, શિર સોંપીને કરવો;
જમરા રે'શે જખ મારતા, પગ પાછો ન ભરવો. ૧
પાછા હટે જન પામરા, અંતે ધોખોરે કરશે;
જમરા આવી લેશે જીવને, ત્યારે ભોંઠારે પડશે. ૨
શૂરા હશે તે રે સોંઢશે, સંગ સંતોનું કરશે;
કાયર કંપવા લાગશે, આવી પાછારે ફરશે. ૩
પૂરણ પુણ્ય જેનાં હશે, સંત તેને રે મળશે;
બ્રહ્મવેતાસું રે ભેટતાં, લક્ષ ચોરાશી ટળશે. ૪
સજ્જનનો શણગાર છે, જ્ઞાન વૈરાગ્ય ભક્તિ;
પંચ વિષય પરશે નહી, એવી અદભૂત શક્તિ. ૫
મણિ માણેકના મોલની, શાક વણિક શું જાણે;
તેમ જ્ઞાનીના રે ગૂજની, વાત વિરલા પીછાણે. ૬
જળનારે જીવ જાણે નહી, ગ્રીષ્મ ઋતુની ગરમી;
દાસ ગરીબ જ્ઞાની તણી, કળા જાણે શું કરમી. ૭

પદ ૧૦ મું.

વાસ્તવ વસ્તુના રૂપને, શું જાણે વ્યાકરણી;
ધરાઉ ઘ્રત માંહી ભર્યું, સ્વાદ જાણે શું બરણી. ૧
સુખરૂપ છે પરમાતમા, તેને ભૂલીને ભટકે;
ઢીમર કેરી રે જાળમાં, જેમ માછલી લટકે. ૨

માંસ ખાવાની રે લાલચે, લોહ શંકુ ન દેખે;
જીવ વિષયના રે લોભથી, જમપાશ ન પેખે. ૩
શઠ સમજે નહી સાનમાં, સંત કહે છે પુકારી;
પલ પીયારી રે જાય છે, માથે જોખમ ભારી. ૪
ધર્મરાજાના રે દૂતનું, તુંને આવશે તેડું;
દાવ અમૂલખ જાય છે, ભવ તરવાનું બેડું. ૫
કોલ કરીને રે આવીઓ, માથે કરીયું છે લેણું;
અવસર વીત્યો જાય છે, ભવમાં રહી જાશે મેણું. ૬
કર્મ કર્યાં હશે કૂડનાં, તે તો ચોપડે ચડશે;
દાસ ગરીબ ભોગવ્યા વિના, રતિભાર ન ટરશે. ૭

પદ ૧૧ મું.

કર્મે લખ્યું તે રે નહી મટે, તેનો ધોખો ન ધરવો;
સુખ દુખ સેજે રે આવશે, હર્ષ શોક ન કરવો. ૧
કર્મ શુભાશુભ જીવનાં, વાટ બેઠાં છે જોઈ;
જ્ઞાની હસી કરી ભોગવે, મૂર્ખ ભોગવે રોઈ. ૨
દુરિજનને દુખ ઉપજે, ત્યારે માથું રે કૂટે;
કર્મ ગતિ બળવાન છે, વિના ભોગે ન છૂટે. ૩
દેવ દાનવ ને માનવી, સર્વે કર્મ આધીન;
પ્રારબ્ધને રે પોંગ્ચે નહી, સહુ થૈ રયા છે દીન. ૪
અર્જુનને શ્રીકૃષ્ણજીએ, ગતિ ગહન બતાવી;
મોટા મોટારે મથી ગયા, કળા હાથ ન આવી. ૫

વાલ્મિક વ્યાસ વસિષ્ઠજી, સરવજ્ઞ થયા છે;
ભાવી કદી ટળશે નહી, એમ કહેતા ગયા છે. ૬
જીવ પરાધીન જાણીને, કેને દોષ ન દઇએ;
દાસ ગરીબ સંતોતણી, સાન સમજીને રહીએ. ૭

પદ ૧૨ મું.

પ્રાણી આવ્યો પરદેશમાં, મુડી ગાંઠે રે કરવા;
જુનું લેણું જમરાજનું, અંતે જાવું છે ભરવા. ૧
દીધા વિના નહી છૂટશે, વ્યાજ વધતું રે જાશે;
ધર્મરાજ લેખા માંગશે, ત્યારે પસ્તાવો રે થાશે. ૨
જોખમ છે જીવ ઉપરે, આગળ ઓખીરે પડશે;
કર્મ કૂડાં જે કર્યાં હશે, ફળ તેનાં રે મળશે. ૩
કોલ કર્યો ગર્ભવાસમાં, તે તો પડિયો છે ખોટો;
મનગમતી મોજું કરે, ઉપર કાળની ચોટો. ૪
શેરી છે આગળ સાંકડી, તેમાં વીરલા ઉગરશે;
મૂરખ નર જખ મારતા, લક્ષ ચોરાસી ફરશે. ૫
સાચે મને સીતા રામનું, કેદી ધ્યાન ન ધરીયું;
સત્સંગ ભક્તિ મૂકી કરી, બીજે કાઢે છે હડીયું. ૬
હરિ ગુરુ સંત સેવ્યા વિના, જાશો હાથ પસારી;
દાસ ગરીબ બીજી નથી, કોય બચવાની બારી. ૭

પદ ૧૩ મું.

પરમાતમ પરિબ્રહ્મની, ગોત ગુરુ મુખ કરીએ;
અજ્ઞાનને અળગું કરી, બ્રહ્મરૂપમાં ભળીએ. ૧

મૂર્તિ મીઠાની સમુદ્રમાં, થાહ લેવાને ગઈ છે;
આપ ગળી ગઈ આપમાં, સિંધુરૂપે જ થઈ છે. ૨
દેહ અસત જડરૂપ છે, તેને દૂર જ કરતાં;
જીવપણું તો જાતું રહે, શિવ સંગમાં મળતાં. ૩
પૂરણ પુણ્ય પ્રતાપથી, પરલોકમાં જાશે;
નિજ ઘરમાં રે પોતા વિના, સુખ શાંત ન થાશે. ૪
પુણ્ય ખાઈ પાછા પડે, મૃત્યુ લોકની માંઈ;
મર્મ ન જાણે રે મૂરખા, કર્મ કાંડનો કાંઈ. ૫
કમલ વસે જળ ભીંતરે, વાસ ભ્રમરારે જાણે;
દાદુરને દરશે નહી, મોજ માટીમાં માણે. ૬
સર્પ પેઠો છે પાતાળમાં, ઉપર રાફડો કૂટે;
દાસ ગરીબ કે' ગુરુ વિના, સંશે ગ્રંથિ ન છૂટે. ૭

પદ ૧૪ મું.

આતમ અનુભવ જેહને, તેની મહિમા શું વરણું;
તન મન ધન અરપી કરી, લેવું તેનું રે શરણું. ૧
આતમ ધનરે અખૂટ છે, નિરભે નામની પૂંજી;
ઉભય લોકની કામના, જેને નાંખી છે ભૂંજી. ૨
લીન રહે નીજરૂપમાં, જેમ જળમાં રે મીન;
પારસમણિ જેનાં પાસમાં, તેને સર્વે આધીન. ૩
મન વાણી જ્યાં પહોંચે નહી, વિરલે કીધો ત્યાં વાસ;
દ્વૈત કોય દરશે નહી, નામ રૂપનો નાશ. ૪

ચરણ વિના જ્યાં ચાલવું, એવો અટપટો ખેલ;
પામર નર પોંચ્યે નહી, સંત પુરૂષને સેલ. ૫
કોટાંન કોટિ બ્રહ્માંડમાં, સત્તા જેની રે વરતે;
ચૈતન્ય ચુંબક તેજથી, જડ લોઢુંયું નિરતે. ૬
કડાં કુંડળ વેઢ વીટીઉં, સોનામાં છે સમસ્ત;
દાસ ગરીબ શુદ્ધરૂપમાં, સર્વે વિશ્વ અધ્યસ્ત. ૭

પદ ૧૫ મું.

સંતોષ સુરતરૂ સેવતાં, ભૂખ ભવની રે ભાગે;
કલ્પવૃક્ષને રે આશ રે, ચાહ બમણી રે જાગે. ૧
કર્મનું બીજ છે કામના, અવગુણનો આગાર;
રાગ દ્વેષને રે ઇરષા, સર્વે કામની લાર. ૨
ભોગ અરથની રે કામના, કરે સર્વેને દીન;
સુરપતિ સરખા સમર્થને, કામે કીધા આધીન. ૩
જોગી ભોગીને રોગીતણા, મનમાં કીધો છે વાસ;
પોંચ્ચી વરી પરલોકમાં, નાંખ્યો માયાનો પાશ. ૪
આશા નદીના રે પૂરમાં, સર્વ જાય તણાતા;
તૃષ્ણા તરંગમાં ઉછળે, જાય ગોથાં રે ખાતા. ૫
માળા લીધી છે રે હાથમાં, જિહ્વા મુખમાં ફરે છે;
મનમાં વિષયની રે કામના, જો જો ભજન કરે છે. ૬
અહોનિશ ચિંતવન રામનું, સર્વે કામ વિસારી;
દાસ ગરીબ જાઉં સંતની, પદરજપર વારી. ૭

પદ ૧૬ મું—રાગ ધોળ.
રુક્મિણી વિવાહનો ઢાળ.

સતગુરુ કહે તમે સાંભળો, અનુભવતણી એક વાત;
સૂક્ષ્મ સ્થૂલ કારણ નહી, નહી જીવતણી કોય જાત. ૧
જાગ્રત સ્વપ્ન સુષુપતિ, તુરીયા અવસ્થા ચાર;
મૂર્છા સમાધિ એકાગ્રતા, તારુ રૂપ પરાથી પાર. ૨
પંચ જ્યોતિના પ્રકાશથી, ભાસે તે સરવે નાશ;
મન બુદ્ધિ પહોંચે નહી, એ છે પરમ ધામ પ્રકાશ. ૩
પરા પશ્યંતિ ને મધ્યમા, વૈખરી છે વાણી ચાર;
તે તો જ્યાંથી પાછી ફરે, વસ્તુ બાવનથી છે બાર. ૪
વ્યાપક વસ્તુ વિચારતાં, નહીં મોહમાયાનું રે લેશ;
કાળ કર્મ વ્યાપે નહીં, નહીં વ્યાપે પંચ ક્લેશ. ૫
સાન કરી સ્વસંવેદ્યની, સમજાવ્યું કરીને વિવેક;
દાસ ગરીબ બ્રહ્મરૂપમાં, કલ્પિત વસ્તુ અનેક. ૬

પદ ૧૭ મું.

અનેક રૂપ માયા તણા, સર્વેમાં આતમ એક;
પિંડ બ્રહ્માંડે પૂરી રયું, જેનું રૂપ નહીં કોય રેખ. ૧
અમર છે એક આતમા, નામ રૂપ તણો છે નાશ;
વીરલા અનુભવી જાણશે, કરશે તે પદમાં વાસ. ૨
આકાર માંહી તો વિકાર છે, નિરાકારમાં નહીં લેશ;
આગમ જેને અસ્તવે, નેતિ નેતિ કહે છે હમેશ. ૩

સૂક્ષ્મ નહી તો સ્થૂલ ક્યાંથી, ઉભય નહીં કહેવાય;
કારજ કારણ કોય નહી, સમજી સ્વરૂપે સમાય. ૪
સુખ સમુદ્ર સ્વરૂપ છે, ત્રઈલોકી લેરૂં અનંત;
વસ્તર માંહી જેમ પુતરી, સમજે કો વીરલા સંત. ૫
વાસ્તવ વસ્તુ વિવેકથી, સંશય વીપરીય નશાય;
દાસ ગરીબ શુધ સમજતાં, ભવરોગ સમૂળો જાય. ૬

પદ ૧૮ મું.

જાયે થાયે તે રે વાદળાં, એક વ્યોમ જેમનો તેમ;
લેપ ન લાગે નિરાકારમાં, સવિકાર કહીયે કેમ? ૧
કંચન માંહી કલ્પિત છે, જેમ નામ રૂપ અનેક;
આતમ સરવે એક છે, જોતાં અન્વય ને વ્યતિરેક. ૨
ઘન ઘટાને રે વીજળી, વરસાદ વરશે આકાશ;
તેમ બ્રહ્માંડ પરિબ્રહ્મમાં, થાયે ઉત્પત્તિ ને નાશ. ૩
આતમ તત્વ વિચારતાં, થાયે અંતરમાંહી આરામ;
દુખ કોય દરશે નહી, શુધ સુખતણું છે ધામ. ૪
આકાર માંહે છે આપદા, જાતિ ગુણ ક્રિયા ને સંબંધ;
નિરગુણ માંહે લાગે નહી, નામ રૂપતણી કોય ગંધ. ૫
દેહભાવે તો રે દાસ છે, જીવભાવથી અંશ કે'વાય;
જ્ઞાન ભાવે કરી નિરખતાં, દાસ ગરીબ દ્વૈત વીલાય. ૬

પદ ૧૯ મું.

વિલાઈ જાય જેમ વાદળાં, પાછાં તે પળમાં થાયે;
તેમ જગત જગદીશમાં, ઉપજે અને અલપાયે. ૧
લેરું સમુદ્ર મધ્યે દીસે, તેની સંખ્યા નવ કહેવાય;
જળ જોતાં એક રૂપ છે, ભેદ ભરમના ટળી જાય. ૨
માયા અવિદ્યા ઉપાધિથી, જીવ ઈશ્વરનો છે ભેદ;
વાચ્ય ઉપાધિને ત્યાગતાં, તત્ત્વમસિ કહે છે વેદ. ૩
વાલ્મિક વ્યાસ વસિષ્ઠજી, સમજી કર્યો છે સમાસ;
અદ્વૈત એક અરૂપ છે, દ્વૈતભાવ તણો છે નાશ. ૪
આકાર માંહી આશ્રમ છે, નિરાકાર માંય નહી શ્રમ;
નભ વિષે નહી નીલતા, અણછતો થયો છે ભ્રમ. ૫
બ્રહ્મવેત્તારે ગુરુ ભેટતાં, મટી જાયે કાયકલેશ;
દાસ ગરીબ નીજ રૂપમાં, નહી કાળ કરમનો લેશ. ૬

પદ ૨૦ મું.

બ્રહ્મવેત્તા ગુરુ ચરણમાં, જઇને નમાવું હું શીશ;
આરત જન જાણી કરી, ગુરુ આપશે બકક્ષીશ. ૧
ગુરુ બ્રહ્મા ગુરુ વિષ્ણુ છે, ગુરુદેવ મહેશ્વર જાણ;
સતગુરુ પરિબ્રહ્મ છે, એમ ભાખે વેદ પુરાણ. ૨
ગુરુ થકી રે જ્ઞાન ઉપજે, થાય મૂલ અવિદ્યા નાશ;
દ્વૈત કોય દરશે નહી, નહી સ્વામી નહી કોય દાસ. ૩

સતગુરુથી સુખ પામીએ, વામીએ તે પંચ ક્લેશ;
પંચ જ્યોતિ રે પોંચે નહી, એ છે સતગુરુનો દેશ. ૪
આતમ સોય પરમાતમા, જુદા રહ્યા બહુ કાલ;
સાન કરીને સમજાવીયું, સતગુરુ મિલ્યા છે દલાલ. ૫
પાર્થ પ્રત્યે પરમાતમા, કહ્યું પંદરમે અધ્યાય;
દાસ ગરીબ પૂરવું નથી, તે પરમ ધામ કે'વાય. ૬

પદ ૨૧ મું.

કે'વાય તેરે કલ્પિત છે, જેમ ભાસે મરુ જળ ભાસ;
સમજતાં સંશય ટળે, સર્વે વાણી તણો છે વિલાસ. ૧
વૈખરી વાણી મહાવન છે, તેમાં પંડિત ગયા પકડાઈ;
ચૂપ કરીને ચાલ્યા ગયા, તે પો'તા પરમ પદ માંઈ. ૨
શબ્દ રૂપી હથિયારથી, કરી બેઠા પરસ્પર વેર;
મત બાંધીને મુંજાઈ રહ્યા, તાણે પોતપોતાની પેર. ૩
ખટમતમાં ખટપટ ઘણી, અટકી રહ્યા બહુ જંત;
લાલચમાંય લટકી રહ્યા, સટકી ગયા કોય સંત. ૪
વેપાર કરે તે વાણી તણો, મુરકીને મરડે મૂંછ;
આતમ કણ જેમાં નથી, ખાલી દ્વૈતરૂપી કૂટે ભૂંસ. ૫
સંતોની શાન છે અટપટી, ચટપટ લખી નવ જાય;
મટે જો મનની ખટપટી, દાસ ગરીબ તો સમજાય. ૬

પદ ૨૨ મું.

જેને સંગેરે સુખ ઉપજે, ભેદ ભરમના ટળી જાય;
સંત પુરુષ તે જાણવા, બીજા અધવચે અથડાય. ૧
માયાનાં રૂપ અનેક છે, મન મુખે નવ ઓળખાય;
ગુરુ ગમે કરી ગોતીયે, તો માયાનું કપટ કળાય. ૨
ઘર છોડીને વનમાં ગયા, જાણે થયા સંસારથી છૂટ;
જાગીર રૂપે આડી ફરી, પકડીને કર્યા છે ટૂટ. ૩
કોય બળે છે રે દાયમાં, કોયને તે લાગી લાય;
લાય દાયથી ન્યારા રહે, તે સંત પુરુષ કહેવાય. ૪
કાન ફુંકારે ગુરુ હદનાં, તેથી ન ભવ ઉતરાય;
બેહદનાં ગુરુ જો મળે તો, જ્ઞાન યથારથ થાય. ૫
સતગુરુના સદબોધથી, થાય ગ્રંથિ ત્રિવિધનો છેદ;
દાસ ગરીબ જ્ઞાની તણો, મહિમા વખાણે છે વેદ. ૬

પદ ૨૩ મું.

સંગી ચાલ્યા સહુ જાય છે, જાશે તે સઘળો સાથ;
આંણુ ઓચિંતાનું આવશે, જાશો પસારીને હાથ. ૧
જોર ન ચાલે જમ આગળે, કરશે તે હાલ બેહાલ;
દંડ દેતાં ડરશે નહી, મહાકાળ છે વિકરાળ. ૨
અદલ ન્યાય જમરાજનો, કરશે કરમ અનુસાર;
નથી લાલચ કોઈ લાંચની, છે સત્ય તણી ટંકશાર. ૩

કારભારી છે કરડા બહુ, પકડીને કરશે કેદ;
લેખાં લેશે રાઇ રાઇનાં, કરીયાં જે કર્મ નિષેદ. ૪
કરગરીને હાથ જોડશો, કરશો તે ટાંણે વિલાપ;
ધર્મ રાજા ધમકાવશે, પ્રાણી કર્યાં તેં શીદને પાપ. ૫
પાણી પે'લેરે પાળ બાંધજો, એમ કહે છે વેદ પુરાણ;
દાસ ગરીબ તે માનશે, જેને આગળની ઓળખાણ. ૬

પદ ૨૪ મું.

અંધારું ન ટળે ઉલેચતાં, મર કરે કોટી ઉપાય;
કલ્પ પર્યંત કરમો કરે, એક રતિ ઓછું નવ થાય. ૧
રવિ ઉગે તો રજની ટળે, અન્ય ઉપાયથી નહી શાંત;
જ્ઞાન વિના રે તેમ ગતિ નહી, એ છે વેદ તણો સિદ્ધાંત. ૨
કલ્પિત સર્પને કાઢવો, તેમાં નથી ક્રિયાનું રે કામ;
રજ્જુ જોતાં રે રે'શે નહી, અણછતું થયું છે ભાન. ૩
ભ્રાંતિવડે રે ભવ ભાસીયો, તેનો જ્ઞાન વિના નહી નાશ;
વારંવાર વશિષ્ઠમુનિ, રામ પ્રત્યે કહ્યું છે ખાસ. ૪
ગામ ભૂલો ને ઘર ગોતવું, એને કોણ બતાવે ધામ;
ભ્રાંતિ માંહી રે ભમતા ફરે, કરે અનેક કર્મ સકામ. ૫
વાત જથારથ જ્ઞાનની, સમજે તો સુખ બહુ થાય;
દાસ ગરીબ રોચક થકી, ભુખભવતણી નહીં જાય. ૬

પદ ૨૫ મું.

શ્રીશુકદેવ આરંભ કરીયો, શ્રીમદ્‌ભાગવત સાર;
વિચાર કરીને વરણવ્યું, નહિ જ્ઞાન વિના તે ઓધાર. ૧

એકાદશ એકત્રીસમાં, છે અધિક એકથી એક;
રાજા પરીક્ષિત સાંભળે, કરી સાધન જ્ઞાન વિવેક. ૨
પ્રથમ જદુકુલ નાશની, કહી કથા કર્યું વ્યાખ્યાન;
વૈરાગ્ય કારણ વર્ણવી, કરવા યથારથ જ્ઞાન. ૩
ધન ઘટારે ઘોરું કરે, તેમ જાદવનું થયું જોર;
મુશલ શાપ નિમિત્ત કરી, શ્રીકૃષ્ણે તે વાર્યો કોર. ૪
છપ્પન કોટી કુલ યાદવો, ક્ષણમાં તે થઈ ગયા ચૂર;
શુકદેવજી કહે સાંભળો, જેમ આકસરીખા તૂર. ૫
કામ નાશક જે કથા કહી, સાંભળી પરીક્ષિત રાય;
દાસ ગરીબ પૂરણ થયો તે, પ્રથમનો અધ્યાય. ૬

પદ ૨૬ મું.

બંદે કાયકું કરે કલપના—એ રાગ.

મન કાહેકું ફોકટ ફિરના, હરિભજન ભવ તરના. ટેક.
કર સતગુરુસે તું યારી, પલ ચલી જાત હે પ્યારી,
તુમ ગફલતમેં નહી રહેના, સ્વારથ અપના કર લહેના;
એક દીનહે આખર મરના, હરિભજન કરી ભવ તરના. ૧
અબ મત કરના તુમ દેરી, તેરે શિરપર હે જમ વેરી,
જબ મારપકડ કર લેંગે, તબ કોન પુકાર સુનેંગે;
મન અનરથસેં તુમ ડરના, હરિભજન કરી ભવ તરના. ૨
તન ધન જોબન સુત દારા, એક દીન સબ હોયગે ન્યારા,
તુમ મત જાનો કછુ મેરા, પ્રીય માતતાત ભ્રત ચેરા;
ચિત ગુરુ ચરનમેં ધરના, હરિભજન કરી ભવ તરના. ૩

હે પરલોક ચલનકી ત્યારી, વહાં ખડી નહી કોય સ્વારી,
પ્રાણી પરલોક પ્યાદલ ચલના, જાય ધર્મરાયસે મિલના;
દાસ ગરીબ સુકૃત કરના, હરિભજન કરી ભવ તરના. ૪

પદ ૨૭ મું.

પ્રાણી મત કરના અભિમાના, ધર બહાર મુસાફરખાના. ટેક.
ગજ બાજી સવારી ચડતા, શિર ઉપર છત્તર ધરતા,
જહાં હરદમ નૌબત બાજે, સો ચલે ગયે સબ રાજે;
તુમકું હે આખર જાના, ધર બહાર મુસાફરખાના. ૧
પલભરકા નહી ભરોંસા, જીવ કર લેના કછુ તોસા,
તુજે ચલના જંગલ રસ્તા, બીચ શહર કોઈ નહી વસ્તા;
અબ કર લેનાં પકવાના, ધર બહાર મુસાફરખાના. ૨
યહાં રહનેકા કોઈ નહીં હે, કોઈ આજ કાલ ચલ જૈહે,
ફીર નયા મુસાફર આવે, દીન ચાર રહી ચલિ જાવે;
યોં કહત હે વેદ પુરાના, ધર બહાર મુસાફરખાના. ૩
કછુ ભલા કર્મ કર લેના, દિન ચાર જગતમેં રહેના,
હર્દમ હરિ હરિ તુમ કરના, હર વખ્ત કાલસેં ડરના;
દાસ ગરીબ ફિર નહીં આના, ધર બહાર મુસાફરખાના. ૪

પદ ૨૮ મું.

સબ ખટ દરશનકા ખેલા, હે જગ દરશનકા મેલા. ટેક.
દિન ચારકમેં ચલ જાના, તેરે સંગ નહીં પરવાના,
કછુ નેક નામી કર લેના, સબસેં હિલમીલ કર રહેના;

અંતકાલ નહી કોય ભેલા, હૈ જગ દરશનકા મેલા. ૧
કોય જલ પીવનકું આવે, તહાં સાત પાંચ મીલ જાવે,
એકક્ષણમેં હોય સબ ન્યારે, નહી કોઈ કિસીકે પ્યારે;
તુમ રામ સમર મન ઘેલા, હૈ જગ દરશનકા મેલા. ૨
સબ ચલે મુસાફ્રર જાતા, સુત ભાઇબંધ અરુ માતા,
કોઈ નારી પુરુષ કહેલાતા, યોં બન્યા પરસ્પર નાતા;
કોય ગુરુ બન્યા કોય ચેલા, હૈ જગ દરશનકા મેલા. ૩
નહી રહા સોમ કોય દાતા, યહ જગત ચલ્યા સબ જાતા,
પ્યારે પેદલ કબહુ ન ચલતા, અરુ બૈઠ વિમાનહી ફિરતા;
દાસ ગરીબ ગયા અકેલા, હૈ જગ દરશનકા મેલા. ૪

પદ ૨૯ મું.

બંદે છોડ દે બાત અવરકી, તુમ ખોજ કરો નિજ ઘરકી. ટેક.
તેરી કોન જાત કોન વરના, યહ વિચાર દિલમેં કરના,
ફ્રિર હીંદુકે તુરકાના, તુમ અપનેકું કયા જાના;
યહ વિચાર કીજે હરકી, તુમ ખોજ કરો નિજ ઘરકી. ૧
તુમ શ્વેત પીતકે કાલી, પચરંગ હરીતકે લાલી,
અરુ નર હો કી તુમ નારી, ગ્રહ આશ્રમ કે બ્રહ્મચારી;
મન લડકા હોકી લડકી, તુમ ખોજ કરો નિજ ઘરકી. ૨
અરુ ના મરદ હો મરદાના, જડ ચૈતનકે કછુ આના,
તુમ સૂક્ષમ હોકી સ્થૂલ, ફ્લ ફુલ ઝાડકે મૂલ;
સત વસ્તુ લીજે પરખી, તુમ ખોજ કરો નિજ ઘરકી. ૩

કર સતગુરુ ચરનમેં ડેરા, સબ શંસય કરે નીવેરા,
કરે જીવ બ્રહ્મકા મેલા, ઉનકા બન જાના ચેલા;
દાસ ગરીબ અંતર નિરખી, તુમ ખોજ કરો નિજ ઘરકી. ૪

પદ ૩૦ મું–રાગ કાફી.

નાથ કૈસે ગજકો બંધ છુડાયો–એ રાગ.

જીવ તારે માથે જોખમ છે ભારી, સતસંગ છુટ્યાની છે બારી. ટેક.
આયુષની અવધિ કરી આવ્યો, તું ભજવા શ્રીકૃષ્ણ મોરારી;
માયાની મમતામાં આવી મુંજાણો, તેં વાત મૂકી છે વિસારી. જીવ૦
જમરા આવી જ્યારે જોખમ કરશે, ત્યાં ચાલે નહી કોય કારી;
પરલોકમાં જઈ કરશો પુકારું, એ કોણ શકે દુખ ટારી. જીવ૦
આરે સંસારમાં સમજીને રે'વું, કરવાં તે કર્મ વિચારી;
આવી અચાનક કાલ પકડશે, તે ટાંણે થશે દુખ ભારી. જીવ૦
જનમ્યા રે તે તો સર્વ જવાનાં, દેવ દાનવ દેહ ધારી;
રાવણ સરખાને રણમાંયે રોળ્યા, તો જોગી જતી બ્રહ્મચારી. જીવ૦
માત પિતા સુત કુટુંબ કામિની, એ સાહે કરે નહી તારી;
દાસ ગરીબ પળ પાછી ન આવે, એ વેદ કહેછે પુકારી. જીવ૦

પદ ૩૧ મું.

તું મનવા ભજી લે શ્રીશારંગપાણિ, ખાલી વખત ખો મા અભિમાની. ટેક.
રાવણ જેવા રાજા હતા, ધરે ભરતા પવન જેનું પાણી;
કૌરવ કંસને કાળે હણ્યા છે, તો રાજ થયાં ધૂળધાણી. તું૦

કોલ કરાર કરીને તું આવ્યો, એ વાત હૃદે નવ આણી;
નારાયણનું તેં નામ ન લીધું, વંઠી ગઈ તારી વાણી. તું૦
આળસમાંરે તેં અવસર ખોયો, હાથે કરી બેઠો હાણી;
લાભ લેવાને તું આવ્યો હતો, પણ જુગતિ જરા નવ જાણી. તું૦
લક્ષ ચોરાસી ફરીનેરે આવ્યો, ભટકી આવ્યો ચાર ખાણી;
બુદ્ધિ હીણાનેરે બોધ ન આવ્યો, હજીએ બેઠો મત તાણી. તું૦
મનુષ્ય દેહનો મરમ ન જાણ્યો, મોજ શકયો નહી માણી;
દાસ ગરીબ નર દેહ ધરી તેં, કીધી તે સૂંરે કમાણી. તું૦

પદ ૩૨ મું.

મૂરખ મન ગાને ગોવિંદનુંરે ગાણું, ફરી મળશે નહી આવું ટાણું. ટેક.

કોણ હતો નેરે કયાંથી તું આવ્યો, એ વાતનું કરજે ઠેકાણું;
અવસર ચાલ્યો અચાનક જાશે, આવી ઉભું રહેશે આણું. મૂ૦
સગવડ સર્વે સારો બન્યો છે, બેસે નહી કાંઈ નાણું;
કારજ વીત્યા પછી કોઈ ન પીરસે, ખાલી રે'શે તારું ભાણું. મૂ૦
સુતવીત સુંદરસાજ દેખીનેરે, માયામાં મન લલચાણું;
મધનીરે લાર મૂરખ નવ મૂકે, વાસે ઓચિંતાનું વાણું. મૂ૦
મારું મારું કરી જન્મ વગોવ્યો, હજુએ જાણે સુખ માણું;
મનમાં જાણે મારે મરવું નથી પણ, રાવણથી ન રે'વાણું. મૂ૦
શુદ્ધ વિચાર તો સુજ્યો નહી, પછી ભ્રાંતિમાં મન ભરમાણું;
દાસ ગરીબ કે' ખાલી પડી ખેપ, કે'તી આવે એમ કાણું. મૂ૦

પદ ૩૩ મું.

મૂરખ મન માની લેને કર્યું મારું, અંતે કારજ સરસે તારું. ટેક.
આળસ મુકીને ચેતી લે પ્રાણી તું, મળીયું છે મોક્ષનું બારું;
અંત સમે તુંને આખીરે પડશે, ત્યાં કોણ કરે તારી વારું. મૂ૦
ભવસાગર ભરપૂર વહે છે, તે વીરલા તરે કોય તારુ;
બુદ્ધિ હીણા નર બૂડીરે મરશે, કરશે તે ટાંણે પોકારુ. મૂ૦
હરિ ગુરુ સંત પોકારી કહે છે, તત્વ બતાવે છે સારું;
મન મુખીયા નર મતમાં મુંજાણા, ઈજઇને પીયે જલ ખારું. મૂ૦
મરવા ટાંણે છાપા તિલક કરાવે, જમને પાછા જાણે વારું;
કાળ આવે ત્યારે કારી ન ચાલે, ઈ પેલી બાંધી લ્યોને પારું. મૂ૦
મૂળ સ્વરૂપનો મરમ ન જાણે, ઝાલી બેઠા છે રે ડારું;
દાસ ગરીબ કહે સમજ્યા વિના, પછી જયાં ત્યાં ખેરે બેઠા લારું. મૂ૦

પદ ૩૪ મું—રાગ કાફી.

(સાજણનાં પદનો ઢાળ.)

તમે અસલ વિચારો ભાઈ, શીદ રહ્યા નકલ ભરમાઈ. ટેક.
નામરૂપને મિથ્યા જાણી, સદ્ચિદ્ આનંદને પરમાણી;
સોહં સ્વરૂપ સુખદાઈ, શીદ રહ્યા નકલ ભરમાઈ. ૧
વ્યાપકરૂપે થઇને રે'વું, પરિચ્છિન્નમાં ચિત્ત ન દેવું;
દ્વૈત ભાવ દુઃખદાયી, શીદ રહ્યા નકલ ભરમાઈ. ૨
ખટ વિકાર સાકારે વળગા, નિરાકારથી રે'શે અળગા;
સતગુરુ કહે સમજાઈ, શીદ રહ્યા નકલ ભરમાઈ. ૩

કસ્તુરી મૃગ નાભિમાં છે, વિણ સમજે વળગે જઈ ઘાસે;
અકલ તણી કમતાઈ, શીદ રહ્યા નકલ ભરમાઈ. ૪
દાસ ગરીબ સમજો ગુરુ ગમથી, તો જમ જુદા છે નૈ તમથી;
સમજી રહો સમાઈ, શીદ રહ્યા નકલ ભરમાઈ. ૫

પદ ૩૫ મું.

ભજ મન તું ગિરિવરધારી, ભય મોત તણો છે ભારી. ટેક.
હર્દમ હરિ હરિ મુખથી કે'જે, દુષ્ટ સંગથી અળગો રે'જે;
કર સતગુરુસેં યારી, ભય મોત તણો છે ભારી. ૧
કાળ તણી ગત કોયે ન જાણે, કાળ આવશે કેયા ટાંણે;
પળ તો જાય છે પિયારી, ભય મોત તણો છે ભારી. ૨
આ અવસર આવ્યો છે છેલ્લો, પ્રભુ ભજન કર થાને વેલો;
શેષ આયુષ છે તારી, ભય મોત તણો છે ભારી. ૩
સત્ય વસ્તુને સમજી લેજે, આતમ રૂપે થઇને રે'જે;
જીવતર છે દીન ચારી, ભય મોત તણો છે ભારી. ૪
જ્યાં સુધી છે શક્તિ તારી, દાસ ગરીબ ભજ કૃષ્ણ મોરારી;
આખર દેહ પડનારી, ભય મોત તણો છે ભારી. ૫

પદ ૩૬ મું.

પ્રાણી આખર તો છે મરવું, કરી હરિભજન ભવ તરવું. ટેક.
જાગી જોને જીવ અભાગી, મનુષ્યદેહ તું લાવ્યો માગી;
દુષ્ટ કર્મ નવ કરવું, કરી હરિભજન ભવ તરવું. ૧

કર્મ રચિત છે કાયા તારી, અંત અગનમાં દેશે જારી;
કાળ પાશથી ડરવું, કરી હરિભજન ભવ તરવું. ૨
જમરા આગળ જોર ન ચાલે, કંઠ પાશથી આવી ઝાલે;
પિંડ રચ્યું તે પડવું, કરી હરિભજન ભવ તરવું. ૩
મન મૂરખ તું માની લેજે, નીચ કર્મથી અળગો રે'જે;
ધ્યાન ધણીનું ધરવું, કરી હરિભજન ભવ તરવું. ૪
લશ્કર સાથે લઇને ફરતા, દાસ ગરીબ તે દીઠા જરતા;
અભીમાન નવ કરવું, કરી હરિભજન ભવ તરવું. ૫

પદ ૩૭ મું.

અબ કારજ અપના કરનાં, ચિત્ત હરિ ચરનમેં ધરના. ટેક.
ધર્મરાજકા દૂત બડા હૈ, શિરપર તેરે આઈ ખડા હૈ;
નિશ્ચે તુજે પકડના, ચિત્ત હરિ ચરનમેં ધરના. ૧
બડે બડે યોધા હૈ ભારે, કાલ સબનકે ગર્દન મારે;
લે સત ગુરુકા શરનાં, ચિત્ત હરિ ચરનમેં ધરના. ૨
બેઠ સવારી ઉપર ચલતે, સો દેખે સમશાને જલતે;
કુરીતસેં તુમ ડરના, ચિત્ત હરિ ચરનમેં ધરના. ૩
રાવણ કુંભકરણ બલ ભારી, રામચંદ્રસેં કીની રારી;
સો ઉડી ગયે જ્યુંતરનાં, ચિત્ત હરિ ચરણમેં ધરના. ૪
ખાન પાન જમતે બહુ મેવા, સો સબ હો ગયે કાલ કલેવા;
દાસ ગરીબ હૈ મરના, ચિત્ત હરિ ચમનમેં ધરના. ૫

પદ ૩૮ મું—ગરબી.

મુખડાની માયા લાગી રે મોહન તારા—એ રાગ.

જમડા જરૂર લેશેરે, વિચારી જો તું. ટેક.

હાલ તો હૂકમ હાલે, માયામાં તું મોજું માલે;
અચાનક આવી ઝાલેરે, વિચારી જો તું. ૧
સગાં સર્વે ભેળાં થાશે, આવીને ધોંખે ભરાશે;
જીવોજી તો ચાલ્યા જાશેરે, વિચારી જો તું. ૨
જનની જનક જોશે, રાણી જાયા વાંસે રોશે;
હાથ બાજી આવી ખોશેરે, વિચારી જો તું. ૩
ઓચિંતાનું આવે આણું, જમરા ન જુવે ટાણું;
કેડે બેઠી રોશે કાણુરે, વિચારી જો તું. ૪
કાળે કરીને થાશે નાશ, મૂકી દે માયાની આશ;
કહે છે ગરીબ દાસરે, વિચારી જો તું. ૫

પદ ૩૯ મું.

જાવાનું જરૂર થાશે રે, મૂરખ મન. ટેક.

સારું કર્મ કરી લેજે, ભુખ્યાને ભોજન દેજે;
મુખે સીતારામ કે'જે રે, મૂરખ મન. ૧
સંત સંગ લાભ લેવો, જગમાં તીરથ જેવો;
હમેશાં સંતુને સેવો રે, મૂરખ મન. ૨
વખત તો વહી જાશે, પછી બહુ ધોંખો થાશે;
ખડ કર્યું તે કોણ ખાશે રે, મૂરખ મન. ૩

બાપ કહે મારો બેટો, આખર રે'વાનો છેટો;
અચાનક થાશે ખેટો રે, મૂરખ મન. ૪
માટે કર્યું માન મારું, કરી લે કારજ તારું;
ગરીબોની કરો વારું રે, મૂરખ મન. ૫

પદ ૪૦ મું.

જમરાનું જોર ભારી રે, ચેતીને રે'જો. ટેક.
અણધાર્યા ઉભા રે'શે, પે'લી ન ખબર દેશે;
અચાનક આવી લેશે રે, ચેતીને રે'જો. ૧
ચક્રવર્તી ગયા છે ચાલી, મોજ કેડે બીજે મા'લી;
એવા ચાલ્યા ગયા છે ખાલી રે, ચેતીને રે'જો. ૨
રાવણની જુવો લંકા, હતા લક્ષ પુત્ર બંકા;
તેને કાળે દીધા ડંકારે, ચેતીને રે'જો. ૩
એવા તો કોટાન કોટી, સત્તા જેની હતી મોટી;
લઈ ગયા ઝાલીને ચોટીરે, ચેતીને રે'જો. ૪
ગરીબનું શુંરે ચાલે, એવાને લીધા છે કાળે;
જીવને જરૂર ઝીલેરે, ચેતીને રે'જો. ૫

પદ ૪૧ મું.

જગમાં જીવન થોડુંરે, પામર પ્રાણી. ટેક.
ઘરની ઘાણીમાં જુતા, પછી લાંબા થઈ સુતા;
અંતે ગયા છે આંસુ લુતારે, પામર પ્રાણી. ૧

આવ્યો તો કરાર કરી, ભજીશ હમેશાં હરિ;
બા'રે આવી બુદ્ધિ ફરીરે, પામર પ્રાણી. ૨
જમરાજ લેખાં લેશે, ત્યારે શું જવાબ દેશે;
કાળું મોઢું થઈ રે'શે રે, પામર પ્રાણી. ૩
મન તું પૂરે છે માતું, તારે માથે મોટી ઘાતું;
ભેરું તારે નથી ભાતુંરે, પામર પ્રાણી. ૪
કોરટમાં જીવ જાશે, ન્યાય ત્યાં અદલ થાશે;
ગાયું છે ગરીબ દાસેરે, પામર પ્રાણી. ૫

પદ ૪૨ મું.

સંગી તારું કોય નથીરે, સંસાર માંયે. ટેક.
આદિમાં તું એકાએક, મધ્યમાં થયા અનેક;
સાચું હશે રે'શે છેકરે, સંસાર માંયે. ૧
જાય થાયે સર્વે ફોક, ચીર નહી બ્રહ્મલોક;
તેનો કરવો નહી શોકરે, સંસાર માંયે. ૨
રાજ કર્તી હતી રાણી, તારા જેવા ભર્તા પાણી;
હમેશાં ન તેણે માણીરે, સંસાર માંયે. ૩
બળમાંથી બોલે બોલ, આગળ ન ચાલે પોલ;
વાગી જાશે તારો ઢોલ રે, સંસાર માંયે. ૪
વેદમાં કહ્યું છે ખાસ, સાંભળ્યું ગરીબદાસ;
સંતોનું વૈકુંઠ વાસરે, સંસાર માંયે. ૫

પદ ૪૩ મું.

જુવાની તો જાતી રે'શેરે, જાગીને જો તું. ટેક.
ફુલ તો ફુલ્યું છે હાલ, કરમાઈ જાશે કાલ;
માટે તું ચેતીને ચાલરે, જાગીને જો તું. ૧
દેહનો ભરોંસો ખોટો, પાણીનો છે પરપોટો;
ફૂટી જાશે જેમ ફોટોરે, જાગીને જો તું. ૨
ખાતાં પીતાં ભેળા ફરતાં, સાથે બેસી મોજું કરતાં;
તેને ચે'માં દીઠા બળતારે, જાગીને જો તું. ૩
સાચું કહું છું સમ ખાઈ, જરૂર જાવું છે ભાઈ;
કરી લે સાચી કમાઈ રે, જાગીને જો તું. ૪
કહે છે ગરીબદાસ, મન મુકી દેને આશ;
તુરત કરો તપાસ રે, જાગીને જો તું. ૫

પદ ૪૪ મું.

જનમ ધરી શું કીધું રે, સંસારમાં તેં. ટેક.
સારું કર્મ નવ કીધું, ગરીબોને દુઃખ દીધું;
અર્થ કાંઈ નવ સીધું રે, સંસારમાં તેં. ૧
મનુષ્યની દેહ ધરી, ખેપ સાવ ખાલી પડી;
ભટકી ચોરાસી ભરી રે, સંસારમાં તેં. ૨
મળી છે મોક્ષની શ્રેણી, રંચ નવ રાખી રેણી;
કરી બેઠો ઉંધી કેણી રે, સંસારમાં તેં. ૩

જાશો સાવ ખાલી હાથે, કોડી નવ ચાલે સાથે;
ભાર તો ઉપાડ્યો માથે રે, સંસારમાં તેં. ૪
પાપના તો પ્હાડ અમે, ગરીબ નીવાજ તમે;
પ્રભુ વિના કોણ ખમે રે, સંસારમાં તેં. ૫

પદ ૪૫ મું.

સંતોને શરણ રે'જો રે, સજ્જનજન. ટેક.
દુઃખ સર્વે દૂર જાશે, અધિક આનંદ થાશે;
અંતે મોક્ષ ધામ જાશે રે, સજ્જનજન. ૧
દેવને દુર્લભ સાજ, સુલભ મળ્યો છે આજ;
તેમાં કરી લ્યોને કાજ રે, સજ્જનજન. ૨
સારાં સુકૃત કરી લેજો, કુડાં કર્મ મૂકી દેજો;
સત સંગ માંયે રે'જો રે, સજ્જનજન. ૩
સંસાર સમુદ્ર ખારોં, તરવાનો આવ્યો વારો;
સાજ તો મળ્યો છે સારો રે, સજ્જનજન. ૪
જેને તૂં ખોજે છે ખાસ, તે તો વસ્તુ તારે પાસ;
કહે છે ગરીબદાસ રે, સજ્જનજન. ૫

અથ પુરુષોત્તમ માસમાં ગાવાનાં પદો.

પદ ૪૬ મું.

મારે મંદિર પધાર્યા મીઠા માવજી—એ રાગ.

પુરુષોત્તમ સ્વામી આજ આવીયા રે. ટેક.
સખીયું સરવે મળીને જાયે પૂજવા રે;
શુભ ગુણની ભરી છે રે છાબ. પુરુ. ૧
સજીયા શણગાર શીલ સંતોષનારે;
એને હૈડે હરખ ન સમાય. પુરુ. ૨
સરવે એક બીજાથી છે ઉતાવળી રે;
સખીયું પૂછે પરસપર વાત. પુરુ. ૩
આ તો અવસર અમૂલખ આવીયો રે;
મળીયો દેવને દુર્લભ સાજ. પુરુ. ૪
સરખે સરખી મળીને રે ટાળે વળે રે;
દાસ ગરીબ કરે છે વિચાર. પુરુ. ૫

પદ ૪૭ મું.

પુરુષોત્તમ સ્વામી આજ આવીયા રે. ટેક.
ચાલો સતગુરુ પાસે જઈ પૂછીયે રે;
સ્વામી સેવામાં જોશે રે શું સાજ. પુરુ. ૧
ગુરુએ સાન કરીને સમજાવીયું રે;
શ્રદ્ધા શ્રીફલ જોશે રે જરૂર. પુરુ. ૨

ચાર સાધન લેજો તમે સાથમાં રે;
વિવેક વૈરાગથી રે પૂજો પાય. પુરુ. ૩
પ્રેમ પુષ્પ થકી રે વધાવીયા રે;
કીધા તન મન ધન કુલબાન. પુરુ. ૪
દાસ ગરીબ હરિ ત્યારે બોલીયા રે;
સખીયું સરવેનો વૈકુંઠ વાસ. પુરુ. ૫

પદ ૪૮ મું.

મારે મંદિર પુરુષોત્તમ પધારીયા રે. ટેક.
ધન્ય ધન્ય દિવસ ઘડી આજની રે;
મુંને મળીયા છે પ્રાણ આધાર. મારે. ૧
સખીયું ચાલો પ્રેમે રે કરી પૂજીયે રે;
થાયે અરસ પરસ રે આનંદ. મારે. ૨
ગયું વખત પાછું રે નહીં આવશે રે;
આપું અર્પીને કરો ઓળખાણ. મારે. ૩
વા'લો પ્રગટ પરિબ્રહ્મ રૂપ છે રે;
જેને વેદ નેતિ રે નેતિ ગાય. મારે. ૪
સર્વે વિશ્વ સમાઇને જેમાં રહે રે;
દાસ ગરીબ બાવનથી છે બાર. મારે. ૫

પદ ૪૯ મું.

સજની માસ પુરુષોત્તમ આવીયો રે. ટેક.
ચાલો હરખે કરીને હરિ પૂજીયે રે;
કરીએ મનુષ્ય દેહને સાફલ. સજની. ૧

પાછો અવસર હાથ નહીં આવશે રે;
મળીયો કાક તાલીવત ન્યાય. સજની. ૨
દેહ અસત જડ દુઃખ રૂપ છે રે;
અંતે બળીને થાવાનો છે રાખ. સજની. ૩
સજની અખંડ સૌભાગ્ય તેહનો રે;
જેને વરીયા પુરુષોત્તમ રાય. સજની. ૪
પૂર્વ પુણ્ય તણા રે પ્રતાપથી રે;
દાસ ગરીબ મળીયો છે દાવ. સજની. ૫

સાચા સત્સંગ વિષે.

પદ ૫૦ મું–ગરબી

અનુભવી સંતનો સંગ કરીએ રે–એ રાગ.

સાચું સમજાવીયું સતગુરુ વેરે, પુણ્ય કીધાં હશે મેં પૂરવે. ટેક.
મૂલ સંસારનું સમજાવ્યું રે, તેનું વાસના બીજ બતાવ્યું રે;
મારા અનુભવ માંય તે આવ્યું, સાચું સમજાવીયું. ૧
હું ને મારું માયાનું છે રૂપ રે, તેથી ન્યારું છે તત્ત્વ અનૂપ રે;
એમ કહે છે મુનિવર ભૂપ, સાચું સમજાવીયું. ૨
બંધ મોક્ષ અવિદ્યા આભાસ રે, થાય બ્રહ્મવિદ્યાથીરે નાશરે;
સાન કરી સમજાવ્યું છે ખાસ, સાચું સમજાવીયું. ૩
મન મૂરખ મર્મ ન જાણે રે, બેઠા પક્ષ પોતાનો રે તાણે રે;
દાસ ગરીબ ક્યાંથી સુખ માણે, સાચું સમજાવીયું. ૪

પદ ૫૧ મું.

પ્રીતિ સતસંગમાં જ્યારે થાશે રે, વાત સાચી ત્યારે સમજાશે. ટેક.
તીર્થ વ્રત કરી ફળ જાચ્યું રે, વાત રોચકમાં મન રાચ્યું રે;
સતસંગ વિના સર્વે કાચું, પ્રીતિ સત્સંગમાં૦ ૧
અંત કાળે ઓાઠા બહુ કરશેરે, તેથી જમરા પાછા નવ ફરશેરે;
પ્રાણી જન્મ મરણ નહી ટળશે, પ્રીતિ સત્સંગમાં૦ ૨
કોય નાઇધોઇ હરખાયે રે, કોઈ નાચે વગાડે ને ગાયે રે;
એમ મોક્ષગતિ નવ થાયે, પ્રીતિ સત્સંગમાં૦ ૩
એક ભગવાં પહેરી કરે વેષરે, બીજા માથે વધારે છે કેશરે;
દાસ ગરીબ નાવે એમ દેશ, પ્રીતિ સત્સંગમાં૦ ૪

પદ ૫૨ મું.

સાચો સતસંગ જેને મળશેરે, તેનાં જન્મ મરણ દુઃખ ટળશે. ટેક.
મળ્યા શુકદેવજી નિષકામરે, દીધું જ્ઞાન લીધું નહી દામરે;
પરીક્ષિત પોતા નિજ ધામ, સાચો સતસંગ૦ ૧
તાપ નારદને હતા સાત રે, ઈતો ઉપનિષદોમાં છે વાત રે;
સતસંગ થકી થયા છે શાંત, સાચો સતસંગ૦ ૨
કર્યો સનત મુનિ ઉપદેશ રે, સાંભળીને ટળ્યા છે ક્લેશ રે;
નિજાનન્દમાં રહે છે હમેશ, સાચો સતસંગ૦ ૩
મહિમા શેષ થકી ન કેંગ્વાણું રે, જેનું પાર ન પામે પુરાણું રે;
દાસ ગરીબ હું શું રે વખાણું, સાચો સતસંગ૦ ૪

પદ ૫૩ મું.

સાચો સતસંગ સમજીને કરવો રે, સંગ લંપટનો પરહરવો. ટેક.
સોના પિત્તળનો રંગ એક રે, એના મૂલમાં ફર્ક અનેક રે;
તેનો વીરલા કરે છે વિવેક, સાચો સતસંગ૦ ૧
અર્ક ફૂલનો આંબા જેવો રંગ રે, એના સ્વાદમાં છે નહી ઢંગ રે;
માટે સમજીને કરવો સંગ, સાચો સતસંગ૦ ૨
આજ વેશ તણો નથી ત્રોટો રે, લીધી માલા ને બેરખો મોટો રે;
કરો વિશ્વાસ તો વાળે ગોટો, સાચો સતસંગ૦ ૩
હોય સંત પુરુષ કોઈ એક રે, કહ્યો ગીતામાં કૃષ્ણ વિવેક રે;
દાસ ગરીબ સાચી છે ઈ ટેક, સાચો સતસંગ૦ ૪

પદ ૫૪ મું.

સાચા સતસંગથી ભવ તરીયે રે, માટે સમજી કરી સંગ કરીએ. ટેક.
હાલ વેષ થયા બહુ બોળા રે, એક ભગવા ને બીજા ધોળા રે;
રાજ હંસના હોય નહી ટોળાં, સાચા સતસંગથી૦ ૧
ભૂમિ ઉપર નાગ ફરે છે રે, ખાઈ દાદુર પેટ ભરે છે રે;
એક શેષ સૃષ્ટિને ધરે છે, સાચા સતસંગથી૦ ૨
વેષધારી કરે શું કલ્યાણ રે, એમાં કપટમુનિનું પ્રમાણ રે;
કાઢ્યું પ્રતાપ ભાનુનું ધાણ, સાચા સતસંગથી૦ ૩
મુંડ મુંડાવે સિદ્ધિ જો થાયે રે, ભાંડ ભવૈયા વૈકુંઠ જાયે રે;
દાસ ગરીબ સ્વર્ગે ન સમાયે, સાચા સતસંગથી૦ ૪

દુષ્ટ સંગ વિષે.

પદ ૫૫ મું.

દુરિજન સંગને પરહરવોરે, એનો ભૂલે પરશ નવ કરવો. ટેક.
એને સઘળું કદી નવ સૂજેરે, ભેઠ બાંધી ભુંડામાં જુઝે રે;
રાજ રોગ થયો કેમ રુઝે, દુરિજન સંગને પરહરવો રે૦ ૧
લીધા દીધા વિના બળે છે રે, મૂર્ખ હાથે કરીને મરે છે રે;
બેઠા આતમ ઘાત કરે છે, દુરિજન સંગને પરહરવો રે૦ ૨
પરનિંદામાં છે બહુ પ્રેમ રે, ઇતો દુષ્ટનું છે નીત નેમરે;
એનું ઇષ્ટ થયું મુકે કેમ, દુરિજન સંગને પરહરવો રે૦ ૩
નવરા થઇને ચૂંથે બેઠા ચામ રે, ભૂંડાં કર્મ કરવાનું છે કામ રે;
દાસ ગરીબ રાખે ઇથી રામ, દુરિજન સંગને પરહરવો રે૦ ૪

પદ ૫૬ મું.

દુરિજન સંગથી દૂર રે'વું રે, ચિત્ત હરિના ચરણમાંય દેવું. ટેક.
એના શ્વાન સરીખા છે ઢંગ રે, એક દીનમાં કરે દશ રંગ રે;
પાડે હરિનાં ભજનમાંહે ભંગ, દુરિજન સંગથી દૂર રે'વું રે૦ ૧
ખરની પેઠે હમેશાં ભુંકે છે રે, સત્સંગમાં દોષ મુકે છે રે;
વરષા કાલે જવાસો સુકે છે, દુરિજન સંગથી દૂર રે'વું રે૦ ૨
ગુણ ત્યાગીને દોષના ભાગી રે, લે છે હાથે કરી નર્ક માગી રે;
એને કાંણી કરમની રે લાગી, દુરિજન સંગથી દૂર રે'વું રે૦ ૩
મૂર્ખ ખોઈ જાશે આવો દાવ રે, હશે હરિજન તે લેશે લાવ રે;
દાસ ગરીબ જેને જેવો ભાવ, દુરિજન સંગથી દૂર રે'વું રે૦ ૪

પદ ૫૭ મું.

રહ્યો સત્સંગમાં છે વિવેક રે, દુરિજનને લાગે નહીં એક. ટેક.
કાગા ધાગા ટાળે નહીં કોયે રે, ખર સોમણ સાબુથી ધોયે રે;
એ તો હંસ કદી નવ હોયે, રહ્યો સત્સંગમાં છે વિવેક રે૦ ૧
વિષ વીંછીનું મંત્રથી ટાળે રે, કાળા નાગને વાદી ઉતારે રે;
નર નુગરાને કોય ન વારે, રહ્યો સત્સંગમાં છે વિવેક રે૦ ૨
દવ લાગો ઇ જળથી ઓલાયે રે, દેહ રોગ દવાથી રુજાયે રે;
મૂર્ખ નરનું ઓષડ નવ થાયે, રહ્યો સત્સંગમાં છે વિવેક રે૦ ૩
લોહ મળને લોહાર હરે છે રે, સોનું સાફ સોનાર કરે છે રે;
દાસ ગરીબ નુગરાથી ડરે છે, રહ્યો સત્સંગમાં છે વિવેક રે૦ ૪

પ્રભુ પ્રાર્થના વિષે.

પદ ૫૮ મું.

દુરિજન દુઃખ દીયે બહુ ભારી રે, તેને વારોને કૃષ્ણ મોરારી. ટેક.
મુને શરણુ છે એક તમારું રે, બીજું જોર નથી કોઈ મારું રે;
સ્વામી કરજો સેવકની સારું, દુરિજન દુઃખ દીયે બહુ ભારીરે૦ ૧
પ્રભુ બાંના બીરદને સંભારી રે, કરશો કૃપા ગોવર્દ્ધનધારી રે;
તો તો દુષ્ટ રે'શે જખમારી, દુરિજન દુઃખ દીયે બહુ ભારીરે૦ ૨
પ્રભુ દાસ તમારા દુખાયે રે, દેખી દુરીજન હર્ષે ભરાયે રે;
સ્વામી તમથી ઇ કેમ સેવાયે, દુરિજન દુઃખ દીયે બહુ ભારીરે૦ ૩

રક્ષા કરશે નહીં અવિનાશીરે, બોલ્યા દુરિજન કરશે તો હાંસીરે;
જો જો ગરીબનિવાજ સમાસી, દુરિજન દુઃખ દીયે બહુ ભારીરે૦ ૪

પદ ૫૯ મું.

સ્વામી અરજી મારી માની લેજોરે, જાણી સેવકને ધ્યાન દેજો. ટેક.
મેં તો શરણ ગ્રહ્યું છે તમારૂં રે, તોએ દુઃખ ટળ્યું નહીં મારૂં રે;
પ્રભુ તમને ગમ્યું તે રે સારૂં, સ્વામી અરજી મારી માની લેજોરે૦ ૧
નિરદોષીને દુષ્ટ દમે છે રે, સ્વામી દાસ તમારા ખમે છે રે;
પ્રભુ તમને ઇ કેમ ગમે છે, સ્વામી અરજી મારી માની લેજો રે૦ ૨
હાથ જોડી કહું સ્વામી પાસે રે, પ્રભુ દાસ તમારા દુવાસે રે;
તેમાં તમને નફો સીયો થાશે, સ્વામી અરજી મારી માની લેજોરે૦ ૩
મેં તો કાઢ્યું નથી કેનું કરજરે, દાસ ગરીબ કરે છે આ અરજરે;
પ્રભુ એક તમારી છે ગરજ, સ્વામી અરજી મારી માની લેજોરે૦ ૪

બારમાસી.

પદ ૬૦ મું.

રટો રસના થકી હરિ નામ રે, પલ પાછી નાવે દેતાં દામ. ટેક.
કારતક કર્મ કરી શુભ લેવું રે, સતસંગતમાં ચિત્ત દેવું રે;
જેમ રામ રાખે તેમ રે'વું, રટો રસના થકી હરિ નામ રે૦ ૧
માગ માસે માની લેવું મારૂં રે, જેથી કારજ થાસે તારૂં રે;
નરદેહ છે મોક્ષનું બારૂં, રટો રસના થકી હરિ નામ રે૦ ૨

પોષે પ્રગટ કહું છું પોકારી રે, હવે શેષ આયુષ્ય છે તારી રે;
માટે ભજી લેને શ્રીગિરિધારી, રટો રસના થકી હરિ નામ રે૦ ૩
માઘે મોટપમાંય તું મો'યો રે, તેથી દાવ અમૂલખ ખોયો રે;
આંબો કાપી તેં બાવળ બોયો, રટો રસના થકી હરિ નામ રે૦ ૪
ફાગણ ફોકટ ફુલ્યો ફૂરે છે રે, મળ્યું મોતી ઘંટીમાં દળે છે રે;
મૂર્ખ હાથે કરીને મરે છે, રટો રસના થકી હરિ નામ રે૦ ૫
ચૈત્ર ચેતી લેને હવે ટાંણે રે, ભૂખ્યો શીદને રહે ભરે ભાણે રે;
પાછું મળશે નહી દીધે નાણે, રટો રસના થકી હરિ નામ રે૦ ૬
આવ્યો વૈશાખ તે વહી જાશે રે, પછી પસ્તાવો બહુ થાશે રે;
પુણ્ય પાપ રે'શે તારે પાસે, રટો રસના થકી હરિ નામ રે૦ ૭
જેઠે જોર ચાલે નહી તારું રે, જમકિંકર દેશે જયાં મારું રે;
ત્યારે થઇને રે'શે મુખ કારું, રટો રસના થકી હરિ નામ રે૦ ૮
આ તો ઋતુ આવી છે અસાડુ રે, બીજવાવી ભરી લેજે ગાડું રે;
તુંને આગળ આવશે આડું, રટો રસના થકી હરિ નામ રે૦ ૯
શ્રાવણ સતગુરુ કે'છે પોકારી રે, તારે માથે છે જોખમ ભારી રે;
સતસંગ છુટાની છે બારી, રટો રસના થકી હરિ નામ રે૦ ૧૦
ભેદ ટાળીને બ્રહ્મ ભજી લે રે, દેહ ભાવ દુરી કરી દેને રે;
તું તો સહુ માંહે સરખો રે'ને, રટો રસના થકી હરિ નામ રે૦ ૧૧
આસુ માસે આવે તુંને આણું રે, એક પલભર ચૂકે ન ટાણું રે;
ગાવા બદલે રોશે કેડે કાણું, રટો રસના થકી હરિ નામ રે૦ ૧૨

પુરુષોત્તમ પાછો ન આવે રે, જેનાં ભાગ્ય હશે તેને ભાવે રે;
દાસ ગરીબ તેના ગુણ ગાવે, રટો રસના થકી હરિ નામ રે.૧૩

પદ ૬૧ મું.—રાગ રાસડાનો.

પરમાતમ સહુથી પાર, વેદ વખાણે રે;
છે પ્રાણ તણા આધાર, વીરલા જાણે રે. ૧
વા'લો વ્યાપક પિંડ બ્રહ્માંડ, સૌના સ્વામી રે;
છે નિરગુણ અકલ અખંડ, અંતર જામી રે. ૨
જગ ઉપજાવ્યો તે આપ, પાલન કરશે રે;
સખી જપવો તેનો જાપ, કારજ સરશે રે. ૩
છે અધમ ઓધારણ નાથ, સઉના બેલી રે;
સખી કરવો તેનો સાથ, સરવે મેલી રે. ૪
આ તો અવસર આવ્યો આજ, કારજ કરવું રે;
પછી મળશે નઈ આ સાજ, ફોકટ ફરવું રે. ૫
આ મનુષા દેહનો લાભ, સમજી લેવો રે;
શુભ ગુણની ભરીને છાબ, સંતને સેવો રે. ૬
આ જીવતર છે દીન ચાર, સમજી રે'વું રે;
શિરપર તાકે છે કાળ, હરિ હરિ કે'વું રે. ૭
ગુણ ગાવા દીધી જીભ, ભગવત ભજવા રે;
એમ કહે છે દાસ ગરીબ, શુભગુણ સજવા રે. ૮

પદ ૬૨ મું.

સખી મળ્યો છે આ દાવ, વઇને જાશે રે;
લ્યો હરિ ભજવાનો લાવ, સુખ બહુ થાશે રે. ૧

સખી પંચ ભૂતનો દેહ, આખર પડશે રે;
થઈ જાશે સરવે ખેહ, ચેહમાં બળશે રે. ૨
સખી પાપ કર્મમાં પ્રીત, કદી નવ કરવી રે;
છે હરિજનની ઇ રીત, ટેક ન ટરવી રે. ૩
સમજીને કરવું કામ, શરણે જઇને રે;
ભજવા તે સુંદર શ્યામ, હરિ જન થઇને રે. ૪
દુર્બુદ્ધિને કરવી દૂર, સુદ્ધ વિચારી રે;
આ ભવસાગરનું પૂર, વહે છે ભારી રે. ૫
કોઇ આજ ગયા કોઇ કાલ, નહી રહેવાના રે;
વૃદ્ધ જોબન ને છે બાળ, સરવ જવાના રે. ૬
સખી અચરજ જેવી વાત, મુજને લાગે રે;
શિર ઉપર મોટી ઘાત, જરીએ ન જાગે રે. ૭
સખી મળીયો સુંદર સાજ, ભજ ગિરિધારી રે;
હરિ ગરીબ તણા છે નિવાજ, લેશે તારી રે. ૮

પદ ૬૩ મું.

સતગુરુએ કીધી શાન, સુધ સમજાવ્યું રે;
આપ્યું છે આતમજ્ઞાન, મનમાં ભાવ્યું રે. ૧
સમજાવ્યો કહીને ભેદ, જીવ ઈશ્વરનો રે;
ગુરુ સંશય કરીયો છેદ, ક્ષર અક્ષરનો રે. ૨
ગયું અંતરનું અજ્ઞાન, થયું અજવાળું રે;
જોયું મનમાં કરીને ધ્યાન, તેજ તમારું રે. ૩

મેં તો જાણ્યું દ્વારકા માંયે, દર્શન થાશે રે;
ફરતાં મળીયા નહી કયાંય, પ્રગટ્યા પાસેરે. ૪
પ્રભુ પુણ્યતણે પ્રતાપ, મળીયા આજે રે;
મેં કરીયા નહી કાંઇ જાપ, હરિને કાજે રે. ૫
છે આતમ સરવે એક, સંશય હરતા રે;
એવી મનમાં રાખો ટેક, હરતા ફરતા રે. ૬
હરિ હરદમ હિરદા માંયે, હાજર રહે છે રે,
જેનાં દર્શનથી દુઃખ જાય, વેદ કહે છે રે. ૭
સખી અનુભવથી સુખ થાય, શાન કરી છે રે;
દાસ ગરીબ સરવે માંયે, એક હરિ છે રે. ૮

પદ ૬૪ મું.

સખી સાંભળને કહૂં વાત, છે અનુભવની રે;
દુઃખ થાયે સરવે નાશ, વાર ન લવની રે. ૧
સમજુને છે બહુ સેલ, મુરખ ન જાણે રે;
છે અટપટીઓ આ ખેલ, અનુભવી માણે રે. ૨
સુખ સાગર સરવે માંયે, ગુપ્ત રહે છે રે;
એ સતગુરુથી સમજાય, વેદ કહે છે રે. ૩
સખી સરવે રહ્યા સમાય, મારો સ્વામી રે;
જળ થળમાં દેખો જાય, છે બહુ નામી રે. ૪
ઘટ ઘટમાં છે ઘનશ્યામ, અંતર જામી રે;
નહીં હરિ વિન્યા કોઈ ઠામ, વસ્તુ છાની રે. ૫

સખી ઘડીયા નાના ઘાટ, નામ અનેક રે;
પડી બીબાં વડીયે ભાત, વાસ્તવ એક રે. ૬
કરી જાત ભાત ને નાત, કલ્પિત સારી રે;
એવી અદ્દ્ભુત છે આ વાત, સૌથી ન્યારી રે. ૭
સખી શાંન વડે સમજાયે, નજરે નાવે રે;
દાસ ગરીબ તો સુખ થાયે, નીજ ઘર આવે રે. ૮

પદ ૬૫ મું–રાસનો રાગ.

જાય છે જાય છે જાય છે રે, તારું જોબન ચાલ્યું જાય છે. ટેક.
આશા નદી ભરપૂર વહેછેરે, તૃષ્ણાનાં પૂરમાં તણાય છેરે. તા૦
પ્રભુ ભજનને મુકી કરીનેરે, વ્રથા બેઠો શું ફુલાય છેરે. તા૦
જંગલમાંયેથી જીતીને આવ્યોરે, વસ્તીમાં શીદને લુંટાય છેરે. તા૦
સ્વારથમાંય તો સામું ચડે છેરે, મુક્તિને મારગે મુંજાય છેરે. તા૦
મનુષ્યદેહનો મર્મ ન જાણ્યોરે, કોડીનાં ભાવમાં કુટાય છેરે. તા૦
સુત વિત્ત દારા દેખી કરીનેરે, લંપટ મન લલચાય છેરે. તા૦
સંત પુરુષને શરણે જાતાંરે, દાસ ગરીબ શું થાય છેરે. તા૦

પદ ૬૬ મું.

ખાય છે ખાય છે ખાય છેરે, તારા ઘટમાં બેઠો કાળ ખાય છેરે. ટેક.
પ્રભુને ભજતાં દામ ન બેસેરે, તુંને નામ લેતાં શું થાય છેરે. તા૦
ભાવે કરીને ભોજન કરજેરે, આ કારજમાં પીરસાય છેરે. તા૦
અભાગીયા તું આળસ કરમાંરે, તારી પળ પીયારી જાય છેરે. તા૦
માયાના મદમાં માતો ફરે છેરે, તું ભોગો દેખી ભરમાય છેરે. તા૦

નવરો થઇને નામ ન લીધુંરે, સાધુ દેખીને શરમાય છેરે. તા૦
જોબન તારું જાતું રહ્યું છેરે, હવે કાયા તારી કરમાય છેરે. તા૦
દાસ ગરીબ આ મનુષ્ય દેહનોરે, આતમ વેદે વંચાય છેરે. તા૦

પદ ૬૭ મું.

કરજે કરજે કરજે રે, જીવ સંત સમાગમ કરજે. ટેક.
સાકુટનો તું સંગ મુકિનેરે, હરિ ભજન માંય ભરજેરે. જી૦
ભલાઇમાં તું ભાગજ રાખજેરે, તું દુષ્ટ કરમથી ડરજેરે. જી૦
દેવા ન હોય તો દયાજ રાખવીરે, તું ધ્યાન ધણીનું ધરજેરે. જી૦
સંત પુરુષનું સંગ કરીનેરે, દુરિજનથી દુર ટરજેરે. જી૦
પરમેશ્વરમાં પ્રેમ કરીને રે, સંસારસાગર તરજે રે. જી૦
ચતુર થૈને ચેતી લે ટાંણેરે, તારે માથે બેઠો કાળ ગરજેરે. જી૦
દાસ ગરીબ છે જોખમ ભારીરે, તું સાવધાન થઇને ફરજેરે. જી૦

પદ ૬૮ મું.

પડશે પડશે પડશેરે, આ દેહ ધર્યું તે પડશે. ટેક.
જન્મ ધર્યો તે જરૂર જાશેરે, કોટિ ઉપાયથી ન ટરશેરે. આ૦
મૂરખ મનખો હારીને જાશેરે, ઇતો જૈને ચોરાસી ભરશેરે. આ૦
હરિના જન તો હરિ ભજીનેરે, આ ભવસાગરથી તરશેરે. આ૦
કાલસાંચાણો માથે ફરે છેરે, આવી અચાનક ધરશેરે. આ૦
આજ કાલ કરતાં આયુષ ખુટીરે, તારું કારજ કેમ સરશેરે. આ૦
ચક્રવર્તી કંઈ ચાલી ગયા છેરે, જે મોટા મોટા અકબર છેરે. આ૦
નિંદક નરકે જઇને પડશેરે, તેમાં દાસ ગરીબ શું કરશેરે. આ૦

પદ ૬૯ મું.

કર માં કર માં કર માંરે, જીવ કુડાં કરમ તું કર માં. ટેક.
લક્ષ ચોરાસી ફરીને આવ્યોરે, પાછો ફેરો હવે ફર માંરે. જી૦
સુકૃત સારાં મૂકી કરીનેરે, ભૂંડાઈ માંયે તું ભર માંરે. જી૦
હાલ વખત છે હાથમાં તારેરે, દુરિજનથી તું ડર માંરે. જી૦
જમરા પાસે જોર ન ચાલેરે, તું ઘોરું કરે છે ઘરમાંરે. જી૦
સત્ય અસત્યનો વિચાર કરજેરે, દીવો લઈ કુવે પડ માંરે. જી૦
ચાર દિવસનું જીવતર તારુંરે, શું બેઠો બોલે છે બરમાંરે. જી૦
દાસ ગરીબ કહે પ્રભુ ભજી લેરે, હવે હાથે કરીને મર માંરે. જી૦

પદ ૭૦ મું.

ઘાત છે ઘાત છે ઘાત છે રે, તારે માથે મરણની ઘાત છે. ટેક.
ભુલો તો ભવસાગરમાં જાશેરે, આગળ ચોરાસી ખાત છેરે. તા૦
નામ ધર્યું તે નથી રે'વાનુંરે, આખર સરવે પાત છેરે. તા૦
કોણ હતો ને ક્યાંથી તું આવ્યોરે, પાછો જવાનો કોણ સાથ છેરે. તા.
સતગુરુ સાને સમજી લેજેરે, હજી બાજી તારે હાથ છેરે. તા૦
મૂળ વિચાર તું કરીને જોજેરે, આ જીવતણી શું જાત છેરે. તા૦
સગું કુટંબ કોયે સાથ ન ચાલેરે, આગળ અંધારી રાત છેરે. તા૦
દાસ ગરીબ કહે હરિ ભજી લ્યોરે, બીજી બધી પરતાત છેરે. તા૦

પદ ૭૧ મું–રાગ રાસનો.

સ્વામી સેવકની રે હો પ્રીતિ, જેવી ચંદ્ર ચકોરની રીતિ;
ધ્યાન ન ચૂકે રે હો જરીયે, અળગા મુકે નહી એક ઘડીયે. ૧

અંતર આરત રે હો જાગે, માછલું પાણી વિના પ્રાણ ત્યાગે;
સેવક સ્વામી રે હો એવા, બીજા વેશ ભવૈયા જેવા. ૨
પ્રીત અંરતની રે હો સાચી, સ્વામી સંગે રે'વું એમ રાચી;
કારજ ત્યારે રે હો સરશે, નૈતર ફોકટ ફેરો પડશે. ૩
શાને સમજી રે હો રે'વું, ચિત્તને ગુરુચરણમાં દેવું;
અવસર નાવે રે હો પાછો, સાવધાન થૈને તનમાં તપાસો. ૪
સંત સમાગમ રે હો કરજો, અંતર આશાને પરહરજો;
સત ગુરુ કહે છે રે હો સાચું, બીજું સાધન સરવે કાચું. ૫
હરિજન થઇને રે હો રે'વું, સુખ દુઃખ સેજે આવે તે સ્હેવું;
દાસ ગરીબ લ્યો રે હો લાવો, અવસર પાછો ન આવે આવો. ૬

પદ ૭૨ મું.

હરિ ભજવાનો રે હો વારો, સરવે સાજ મળ્યો છે સારો;
અવસર વીતિ રે હો જાશે, જીવને કાલ અચાનક ખાશે. ૧
ફોકટ ફેરો રે હો પડશે, આવો દાવ ફરી નહી મળશે;
નર દેહ પામ્યો રે હો આજે, મળીયો હરિ ભજવાને કાજે. ૨
કારજ કરવું રે હો ટાંણે, કાળની ગતિ કોય નવ જાણે;
આવી અચાનક રે હો લેશે, સરવે સંબંધી અળગાં રે'શે. ૩
કોયની ન ચાલે રે હો કારી, કાલની ગતિ સરવથી ન્યારી;
નામ ધર્યું તે રે હો નાશે, જનમ્યા તેને જરૂર લઈ જાશે. ૪
દેવ ઈંદ્રાદિક રે હો એવા, બ્રહ્માવિષ્ણુ મહેશ્વર જેવા;
પિંડ રચ્યું તે રે હો પડશે, કારજ કારણમાં જઈ મડશે. ૫

પરલે થાશે રે હો કાયા, રે'શે એક અખંડ અજાયા;
દાસ ગરીબના રે હો સ્વામી, વ્યાપક સરવે અંતરજામી. ૬

પદ ૭૩ મું.

અંતર માંય છે રે હો પોતે, આતમ અનુભવ નજરે જોતે;
એ સમજણ છે રે હો સાચી, કાયા માયા છે સરવે કાચી. ૧
મૃગ કસ્તુરી રે હો પાસે, સમજણ નહી સુંઘે જઈ ઘાંસે;
અચરજ જેવી રે હો વાતું, પોતા પાસે નથી પરખાતું. ૨
દેશ વિદેશે રે હો ગોતે, જલથલ વ્યાપક વસ્તુ પોતે;
અનુભવી હોય તે રે હો જાણે, સાને સમજીને સુખ માણે. ૩
નજરે ન આવે રે હો કેને, સમજે સાચા હરિજન તેને;
વ્યાપક સરવે રે હો વા'લો, પ્રેમને પાસે કરીને ઝાલો. ૪
અખૂટ ધન છે રે હો આગે, સમજ્યા વિના ઘરો ઘર માગે;
એ ભુલવણી રે હો ભારી, વ્યાપક વસ્તુ સહુથી ન્યારી. ૫
વિવેક વિચારે રે હો લાધે, શમદમ સાધન સરવે સાધે;
દાસ ગરીબ દ્રવ્ય રે હો ધર્મા, પારસપાસે બીજે તું ફર માં. ૬

પદ ૭૪ મું.

જુવોને વિચારી રે હો જુગતિ, આતમજ્ઞાનવિના નહી મુક્તિ;
રવિથી રજની રે હો જાશે, નવ લક્ષ તારા થકી નહી નાશે. ૧
અવિદ્યા અંધારું રે હો ભારી, સાધન કોટી શકે નહી હારી;
અંતર આવ્રણ રે હો કરશે, આતમઅર્ક થકી દૂર ટરશે. ૨
અન્ય ઉપાય છે રે હો એવા, પાડો માંદો પખાલ ડાંભ દેવા;

રોગ ન નાશે રે હો એનો, રાફડો કુટે સરપ મરે શેનો. ૩
અગમ અગોચર રે હો દેશ, જ્યાં કણ પોંચે નહી ધરી વેશ;
ભાન ભૂલ્યા છે રે હો પોતે, પરગામ જઇને ઘરને ગોતે. ૪
કોણ બતાવે રે હો તેને, સહુ કોય મુરખ કહે છે એને;
ભુલ પડી છે રે હો ભારી, માથે રાત અવિદ્યા અંધારી. ૫
દિશ ફેર થઈ છે રે હો એની, માને સાચી શિખામણ શેની;
સતગુરુ સાચા રે હો મળશે, ત્યારે દાસ ગરીબ ભ્રમ ટળશે. ૬

પદ ૭૫ મું—રાગ આશા ગોડી.

સંત સમાગમ કરજે, સમઝ મન સંત સમાગમ કરજે. ટેક.
આયુષ્યની અવધિ કરી આવ્યો, ગફલતમાં તું મ ફરજે. સમઝ૦
હરિ ગુરુ સંતને સેવી કરીને, ભવસાગરથી તરજે. સમઝ૦
આરે જગતમાંહે જશ લઈ લેજે, દુષ્ટ કરમથી ડરજે. સમઝ૦
સગું રે કુટંબ કોય સંગ ન ચાલે, મોહમાયાથી ટરજે. સમઝ૦
દાસ ગરીબ પળ પાછી ન આવે, ધ્યાન ધણીનું ધરજે. સમઝ૦

પદ ૭૬ મું.

નિશ્ચે જાવું પડશે, જગતમાંયથી નિશ્ચે જાવું પડશે. ટેક.
જન ધન જોબન રંગ પતંગી, કાલ અચાનક હરશે. જગ૦ ૧
સુત વિત દારા સરવે તારા, અંતે સાહે ન કરશે. જગ૦ ૨
સંગી સરવે સ્વારથનાં છે, દુઃખ સમે દૂર ટળશે. જગ૦ ૩
શિરપર તારે કાળ ફરે છે, આવી અચાનક ધરશે. જગ૦ ૪
દાસ ગરીબ પ્રભુ સત્યના સાથી, દુરિજનથી દૂર ટરશે. જગ૦ ૫

પદ ૭૭ મું.

માન શિખામણ મારી, મુરખ મન માન શિખામણ મારી. ટેક.
આરે જગતમાંય જીવન થોડું, કારજ કરજે સંભારી. મુ૦ ૧
હરિજન થઇને હરિને ભજી લે, પળ તો જાય છે પીયારી. મુ૦ ૨
રામ રટન કર રસના આપી, અમૃત વચન ઉચારી. મુ૦ ૩
ભવ તરવાનો સાજ મળ્યો છે, મનખો લેજે સુધારી. મુ૦ ૪
દાસ ગરીબ મન પ્રભુને ભજી લે, જીવતર છે દીન ચારી. મુ૦ ૫

પદ ૭૮ મું.

રામ રટન કર ભાઈ, મનવા તું રામ રટન કર ભાઈ. ટેક.
મનખા દેહનો મોકો મળ્યો છે, હરિ ભજ મન હરખાઈ. મ૦ ૧
સમજુ થઇને સુમરન કરજે, વેળા જાય છે વિલાઈ. મ૦ ૨
માતા પિતા કુળ કુટંબ કબીલો, સ્વારથની છે સગાઈ. મ૦ ૩
અંત સમે જ્યારે ઓખીરે પડશે, કોય કરે નહી સહાઈ. મ૦ ૪
દાસ ગરીબ દિલ સુધ કરીને, કરજે સાચી કમાઈ. મ૦ ૫

પદ ૭૯ મું—રાગ સોરઠી મલાર.

આંહી રહો રામ રસીયા રે, તમે આંહી રહો રામ રસીયા—એ રાગ.

રામ હૃદયમાંય વસીયારે, મારા રામ હૃદયમાંય વસીયા.
પ્રભુ પ્રેમ તણા છો રસીયારે, મારા રામ હૃદયમાં વસીયા. ટેક.
દુર્યોધન ઘર મેવા ત્યાગી, વા'લો વિદુર ઘર ધસીયારે.
મારા રામ હૃદયમાંય વસીયા. ૧

સીવરીનારે સ્વામી બોર આરોગ્યાં, ફૂલ દેખી પ્રભુ ફૂસીયારે;
મારા રામ હૃદયમાંય વસીયા. ૨
અનેક ભકતને આગે ઓધાર્યાં, પ્રથમ પ્રભુ તમે કસીયારે;
મારા રામ હૃદયમાંય વસીયા. ૩
દાસ ગરીબ પ્રભુ સત્યના સાખી, દુરિજનથી દૂર ખસીયારે;
મારા રામ હૃદયમાંય વસીયા. ૪

પદ ૮૦ મું.

રામ રટન કોય કરશે રે, પ્રાણી રામ રટન કોય કરશે;
એ તો ભવસાગરથી તરશે રે, પ્રાણી રામ રટન કોય કરશે. ટેક.
જન ધન જોબન રંગ પતંગી, ઘડી પલકમાંય ટળશેરે;
પ્રાણી રામ રટન કોય કરશે. ૧
દાનવ માનવ દેવ ઈંદ્રાદિક, દેહ ધર્યું તે પડશેરે;
પ્રાણી રામ રટન કોય કરશે. ૨
પૂર્વ માંહે રે જેણે પુણ્ય કર્યાં છે, સત સંગત તેને મળશેરે;
પ્રાણી રામ રટન કોય કરશે. ૩
દાસ ગરીબ કહે પ્રભુ ભજી લ્યો, કારજ ત્યારે સરશેરે;
પ્રાણી રામ રટન કોય કરશે. ૪

પદ ૮૧ મું.

રામ રટન તુમ કરના રે, મન રામ રટન તુમ કરના;
ખાલી ફોકટમેં નહી ફિરના રે, મન રામ રટન તુમ કરના. ટેક.
જોર જુલમ તુમ મત કરો પ્યારે, આખરકું હૈ મરનારે;
મન રામ રટન તુમ કરના. ૧

સત્ય વસ્તુકા સુમરન કરેહે, દુરિતસેં તુમ ડરનારે;
મન રામ રટન તુમ કરના. ૨
શમ દમ સાધન સંપન હોય હે, જ્ઞાન હિમાલય ગિરનારે;
મન રામ રટન તુમ કરના. ૩
દાસ ગરીબ દાવ ફીર ન આવે, ભવસાગરસેં તિરનારે;
મન રામ રટન તુમ કરના. ૪

પદ ૮૨ મું.

રામ રટન કર રસના રે, અબ રામ રટન કર રસના;
તુમ ફ્રીકટમેં નહી ફસનારે, અબ રામ રટન કર રસના. ટેક.
બહુત કાલ તુમ ભોગહી ભોગે, ઓર કરે સબ અસનારે;
અબ રામ રટન કર રસના. ૧
જપ વ્રતાદિક સાધન કરેહે, અપને મનકું કસનારે;
અબ રામ રટન કર રસના. ૨
પ્રપંચસેં તુમ પ્યાર ન કરના, સતસંગમેં જાય બસનારે;
અબ રામ રટન કર રસના. ૩
દાસ ગરીબ અબ દાવ બન્યો હે, હરદમ નહી તુમ હસનારે;
અબ રામ રટન કર રસના. ૪

થાળનાં પદો.

પદ ૮૩ મું—રાગ ધનાશ્રી.

પ્રેમે કરો પયપાન, જગતપતિ પ્રેમે કરો પયપાન. ટેક.
દુર્યોધન ઘર મેવા ત્યાગી, ભાજી જમ્યા ભગવાન. જગત.

ભક્ત નામદેવનાં દુધ પીધાં, તે તો હરી પ્રભુ ધ્યાન. જગત.
તજ એલચી માંયે મીસરી નાંખી છે, મનગમતા મિષ્ટાન. જગત.
પૂરણ કામ પ્રભુ સદા ત્રપત છો, ભક્તોનાં રાખ્યાં માન. જગત.
સુંદર જળ સ્વામી આચમન કીજે, મુખવાસ બેડલાં પાન. જગત.
દુર્બળ દાસી હું અરજ કરૂં છૌં, માની લેજો ઘનશ્યામ. જગત.
શ્રીગુરૂ ઈશ્વરચરણ કમલપર, દાસ ગરીબ કુરબાન. જગત.

પદ ૮૪ મું.

મેવા જમો મહારાજ, પધારો સ્વામી મેવા જમો મહારાજ. ટેક.
સુંદર ફળ સ્વામી હાથે સુધારી, પ્રેમે ધરાવું હું આજ. પધારો.
સુપ સીતાફલ મધુર મનોહર, આરોગો વ્રજરાજ. પધારો.
દ્રાખ દાડમ પેર પેસ્તા બદામુ, શુભ બન્યો સર્વે સાજ. પધારો.
કિસમીસીયું ને રે કાજુ મંગાવું, કેળાં પ્રભુને રે કાજ. પધારો.
આંબા અનારસ આગે ધરાવું, જમો જગતના જાજ. પધારો.
પ્રેમે કરી પ્રભુ પાસે પધારો, રાખો સેવકની લાજ. પધારો.
દોય કરજોડી હું અરજ કરૂં છૌં, માની લ્યો ગરીબનિવાજ. પધારો.

પદ ૮૫ મું—રાગ ચાબખાનો.

ખુટલ મન ખોટામાં જૈ ખુચે રે, તેથી સારી સંગત નવ રુચે. ટેક.
ભુંડાઇનો તેં ભાર ઉપાડ્યો, હર્દમ હાથ દઇ મુછે. ખુ૦ ૧
સાઠ થયાં તોયે સમજણ નાવી, હજી તો મન મોટું છે;
કાળાં ટળીને ધોળાંજ આવ્યાં, બાકી હવે મરવું છે. ખુ૦ ૨
ખાલી ખરાબ થયો ખોટ ઉપાડી, હજી તે શું કરવું છે;
કહ્યું માની લે કલ્યાણ થાશે, ઉપર કાળ ચોટું છે. ખુ૦ ૩

રાવણ કૌરવ કંસ ગયા જે, ઈંદ્રથકી પદ ઉંચે;
દુર્યોધન દેવ દાનવ ગયા ત્યાં, તારો તે પાડ કોણ પુછે. ખુ૦ ૪
ભુલાઇમાં તું ભૂલો ફરે છે, ને અંતે આંસુ કોણ લુસે;
દાસ ગરીબ કહે કયું ન માને, જેનું અંતર અવળું છે. ખુ૦ ૫

પદ ૮૬ મું.

મન તું મુકી દે અવળી ચાલ, તારે માથે ફરે છે કાળ. ટેક.
પલ પીયારી જાય છે પ્રાણીયા, પેલી બાંધી લે પાળ. મ૦ ૧
અલ્પ આયુષમાં અવળું કરમાં, ને સવળામાં છે સાર;
શઠની સંગત કદી ન કરવી, એ હડકાયાની છે લાર. મ૦ ૨
હળી મળીને હરિ ભજી લ્યો, જીવતર છે દિન ચાર;
બાળ જોબન ગયું જરા આવી છે, હવે છે મોતની વાર. મ૦ ૩
સંગતે તરવું ને સંગતે મરવું, સંગતે જમની જાર;
સંગતે ધ્રુવને અવિચળ પદવી, પામ્યા પદારથ ચાર. મ૦ ૪
હરાડીનો જો સંગ કરે તો, કામ દુર્ગા ખાય માર;
દાસ ગરીબ કહે ઝાઝું શું કહીયે, સંગતિની બલિહાર. મ૦ ૫

પદ ૮૭ મું.

મન તું મુકી દે ખોટા ડોળ, તારે માથે છે જમનું જોર. ટેક.
હાલ વખત છે હાથમાં તારે, પછી પરાયાં ઢોર. મ૦ ૧
પાંચ પચીશ તો ગયાં પ્રપંચમાં, પચાસની થૈ પોર;
હજી તો મનવા હરિ ભજે નહીં, કયાં સુધી છે ઘોડ. મ૦ ૨
હજારું માંયથી લાખું કમાણા, ને કોય કમાણા ક્રોડ;
ખજીના તો આંઈ ખડકયા રેશે, સંગે ન ચાલે મોર. મ૦ ૩

હદૈમ હુંડી ગલાસને લાલ ટેન, બતીયુંની છે બોર;
લાંપો તો આંહી લટકયા રે'શે, આગળ અંધારૂં ઘોર. મ૦ ૪
હાય હાય કરતાં ને હલાખ મળતાં, જાય છે આઠો પોર;
દાસ ગરીબ કહે હરિ ભજી લ્યો, નૈતર થાશે રોર. મ૦ ૫

પદ ૮૮ મું.

જીવ તારે માથે જોખમ ભારીરે, માટે માન શીખામણ મારી. ટેક.
કંચન સરખી કાયા તારી છે, દેશે અગન જારી રે. જી૦ ૧
ભાઈ ભાઈ કરતાં ને ભેળાજ ફરતા, કરતા સહુચારી;
કાળ ઝપાટો લાગશે ત્યારે, ન ચાલે કોય કારી રે. જી૦ ૨
જનમ્યા તે તો જરૂર જાશે, રંક રાય ને શાહુકારી;
સત્સંગતને હરિ ભજયા વિના, બીજી નથી બારી રે. જી૦ ૩
મેડીના પાયા ઉંડા નાંખ્યા છે, મુકી છે ફરતી જારી;
પલંગ તો આંહી પાથર્યા રે'શે, ચો' ખડકાય તારી રે. જી૦ ૪
હેતે કરીને હરિ ભજી લે, કાળની ગત છે ન્યારી;
દાસ ગરીબ કહે દાવ બન્યો છે, જાય છે પળ પ્યારી રે. જી૦ ૫

પદ ૮૯ મું.

જીવ તું કમર લેને કસી, આવો અવસર નાવે પછી. ટેક.
અધિકારી જન આગળ ગયા છે, તેને તું લેને રસી. જી૦ ૧
પુરૂષારથમાં પાછું ન પડવું, ને ચડવું સામું ધસી;
દેવા ન હોય તો દયા જ રાખવી, જવાબ દેવો હસી. જી૦ ૨
ભુંડાં કરમમાં ભાગ જ રાખ્યો, ફોકટમાં ગયો ફસી;
લાલચમાં તું લટકી ર'યો જેમ, ઢીમર જાળમાં મસી. જી૦ ૩

મેઘાડંબરનાં છતર ચાલતા, દિગપાલ જાતા ત્રસી;
મરવાનું તો મનમાંય ને'તું, કાળે લીધા છે ગ્રસી. જી૦ ૪
અભ્યાગતને અન્ન ન આપે ને, રાખે છે એકાદશી;
દાસ ગરીબ કહે સમજ્યા નહી, પછી અવળું ગયું છે ઠસી. જી૦ ૫

પદ ૯૦ મું.

જીવ તેં ન જાણી ભક્તિ કરી, અટકળ વિના તે અવળી પડી. ટેક.
હરિ ગુરુ સંતની સાને ન સમજ્યો, મોટપમાં ર'યો અડી. જી૦ ૧
મન જાણે હું ભક્ત થયો છું, ભક્તિની ગત પરી;
લટકા કરીને લોકો રીઝાવે, એમ નવ રીઝે હરી. જી૦ ૨
સરવે આતમ દૃષ્ટિ કરવી, ઇ ભગતિ છે ખરી;
તેમાં તો મુરખ સમજ્યો નૈ પછી, અવરે ગયો છે ચડી. જી૦ ૩
સારું પદારથ સાકર છે પણ, ખર ખાય તો જાય મરી;
તેમ ભક્તિનાં રસનો મૂરખ, ભેદ નવ સમજે જરી. જી૦ ૪
સમજુને તો સવળું પડશે, ને મુરખ રે'શે બરી;
દાસ ગરીબ કહે કયું ઘણે પણ, શઠ નઈ મુકે છરી. જી૦ ૫

પદ ૯૧ મું.

મનવા મન મુખીયો થયો રઈ, સાચી સમજણ આવી નઈ. ટેક.
નરતાં કરમ જે નર્ક જવાનાં, સર્વ તેં કીધાં સઈ. મ૦ ૧
ઉત્તમ અવસર આવ્યો ઘણો પણ, વાતુમાં જાય છે વઈ;
સમજી લેતો સારું ઘણું છે, ઝાઝું શું કઇયે ભઈ. મ૦ ૨
મનુષ્ય દેહને પામ્યો ઘણો પણ, પશુની પેરમાં ગઈ;
હરિ ગુરુ સંતથી છેટા ફરે પછી, સમજાવે કોણ કઈ. મ૦ ૩

મુખથી કહે છે હું સહુથી મ્હોટો, ને મૂંછે હાથ જ દઈ;
સત્યને મારગે સામો ન ચાલે, ઉભો છે આડો થઈ. મ૦ ૪
હેતે કરીને હરિ ભજી લેને, આવી છે તારી તઈ;
દાસ ગરીબ કહે દવા ન લાગે, રોગ થઈ ગયો છે ખઈ. મ૦ ૫

પદ ૯૨ મું.

ભાઈ તું ભાતું લેજે ભરપૂર, તારે જાવું અતિશય દૂર. ટેક.
વટાવ સારુ વેપાર કરીયો, ને મુરગો ખોયું મૂર. ભા૦ ૧
હું કોણ છું ને આવ્યો કયાંથી, વિચાર કરવો જરૂર;
દુર્લભ તો નર દેહ મળી છે, જેને ઇચ્છે છે સૂર. ભા૦ ૨
બાળ જોબન ગયું જરા આવી, જેમ વે'તું જાય છે પૂર;
કાયા તારી છે કાચનો કુપ્પો, ક્ષણમાં થાશે ચૂર. ભા૦ ૩
ચતુર થઇને ચેતી લે પ્રાણીયા, કળિયુગ આવ્યો ક્રૂર;
હજી છે તારા હાથમાં બાજી, ભૂલો શું ભટકે ભૂર. ભા૦ ૪
હુંકારો કરતાં હજારું ઉઠતા, હાકમ રે'તા હજૂર;
દાસ ગરીબ કહે ઉડી ગયા જેમ, આક સરીખા તૂર. ભા૦ ૫

પદ ૯૩ મું.

મન તુ માની લેને મારું રે, જેથી કારજ થાય તારું. ટેક.
જન્મમરણનાં સંકટમાંયથી, નીકળ્યાનું બારું રે. મન. ૧
હાંસી ઠઠ્ઠામાં હર્ષ ઘણો છેને, લાગે છે બહુ સારું;
ધર્મના દૂત જ્યારે ધકા દેશે ત્યારે, કરશો મોં કાળું રે. મન. ૨
ક્ષણભંગુર છે શરીર તારું, ને પુણ્યની બાંધ પારું;
ઘડી પલકમાં ઉડી જાશે જેમ, દેવતામાં દારુ રે. મન. ૩

દેખા રે દેખી સરવે ચાલ્યા, ને હારુ ને હારુ;
એક બીજા પછી સરવે બૂડા, ન ત્રુટીયું લારુ રે. મન. ૪
સુખનું મૂલ સતસંગ મુકીને, ઝાલી બેઠો ડારું;
દાસ ગરીબ કહે આગળ તારી, કોણ કરશે વારુ રે. મન. ૫

પદ ૯૪ મું.

જીવને જમરા લઈ જાશેરે, પછી બહુ પસ્તાવો જ થાશે. ટેક.
દવ લાગા પછી કુવો ખોદાવે, અગનિ કેમ ઓલાશે રે. જી૦ ૧
સગાં સંબંધી સાથે મળીને, સમશાને લઈ જાશે;
ચે' ખડકીને બાળી દેશે, પછી વાંની ઉડે વાંસે રે. જી૦ ૨
હાથે ન દીધું ને હરિ ભજ્યા નહી, આખર પસ્તાશે;
ભાઇયું ભેળા થઈ ભોજન કરશે, કાગડા વાસ ખાશે રે. જી૦ ૩
માતાને ઉદર કોલ કરીને, છુટો છે નવ માસે;
બારે આવીને બુદ્ધિ ફરી ગઈ, બંધાણો મોહપાશે રે. જી૦ ૪
સંગી તારા સહુ ચાલ્યા જાય છે, તેને દેખી નવ ત્રાસે;
દાસ ગરીબ કહે પ્રભુ ભજ્યા વિના, તારા તે રોર થાશેરે. જી૦ ૫

પદ ૯૫ મું.

મૂરખ મન મોટપમાં ચડીયુંરે, હરિનું સમરણ નવ કરીયું. ટેક.
દોલત દેખી થયો દિવાનો, કર્મ તારું પ્રળીયું રે. મૂ૦ ૧
મનુષ્ય દેહનો મર્મ ન જાણ્યોને, પાપથી પેટ ભરીયું;
સતસંગતમાં ઘડી ન બેસે, બીજે કાઢે હડીયું રે. મૂ૦ ૨

ભામની જ્યારે ભૂષણ માગે, હરખ થકી કરીયું;
પરમારથમાં પૈસો દેતાં, મોઢું કરે મડીયું રે. મૂ૦ ૩
સગાં સંબંધી ઘરે આવે ત્યારે, ચુરમું લઈ તળીયું;
અતિથી આંગણે દેખી કરીને, અંતર ધાણ પડીયું રે. મૂ૦ ૪
અંત સમે કોય કામ ન આવે, સુતા નાખે છડીયું;
દાસ ગરીબ કહે ચેતી લે પ્રાણીયા, વાતું થાશે ખરીયું રે. મૂ૦ ૫

પદ ૯૬ મું.

અભાગીયા અંતર થયું અવળું રે, તેથી સુજે નહીં સવળું. ટેક.
સારી શીખામણ સંત બતાવે, તે તો લાગે કડવું રે. અ૦ ૧
સાઠ થયા તોય સમજણ નાવી, ને હજી કુડું કરવું રે;
પરપંચ કરતાં પાછું ન જોયું, સામે પૂરે ચડવું રે. અ૦ ૨
હરામ ખાવું ને હકે ન હાલવું, ભુંડાઈમાંય ભળવું;
છળ કપટ ને દગાબાજી કરી, પારકું દ્રવ્ય હરવું રે. અ૦ ૩
નાત જાતમાં તેં નામજ કાઢયું, ને કર્મ કરી અવળું;
હાથે કરીને હળવો થયો, હવે જોયે બૂડી મરવું રે. અ૦ ૪
કાલ સીંચાણો માથે ફરે છે, તેને દેખી ડરવું;
દાસ ગરીબ કહે સમજે સેના, જેને નરક પડવું રે. અ૦ ૫

પદ ૯૭ મું.

જોઈ લ્યો કલિયુગનો પોરો રે, જગતમાં પાખંડ થાય બોરો. ટેક.
હિંદુ ધરમને ત્યાગ કરીને, પૂજવા જાય લોરો રે. જો૦

સાધુ સેવકને સમજણ આપે ને, ઉપાધિ શીદ વોરો;
પોતાના પાસે ગાય ભેંસ બોરીને, ચડવા છે ઘોડો રે. જો૦
ભેદ જાણ્યા વિના ભેષજ લીધો, તે અંતરનો ભોળો;
મુક્તિનો તો મર્મ ન જાણ્યો, ચુરમા રયા ચોળો રે. જો૦
સંબંધીને તો સારું જમાડે ને, ઉપર ઘીનો હોરો;
ભુખ્યો દુખ્યો કોય આવે અભ્યાગત,કે'શે આ૦યો મોડોરે.જો૦
સતગુરુ કહે છે સરવે આતમ, સમજે નહીં બોડો;
દાસ ગરીબ કહે ખરી ખબર વિના,દરીયો શિદ ડોળો રે. જો૦

પદ ૯૮ મું.

આ તો કલિયુગની ક'ાણી રે, ધરમની થૈ ગઈ છેજ હાની. ટેક.
લોભીને પાસે લાખોની મૂડી, ને સતી ભરે પાણી રે. આ૦ ૧
દીકરીને પૈસે બાપજ પરણે, ને લાંચો લેવાણી;
સાટાં સોદામાં શૂરવીર થઇને, ઉભા છે ભેઠ તાણી રે. આ૦ ૨
ધરતી ઉપરથી ધર્મ ગયાને, વરસે નહી પાણી;
સંન્યાસી તો ધન મેળવા લાગ્યા, મોજું રહ્યા માણી રે. આ૦ ૩
ત્રિકાલ સંધ્યા અસ્તજ પામીને, બ્રાહ્મણ જાત ભટકાણી;
વર્ણાશ્રમના ધર્મ ગયાં ઇતો, આગમની વાણી રે. આ૦ ૪
અભ્યાગતને અન્ન ન આપે, ને નાતુંમાં થાય લાણી;
દાસ ગરીબ કહે ભરમે ભૂલા, ફરશે ચાર ખાણી રે. આ૦ ૫

પદ ૯૯ મું.

જીવ તું જરૂર જો જાગીરે, સંગી તારા સર્વે ગયા ભાગી. ટેક.
રાજા પરજા રંક ગયાને, જોગી જતી વઇરાગી રે. જી૦ ૧

સંપ્રદાયમાં દાય બળે છે ને, લોકોમાં લાય લાગી;
ભક્તો માંહે તો ભડકા બળે છે, ત્રિવિધ તાપ આગી રે. જી૦ ૨
નિષ્કામી થઇને નામ જ લેવું, પ્રપંચને ત્યાગી;
વાડો તોડીને વાટે થયા છે, તે શૂરવીર સાગી રે. જી૦ ૩
સાલ દુશાલા વાસકોટ પહેરતા, ઉપર સોનેરી પાગી;
લક્ષપતિ તો લાખુ ગયા, એના દેહ દીધા દાગી રે. જી૦ ૪
ચાર દિવસની ચાંદની દેખી, તેમાં થાવું નહી રાજી;
દાસ ગરીબ કહે દાવ મળ્યો છે, મુક્તિ લ્યો માગીરે. જી૦ ૫

પદ ૧૦૦ મું.

મુરખા મમતા થૈ બોળીરે, તારાથી આગળ જાય ઘોડી. ટેક.
ગામ ગરાસને ચાલે વખારું, તોય કહે છે થોડી રે. મુ૦ ૧
પગેથી પાળા પોતા નહી પછી, રાખી લીધી ઘોડી;
ઘોડી ઘોડીને થાકી ગયા પછી, ગાડું લીધું જોડી રે. મુ૦ ૨
તૃષ્ણામાં તો જાય તણાતા, ને પાછું જુવે નહી મોડી;
માલ હતો તે વામી દીધો હવે, ખાલી લકે હોડી રે. મુ૦ ૩
આકાર એનો અતિ ઉંચો છે, બ્રહ્મલોક લગ પ્હોરી;
દેવ દાનવ એ સર્વે બાંધ્યા, આશાની ડોરી રે. મુ૦ ૪
મનુષ્ય દેહનો મર્મ ન જાણ્યો, ને તૃષ્ણા નવ તોડી;
દાસ ગરીબ કહે ઉપર ઓપે, અંતરમાં હોળી રે. મુ૦ ૫

પદ ૧૦૧ મું.

પાણી ફાટા પેલું બાંધો રે, પાછળથી આવશે નહી સાંધો. ટેક.
જમરા જ્યારે જોખમ કરશે, ત્યારે થાશે ધાંધો રે. પા૦ ૧

પછી તો વઇદો ભેળા જ થાશે, ને દેહ પડશે માંધો;
સગાં કેશે હવે શક્તિ ઘટી ગઈ, થોડીક રાબ રાંધો રે. પા૦ ૨
હેતે કરીને હરિ ભજી લ્યો, તો આવશે નહી વાંધો;
પાછલ મરજી આવે તો ધોવે, કાંધીયાના કાંધો રે. પા૦ ૩
સંસારમાંય તું સઉથી મોટા ને, નામ ધર્યું ચાંધો;
કાલનું ચક્ર ઉપર ફરે છે, તું તો થયો આંધો રે. પા૦ ૪
નીમક હરામી થઇને બેઠો, માલ હરામનો ખાધો;
દાસ ગરીબ કહે હરિ ભજ્યા વિના, નર સરજે ગાધો રે. પા૦ ૫

પદ ૧૦૨ મું.

મન તું ફેરવી લે માળા રે, મુકી દે જગતના ચાળા. ટેક.
લક્ષપતિ તો લાખું ગયા, ગયા બાપ દાદા તારા રે. મ૦ ૧
હરદમ હાથી ઉપર બેસતા, ને ચાલતા નહી પાળા;
સમશાનમાં તે સમાઈ ગયા, એ મોટા હોદાવાળા રે. મ૦ ૨
ઉંચા રે મેહેલ બહુ અજબ રંગિલા, ફરતા ગોખ સારા;
બેસનારા તો ચાલ્યા ગયા, જેનાં હાલતા હીંડોળા રે. મ૦ ૩
સતસંગરૂપી ગંગા વહે છે, પ્રસિદ્ધ લોકમાં ધારા;
અભાગીયા જીવ ઓરા ન આવે, બેઠા ચુંથે ચાળા રે. મ૦ ૪
એક શેર લોટને કારણે તેં તો, બાંધ્યા છે પાપના ભારા;
દાસ ગરીબ કહે પરલોકમાં તુને, લાગશે બહુ ખારા રે. મ૦ ૫

પદ ૧૦૩ મું.

જગત છે ગોડીયાની બાજી રે, મુરખ મન દેખી શું થાય રાજી. ટેક.
ઝાંઝવાનાં નીર દેખવા માતર, કે છે પંડિત કાજી રે. જ૦ ૧

માયાની જાળમાં મુંજાઈ બેઠો ને, તૃષ્ણા થઈ તાજી;
સતગુરૂ સાચો સમજાવે પણ, સમજે નહી પાજી રે. જા૦ ૨
સંતસમાગમ કરતાં મૂરખ, મનમાં જાય લાજી;
હાંસી ખેલીને ઠઠ્ઠાબાજીમાં, વહી જાય રાત સાજી રે. જા૦ ૩
ચૌદ ચોકડીનું રાજ કર્યું ને, દેવલોક થયો આજી;
રાવણાદિકની સાહેબી મોટી, અંતે નવ છાજી રે. જા૦ ૪
આજકાલ કરતાં આયુષ્ય ખૂટે ને, જીવ થાય છે રાજી;
દાસ ગરીબ કહે ગરદન ઉપર, કાળ રહ્યો ગાજી રે. જા૦ ૫

દોહા.

લાય લાગી સઉ લોકમાં, સંપરદામાં દાય;
ભક્તોમાં ભડકા બળે, જવાળા એકજ થાય. ૧
ઘર મમતા માયા હતી, તેથી થઈ ગયા છુટ;
મઠરૂપે આડી પૂરી, બાંધી કીધા ટુટ. ૨

પદ ૧૦૪ મું–રાગ ચાબખા.

ઉપાધિ રાખવાના હેવા રે, તેને માની બેઠા સેવા. ટેક.
હાલ વખત જે ભેખ થયા તે, ઘણાખરા એવા રે. ઉ૦ ૧
ગાયું ભેંસું ને રાખે બળધીયા, સાંતેડા જાય ખેડવા;
ખળા ખેતર ને વાડી વાવે જાય, બાવાજી ભાત દેવા રે. ઉ૦ ૨
સંસારીને કહે સર્વે ખોટું ને, ઉપાધિ ઘો રે'વા;
પોતાનું જો કોય પાન તોડે તો, કોરટે જાય કે'વા રે. ઉ૦ ૩

વાકય ચાતુરી બહુ વાપરે ને, બોલે બાલીષ્ટર જેવા;
ગળા સુધી તો ગચી ગયા જાય, બીજાને બોધ દેવા રે. ઉ૦ ૪
તાણુ પેટા કરી તણાઈ રહ્યા પછે, લોકોમાં જાય લેવા;
દાસ ગરીબ કહે ભેખ લીધો તોય, એવા ને એવા રે. ઉ૦ ૫

પદ ૧૦૫ મું.

મૂરખ નર સુતો જ્યારે મરવારે, તેડાવે પંડિત પાઠ કરવા. ટેક.
પથરનાં નાવ ઉપર બેસી, દરીયો જાય તરવા રે. મૂ૦ ૧
હરિ ગુરુ સંતને દરશન જાતાં, ગુડા માંડે ગળવા;
અંત સમે ભાલ તિલક કરાવે, ફોકટ વેશ ધરવા રે. મૂ૦ ૨
સંત સમાગમ મુકી કરીને, ફોકટ જાય ફરવા;
મતિહીણા નર માને નહીં, એના કારજ કેમ સરવા રે. મૂ૦ ૩
ત્રાણ હાલે ને નાડુંજ તુટે, ગાત્ર માંડે ગળવા;
હાથ આવી પળ ખોઈ કરીને, બેઠો ધોંખો કરવા રે. મૂ૦ ૪
વેદવચનથી અવળા ચાલે, ને પાપથી પેટ ભરવા;
દાસ ગરીબ કહે મન મુખીયા નર, અંતે નરક પડવારે. મૂ૦ ૫

પદ ૧૦૬ મું.

પુરવનાં પૂણ્ય જેનાં ફળશે રે, સમાગમ તે નરને મળશે. ટેક.
સતસંગતને હરિ ભજી કરી, ભવસાગર તરશે રે. પૂ૦ ૧
અભાગીયા નર અળગા રેહેશે, ને છેટા છેટા ફરશે;
સાધુ રે સંતની નિંદા કરીને, નરકે જઈ પડશે રે. પૂ૦ ૨

હરિજન સરવે હળીમળીને, હરિભજન કરશે;
કર્મહીણા જીવ દેખી કરીને, ખાલી બેઠા બળશે રે. પૂ૦ ૩
મનમુખીયા જીવ માને નહી, પણ ખરે ખબર પડશે;
કંઠ પાશ જ્યારે જમરા દેશે, ત્યારે ધોખો કરશે રે. પૂ૦ ૪
શુભ અશુભ જે કર્મ કર્યાં તે, ફળ આગળ જડશે;
દાસ ગરીબ કહે અંત સમે, તારી વારે કોણ ચડશે રે. પૂ૦ ૫

—※※※※※※※※※※※※—

આત્મજ્ઞાન વિષે.

પદ ૧૦૭ મું—રાગ ચાબખા.

આતમ ધન તનમાં છે તારે રે, ભૂલીને શીદ ભટકે છે બારે. ટેક.
કસ્તુરી મૃગ નાભિમાં છે પણ, જઈ વળગે જાળે રે. આ૦ ૧
કૃશાનુ કાષ્ઠ માંહી વસે, પણ મથવાથી બાળે;
દુધ માંહી જેમ ઘૃત રહ્યું છે, વીરલા કોય તારે રે. આ૦ ૨
તલમાંહી જેમ તેલ રહ્યું છે ને, ઉષમાં રસ ભારે;
તંતુમાં વસ્ત્ર લોહમાં શસ્ત્ર, તેમ જીવ બ્રહ્મ ધ્યારે રે. આ૦ ૩
જન્મ મરણ ને જરાવ્યાધિના, દુઃખ શીદ તું ધારે;
સતચિદ આનંદ સમજી લેને, નામરૂપથી પારે રે. આ૦ ૪
કડાં કુંડળ ને વેઢ વીટીયુમાં, એક સોનું સારે;
દાસ ગરીબ કહે એકરસ પૂરણ, ભાતું પડી ઢારે રે. આ૦ ૫

પદ ૧૦૮ મું.

પરિબ્રહ્મ પિંડમાં છે પોતે રે, જાણ્યા વિના જીવ થઇ
તેજ ગોતે. ટેક.

શ્રુતિ સ્મૃતિ સરવ કહે છે, સચ્ચિદાનંદ સ્વોતે રે. ૫૦ ૧
ખટ વિકાર મય સ્થૂલ શરીર છે, તે મરશે મોતે;
અખંડ આત્મા અવિનાશી છે, અનુભવથી જોતે રે. ૫૦ ૨
અજ્ઞાને કરી અળગો રહ્યો છે, છતે સાધન હોતે;
રસ રોટલી તે ક્યાંથી જમે, બીજ બાવળનું બોતે રે. ૫૦ ૩
બ્રહ્મવેત્તાશું ભેદ ન લીધો, ખાલી ખોયો મનખો તેં;
કાગા ધાગા કાળા મટે નહી, સો મણ સાબુ ધોતે રે. ૫૦ ૪
ભરવાડ સરખા ભેદ વાદીના, સંગથી રહ્યો રોતે;
દાસ ગરીબ કહે દુધ ક્યાંથી હોય, વંઝી ગાય દોતે રે. ૫૦ ૫

દોહા—દ્વિતીય ભાગ પૂરણ ભયો, બની ભજનકી માળ;
હરિજનકે હ્રદય વસે, દેખિ ડરત હે કાળ. ૧

(૨)

સંવત્ વસુ રસ ગ્રહ શશી, માસ જન્મ જેહી રામ;
શુક્લ પક્ષ બુધ જાણિયે, લખી અંક ગતિ વામ. ૨

ઇતિ શ્રીમહારાજ ગરીબદાસજી વિરચિતમ્ શ્રી ભજનમાળા દ્વિતીય ભાગ ભાષા કાવ્યં સંપૂર્ણમ.

સંવત્ ૧૯૬૮ ચૈત્ર શુદિ ૯ બુધવાર, વિક્રમાદિત્ય—કુકમા કચ્છ.